# અમૃત કથાઓ

શ્રી. એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

# અમૃતકથાઓ

લેખક : યશવન્ત મહેતા

સ્નેહી શ્રી ......................................................

અહીં પ્રસ્તુત પ્રસંગ - ચિનગારીઓ કરોડો ગુજરાતીઓ માટે ક્યાંક ને ક્યાંક જીવનપથ-ઉજાળનાર બની રહે એવી આશા છે. અંતરની શુભકામનાઓ સહ .....

સપ્રેમ
મંગળભાઈ પી. પટેલ
મૂકેશ એમ. પટેલ

**શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**

૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
**અમદાવાદ - ૩૮૦ ૦૧૩**
ફોન નં. : ૨૭૫૫ ૧૫૬૪, ૨૭૬૮ ૨૩૧૦

# અમૃતકથાઓ

* લેખક : યશવન્ત મહેતા

* પ્રથમ પ્રકાશન : નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, અમદાવાદ દ્વારા પ્રકાશિત ૧ થી ૪ ભાગમાંથી સંકલન

* પ્રસ્તુત પ્રકાશન : ઑગસ્ટ, ૨૦૦૮

* પ્રકાશક : શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી
મૂકેશ એમ. પટેલ
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
સરદાર પટેલ કૉલોની રેલવે ક્રૉસિંગ પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

* મૂલ્ય : સદ્ભાવ-સુવાચન-સદુપયોગ

* પ્રકાશન-આયોજન : મુકુન્દ શાહ, ફોન : ૨૬૬૦૦૯૫૯

* ડિઝાઈન : નીલેષ દવે, ફોન : ૨૬૫૭૯૭૫૫

* આવરણ-તસવીર : મૂકેશ પટેલ, ફોન : ૨૭૫૫૧૫૬૪

* આવરણ-મુદ્રણ : ઉમા ઑફસેટ, ફોન : ૨૫૬૨૬૩૨૪

* લેસર કંપોઝ : મીનળ ગ્રાફિક્સ, ફોન : ૨૭૯૧૦૫૧૮

* મુદ્રક : નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ફોન : ૨૫૫૦૮૬૩૧


## પુનિત સ્મરણાર્થે

ડૉ. ચતુરભાઈનાં માતુશ્રી



સ્વ. શ્રી સૂરજબા

ડૉ. ચતુરભાઈના પિતાશ્રી



સ્વ. શ્રી આશાભાઈ



ગિરીશભાઈ એ. પટેલ

જન્મ તા. ૧૫-૧૧-૧૯૫૩

અવસાન તા. ૬-૧૨-૨૦૦૦



ડૉ. ચતુરભાઈ આશાભાઈ પટેલ

જન્મ તા. ૧૫-૧૧-૧૯૨૬

સ્વર્ગવાસ તા. ૧૬-૧૦-૧૯૮૭

# અર્પણ

## રાષ્ટ્રપિતા ગાંધીજીને

જેમણે કહેલું કે મને એક ઘડી

માટેય દેશનું રાજ મળી જાય તો

પહેલું કામ દારૂબંધીનું કરું.

**- યશવન્ત મહેતા**

# મહામૃત્યુમાંથી અમૃત સમીપે .....

નશો માનવીનો એક મહાન શત્રુ છે. કોઈ કુછંદે ચડીને, કોઈ કુસંગને પ્રતાપે, કોઈ ખોટા ભ્રમને કારણે એક યા બીજા પ્રકારના નશાને વશ થાય છે. એથી એના દિલ, દિમાગ અને દેહ, ત્રણે બરબાદ થાય છે. નશો માનવીની સર્જકતાને, વિદ્યાકળાને, સદ્‌ગુણોને હણી નાખે છે. આખરે એના દેહને હણે છે.

પરંતુ જે નશાને વશ નથી થતા, જે નશાને છોડે છે તે અમૃત પામે છે. એને અદ્‌ભુત સિદ્ધિઓ વરે છે.

નશાખોરી છોડીને, મહામૃત્યુમાંથી અમૃત તરફ ગતિ પ્રેરે એવી કેટલીક કથાઓ આ સંગ્રહમાં આપું છું. કથાઓ પુરાણા સાહિત્ય, લોકસાહિત્ય, ઈતિહાસ અને વર્તમાનમાં જીવાતા જીવનમાંથી જડેલી છે. રસપ્રદ વાચન તો પૂરું પાડે જ છે, સાથે ઉચ્ચતર અને અર્થપૂર્ણ જીવનની પ્રેરણા પણ આપે છે.

વર્ષો અગાઉ આ પુસ્તક જાણીતી પ્રકાશનસંસ્થા નવભારત સાહિત્ય મંદિર તરફથી પ્રગટ થયું હતું. એને ત્યારે અને ત્યાર બાદ સરસ આવકાર મળતો રહ્યો છે. હવે માનનીય મુ. મંગળભાઈ પટેલ, સ્નેહી ભાઈશ્રી મૂકેશભાઈ પટેલ અને એમ. પી. પટેલ ફાઉન્ડેશન તથા તેમના સહયોગીઓ દ્વારા ખૂબ જ સમજુ વાચકવર્ગ સુધી આ વાતો પહોંચી રહી છે એનો મને આનંદ છે. આ શુભ કામમાં ‘નવચેતન’ના તંત્રી મુ. મુકુંદભાઈ શાહે સેતુની ભૂમિકા ભજવી એ બદલ એમનો પણ આભારી છું.

૪૭-એ, નારાયણનગર, — **- યશવન્ત મહેતા**
અમદાવાદ - ૩૮૦ ૦૦૭. — ૧૯ જૂન, ૨૦૦૮

# લડાઈ જીતી ગયો !

ઈ.સ. ૧૫૨૬.

એ વરસે ભારતદેશમાં મુગલ સત્તાનો પાયો નખાયો. ફરઘાના નામના મધ્ય એશિયાના નાનકડા પ્રાંતનો હાકેમ બાબર એ વરસે ભારત ઉપર ચડી આવ્યો. દિલ્હીમાં ત્યારે ઈબ્રાહિમ લોદી નામના પઠાણ સુલતાનનું રાજ હતું. બાબરે પાણીપતની જાણીતી લડાઈમાં એને હરાવી દીધો અને પોતે દિલ્હીનો બાદશાહ બન્યો.

પણ બાબરનો મારગ કાંટાવિહોણો નહોતો. એના ઘણા હરીફ હતા. ઘણા દુશ્મન હતા. એમાં સૌથી જબરો દુશ્મન મેવાડનો રાણો સંગ્રામસિંહ હતો. ટૂંકમાં એ રાણો સાંગો કહેવાતો. આ રાણો સાંગો મોટો લડાઈખોર હતો. લડાઈનો અનુભવી હતો, અને ખૂબ જ શૂરવીર હતો. સેંકડો લડાઈઓ લડીને એણે એક હાથ, એક પગ, એક કાન અને એક આંખ ગુમાવ્યાં હતાં. છતાંય લડાઈનાં મેદાન ગજવતો રહેતો.

બાબર ભારત ઉપર ચડી આવ્યો ત્યારે રાણા સાંગાએ માનેલું કે આ તો થોડીક લૂંટફાટ કરીને પાછો જતો રહેશે. દિલ્હીના પઠાણ સુલતાનને નબળો પાડતો જશે. એ પછી આપણે દિલ્હી સર કરી લઈશું.

પણ બાબરે તો પાછા જવાનું નામ પણ ન લીધું. એણે તો ઊલટાનું દિલ્હીનું તખ્ત મજબૂત બનાવવા માંડ્યું. આસપાસના ઈલાકા જીતવા માંડ્યા. રાજકારભાર વ્યવસ્થિત ગોઠવવા માંડ્યો. એટલે રાણા સાંગાએ તેની ઉપર ચડાઈ કરવાનું નક્કી કર્યું.

સાંગાએ તો આસપાસના રાજપૂતો, હારેલા પઠાણો અને બીજા ઘણાને એકઠા કરીને જબરદસ્ત સેના ઊભી કરી. બાબરને

પડકાર કર્યો કે આવી જા, મુગલ !

આ પડકાર ઝીલ્યા વગર બાબરનો છૂટકો નહોતો. એણે પણ પોતાના ચુનંદા અને મરણિયા મુગલ વીરોને ભેગા કર્યા.

લડાઈ જામી ગઈ. રાણા સાંગાની સેના ઘણી મોટી હતી, પણ અવ્યવસ્થિત હતી. બાબરની સેના નાની, પરંતુ કસાયેલી અને શૂરવીર હતી.

આમ છતાં, બાબરના મુગલો ધીરે ધીરે હારવા લાગ્યા. એમના ઘણા વીરો કપાઈ મરવા લાગ્યા.

બાબર વિચારમાં પડ્યો : આવું કેમ થાય છે ?

એણે પોતાની છાવણીઓમાં ફરી ફરીને તપાસ કરવા માંડી - કશું વણછાજતું કામ તો સૈનિકો નથી કરી રહ્યા !

એને જાણવા મળ્યું કે પોતાના સૈનિકોને દારૂ પીવાની આદત પડી છે. દારૂને કારણે એ લોકોનાં દિમાગ ઠેકાણે રહેતાં નથી. પગ સ્થિર રહેતા નથી. દુશ્મનો એમને રહેંસી નાખે છે.

બાબરે તરત જ હુકમ કર્યો : ''આપણી છાવણીમાં દારૂ સદંતર બંધ !''

એણે પોતાના સૈનિકોને સમજાવ્યા : ''આપણા પેગંબર સાહેબે કશો પણ નશો કરવાથી દૂર રહેવાની શિખામણ આપી છે. એ શિખામણ આપણે ન માનીએ તો હારી જઈએ. કારણ કે દારૂ આપણા દેહ અને દિમાગ બંનેને દઝાડે છે.''

સૈનિકો સમજુ હતા. એમણે દારૂને સદંતર વિદાય આપી દીધી.

–અને રાણા સાંગાના સાગર જેવડા સૈન્યને બાબરના મૂઠીભર મુગલોએ ભયંકર શિકસ્ત આપી દીધી.

# યાદવોનું સત્યાનાશ

હજારો વરસ પહેલાંની વાત છે, પણ એનાં પાત્રોને એકેએક ભારતવાસી જાણે છે.

વાત યાદવોની છે, જે લોકશાહી રીતે રાજ્ય ચલાવતા આર્યો હતા. તેમનો એક નેતા શ્રીકૃષ્ણ એટલો પરાક્રમી, નિષ્ઠાવાન, બુદ્ધિશાળી, મુત્સદ્દી, પ્રેમાળ અને દૂરંદેશીવાળો હતો કે આર્યોએ તેની પોતાના ભગવાન તરીકે સ્થાપના કરી છે.

આ યાદવો પહેલાં મથુરાની આસપાસ વસતા, પરંતુ વંગ દેશના સમ્રાટ જરાસંધની સામ્રાજ્યવાદી ભીંસને કારણે સૌરાષ્ટ્રમાં આવીને વસ્યા હતા.

યાદવો ઘણા બહાદુર હતા. એમની વચ્ચે શ્રીકૃષ્ણ ઉપરાંત બલરામ, સાત્યકિ, સત્રાજિત, પ્રદ્યુમ્ન વગેરે વગેરે અનેક શૂરવીરો હતા. તેઓ ઉદ્યમી પણ હતા. સારા પશુપાલકો હતા.

પરંતુ એમની એક નબળાઈ હતી.

એમને મદ્યપાન ઘણું પ્રિય હતું.

મદ્ય એટલે દારૂ.

યાદવો જ્યારે લડાઈમાં ન હોય ત્યારે મદ્યશાળામાં જ હોય !

ખુદ શ્રીકૃષ્ણના મોટા ભાઈ બલરામને નશો કરવાની બૂરી આદત હતી.

અને યાદવો દારૂ પીને છાકટા બને પછી બધો વિનય, બધો વિવેક, બધી લાજમરજાદ વીસરી જતા.

શ્રીકૃષ્ણ એમને ઘણું વારતા. એમને મદ્ય ન પીવાનો ઉપદેશ

આપતા. પરંતુ માને કોણ ? કૃષ્ણ હોય ત્યાં સુધી બધા જરાક હોશમાં રહેતા, પણ એમની ગેરહાજરીમાં તો દારૂ પીવો અને તોફાન કરવાં, એટલું જ યાદવોનું કામ રહેતું.

આમ વરસો સુધી ચાલ્યું અને શ્રીકૃષ્ણની ઘણી ઉંમર થઈ. એમના દીકરાને ઘેર પણ પરણાવવા લાયક દીકરા થયા. એટલે કે નવી પેઢી તૈયાર થઈ, અને હમેશાં બને છે તેમ, નવી પેઢી તો જૂની પેઢીને માથે છાણાં થાપે એવી નીવડી ! જુવાન યાદવોને વૃદ્ધ શ્રીકૃષ્ણ માટે બહુ માન ન રહ્યું. જે શ્રીકૃષ્ણે એમને અનેક લડાઈઓમાં જિતાડ્યા હતા અને એમની નગરી દ્વારકા 'સોનાની દ્વારકા' કહેવાય એટલી સંપત્તિ મેળવી આપી હતી, તે શ્રીકૃષ્ણને તેઓ ખાસ લક્ષમાં લેતા નહિ. એમની જાણ બહાર ફાવે તેવું વર્તન કરતા.

એક વાર યાદવોનો કશોક ઉત્સવ આવ્યો. એમણે દરિયાકાંઠે ઉજાણીએ જવાનું નક્કી કર્યું. આથી નગરીનાં નાનાંમોટાં સૌ ઉજાણી કરવા ચાલી નીકળ્યાં. ફક્ત થોડાંક ઘરડેરાંઓ, સ્ત્રીઓ અને થોડાંક નાનાં બાળકો ઘેર રહ્યાં.

હવે યાદવોની ઉજાણી હોય એટલે ખાણી કરતાં પીણી વધુ હોય. દરિયાકાંઠે પહોંચીને એમણે પહેલાં તો દારૂ ઢીંચવા માંડ્યો.

થોડી જ વારમાં ઘણાખરા લોકો તો મગજ ઉપરનો કાબૂ ગુમાવી બેઠા.

જુવાનિયાઓ તો ખાસ તોફાની મિજાજમાં આવી ગયા.

એમાંના એક જુવાને કહ્યું, ''અલ્યાઓ, તમને ખબર છે, પેલા દુર્વાસા નામના મુનિ આટલામાં જ ક્યાંક રહે છે !''

બીજો જુવાન કહે, ''ડોસો ઘણો જ્ઞાની કહેવાય છે.''

ત્રીજો કહે, ''તો ચાલો આજે એની જરાક ખિલ્લી ઉડાવીએ.''

આમ વૃદ્ધ મુનિ દુર્વાસાની ઠેકડી ઉડાડવાનું નક્કી થયું. એક જુવાનને સ્ત્રીનો વેશ પહેરાવવામાં આવ્યો. એક મોટી તાંસળી એના પેટે બાંધવામાં આવી. એટલે જાણે એને બાળક આવવાનું હોય એવો દેખાવ થયો.

આ સ્ત્રી-વેશવાળા જુવાનને દોરીને યાદવ યુવાનો દુર્વાસાની ઝૂંપડીએ ગયા, અને કહેવા લાગ્યા, ''મુનિ મહારાજ ! તમે હોશિયાર છો, જ્ઞાની છો, ભૂત-વર્તમાન-ભવિષ્યના જાણકાર છો, એવું અમે સાંભળ્યું છે. તો જરા કહો ને, કે આ બાઈને દીકરો આવશે કે દીકરી ?''

અને કથા કહે છે કે દુર્વાસા તો ખરેખર બધું જ જાણતા હતા. એ સમજી ગયા કે દારૂ પીને ભાન ભૂલેલા આ જુવાનો મારી મશ્કરી કરવા આવ્યા છે.

એટલે એ લાલ આંખ કરીને બોલ્યા, ''વૃદ્ધ ઋષિમુનિઓની પણ ઠેકડી ઉડાડનારા હે યાદવ યુવાનો ! આને પેટે શું અવતરશે એની તો મને ખબર નથી, પણ એમાંથી જે અવતરશે તે તમારો નાશ કરશે !''

યાદવ જુવાનો કશું સમજ્યા નહિ. એમણે તો ઋષિની સામે જ પેલાના પેટ ઉપર બાંધેલી તાંસળી ખોલી બતાવી અને કહ્યું કે ડોસા ! આમાંથી અવતરે શું, તારું કપાળ ? આ તો તાંસળી છે !

પણ દુર્વાસા ફરી વાર બોલ્યા કે જાવ, એમાંથી જે અવતરશે તેમાં તમારો કાળ જાણજો !

બુઢ્ઢાને કેવો ઉલ્લુ બનાવ્યો એની વાત કરતા અને ખડખડાટ

હસતા સૌ જુવાનો ઉજાણીને ઠેકાણે પાછા ગયા અને પેલી તાંસળીમાં ભરી ભરીને દારૂ પીવા લાગ્યા. તાંસળી ભરીને દારૂ પીતા જાય અને ડોસાની કેવી ઠેકડી ઉડાડી એની વાત કરતા જાય.

વાત ધીરે ધીરે આખા ટોળામાં ફેલાઈ ગઈ. સૌને મઝા પડી. વાહ, બુઢ્ઢાની ખરી બનાવટ કરી !

અને સૌએ વધુ આનંદમાં આવીને તાંસળીઓ ભરી ભરીને દારૂ પોતાના પેટમાં ઠાલવવા માંડ્યો.

એટલામાં કોકને કશુંક વાંકું પડી ગયું. કદાચ કોઈના પગ ઉપર કોઈનો પગ આવી ગયો હશે. કદાચ કોઈની સાથે કોઈ ભટકાઈ પડ્યું હશે. કદાચ કોઈએ કોઈને ગાળ દીધી હશે. દારૂડિયો ક્યારે શું કરે, કંઈ કહેવાય નહિ.

વાતવાતમાં ઝઘડો થઈ ગયો અને હથિયાર ખેંચવામાં આવ્યાં. કોણે શું કર્યું, કેમ કર્યું, એની કશી પડપૂછમાં પડ્યા વગર એ ભાન ભૂલેલાઓ જે સામે આવે એને ગરદન મારવા લાગ્યા......

અને એકાદબે ઘડીમાં તો ત્યાં ભેગા થયેલા સૌ યાદવો અંદરોઅંદર કપાઈ મૂઆ ! દરિયાકાંઠો યાદવોની લાશોના લાલલાલ વન જેવો થઈ રહ્યો.

ઋષિની વાત સાચી પડી : તાંસળીમાંથી જે અવતર્યું એણે, એટલે કે તાંસળીમાંથી પિવાયેલા દારૂએ તમામ યાદવોનો નાશ કર્યો. તેઓ અંદરોઅંદર જ કપાઈ મૂઆ.

આ પ્રસંગને યાદવાસ્થળી તરીકે સૌ જાણે છે. પણ સમજવા જેવું એનું મૂળ છે - પેલું, જે તાંસળીમાંથી અવતરે છે તે !

# દેવોને અમૃત, દાનવોને સુરા

પુરાણોની એક મઝાની કથા છે.

દેવો અને દાનવો મૂળ તો એક બાપના દીકરા, પરંતુ એકબીજાના જાની દુશ્મન.

એ બંને કદી એક થાય જ નહિ.

પરંતુ એક કામ માટે તેઓ એક થયા.

એમને કહેવામાં આવ્યું કે સમુદ્રની અંદર અમાપ સંપત્તિ પડી છે. ઘણાં રત્ન પડ્યાં છે. તમે સમુદ્રનું મંથન કરો. એટલે કે એની શોધખોળ કરો.

હવે આ તો સ્વાર્થની વાત થઈ, અને સ્વાર્થ આવે ત્યારે દુશ્મનો પણ ભેગા થઈ જાય છે. દેવો અને દાનવો પણ ભેગા થઈ ગયા. એમણે સમુદ્રનું મંથન કર્યું, અને સમુદ્રમાંથી એમણે ઘણાં રત્ન મેળવ્યાં. એમાં લક્ષ્મી, ઐરાવત હાથી, વગેરે વગેરે ઘણાં રત્ન ગણાવાય છે. એમાં અમૃત, ઝેર અને સુરા પણ ખરાં. સુરા એટલે દારૂ.

હવે આ રત્નોની વહેંચણી કરવાની વાત આવી ત્યારે ઘણા બખેડા થયા અને ઘણી ખેંચતાણ ચાલી. જેના હાથમાં જે આવ્યું તે તેણે પચાવી પાડ્યું. વિષ્ણુએ લક્ષ્મી પચાવી પાડી અને ઈંદ્રે ઐરાવત હાથી પચાવી પાડ્યો. એ બંને દેવોના આગેવાન હતા.

આ વિષ્ણુની હોશિયારી જબરી. એણે દેવોને કહ્યું કે સુરાથી છેટા જ રહેજો. દાનવો ભલે એનો લાભ લેતા !

અને ખરેખર, દાનવોએ સુરા પીવા માંડી કે તરત એ બદલાઈ ગયા. એમનામાં ભૂંડા ગુણો આવવા લાગ્યા. મૂળે તો એ પણ કશ્યપ

નામના ઋષિના જ દીકરા હતા. માત્ર એમની મા જુદી હતી.

પરંતુ સુરાપાન કરવાથી તેઓ હલકા પડી ગયા.

આ કથા પુરાણોમાં જે રીતે લખાઈ છે તેનાથી ઊલટા ક્રમે સમજવાની છે. પુરાણો કહે છે કે દાનવો ભૂંડા હતા માટે એમણે સુરાપાન પસંદ કર્યું. હકીકત એ છે કે આ ઋષિના દીકરાઓએ સુરાપાન કર્યું માટે એ ભૂંડા બની ગયા.

# દુશ્મનને વિદ્યા આપવી પડી !

મહાભારતના આદિપર્વમાં એક સરસ વાર્તા છે.

વાર્તા આમ તો દેવો અને દાનવો વચ્ચેની લડાઈની છે. દેવોના ગુરુ બૃહસ્પતિ અને દાનવોના ગુરુ શુક્રાચાર્યની છે. બૃહસ્પતિના દીકરા કચ અને શુક્રાચાર્યની દીકરી દેવયાનીની છે.

એ આખી કથા તમને ક્યાંકથી મળી આવે તો વાંચજો. અહીં તો એની અંદરથી એક અમૃતકથા જ તારવીને આપું છું.

ગુરુ શુક્રાચાર્ય ઘણા જ વિદ્વાન હતા. કદાચ સારા વિજ્ઞાની પણ હશે. એમણે સંજીવની નામનું કશુંક રસાયણ શોધી કાઢ્યું હતું. એને કારણે મરતા દાનવો પાછા સજીવન થઈ જતા.

દેવોએ આ રસાયણનો ભેદ શોધી કાઢવા માટે બૃહસ્પતિના દીકરા કચને મોકલ્યો. કચ પોતાની જાત છુપાવીને શુક્રાચાર્યનો શિષ્ય બની ગયો. એટલે કે એણે શુક્રાચાર્યની જાસૂસી શરૂ કરી.

શુક્રાચાર્યની દીકરી દેવયાનીને આ સોહામણો જુવાન ઘણો ગમી ગયો અને તે કચ સાથે હેતપ્રીત માંડી બેઠી. એણે પિતાને આગ્રહ

કર્યો કે કચને બધી વિદ્યા શીખવો.

પરંતુ શુક્રાચાર્યના શિષ્ય દાનવો સમજી ગયા હતા કે દાળમાં કશુંક કાળું છે. કચ કોઈ સાધારણ છોકરો નથી. એ દેવોનો જાસૂસ છે.

આખરે એમને ખબર પડી કે કચ તો બૃહસ્પતિનો દીકરો છે, એટલે એમણે ગુરુને વિનંતી કરી કે આ છોકરાને કાઢી મૂકો.

પરંતુ એ વેળા દેવયાની આડી થઈ. એણે પિતાને કહ્યું કે કચને અહીં જ રાખો. એ શુક્રાચાર્યની એકની એક લાડકી દીકરી હતી. ડોસા એનું વેણ ઉથાપી શક્યા નહિ, અને પોતાના યજમાનોની ઉપરવટ થઈને એમણે કચને રાખ્યો.

દાનવોને માટે હવે એક જ ઉપાય રહ્યો - દુશ્મનોના આ જાસૂસને પતાવી દેવાનો ! એમણે કચને મારી નાખ્યો.

પરંતુ શુક્રાચાર્ય પાસે તો સંજીવની વિદ્યા હતી. દેવયાનીએ ખૂબ આગ્રહ કરીને અને રીસાઈ જઈને પિતાને કહ્યું કે કચને જીવતો કરો ! અને વહાલી દીકરીની જિદ આગળ આચાર્ય ઝૂકી ગયા. એમણે કચને જીવતો કર્યો.

પછી તો બરાબરની રમત ચાલી. દાનવો કચને મારી નાખે અને દેવયાની એને પાછો સજીવન કરાવે.

આખરે દાનવો થાક્યા. એમણે વિચાર કરવા માંડ્યો કે ડોસા કચને પાછો સજીવન જ ન કરે એવું શી રીતે બને ?

એક શાણો દાનવ બોલી ઊઠ્યો, ''છોકરાને રાંધીને ગુરુજીને જ ખવડાવી દો ! એ પેટમાં પડેલા કચને સજીવન કરવા જશે તો પોતે જ ફાટી પડશે !''

તમને આ વાંચીને જરાક નવાઈ તો લાગશે. પણ એ

જમાનામાં અને આજે પણ દુનિયાની ઘણીખરી પ્રજા માંસાહારી છે. દાનવો પણ માંસાહારી હતા. પરંતુ એ તો પશુપંખીઓનું માંસ.

ત્યારે કચનું માંસ ગુરુ ખાય કેવી રીતે ? એ કંઈ ફરક ન સમજે એવા મૂરખ નહોતા.

ત્યારે એમને ફરક ન સમજાય એવું શી રીતે બને ?

એટલે પેલા શાણા દાનવે ફરી વાર એક આબાદ કીમિયો સુઝાડ્યો : ''ગુરુજીને પહેલાં ઘણો બધો દારૂ પાવ. એ પીશે એટલે ભાન ભૂલી જશે. પોતે શું ખાય છે એનો એમને ખ્યાલ નહિ રહે. અને એક વાર કચ એમના પેટમાં પહોંચ્યા પછી જખ મારે છે ! દેવયાની પણ કયે મોઢે એને સજીવન કરવાનું કહેશે ? કારણ કે જો તે એવું કહે તો પોતાના પિતાનું મોત થાય !''

દાનવો ખુશ થઈ ગયા. એમણે આ કીમિયો અજમાવ્યો. અને એ ફાવ્યા.

જો કે આખર જતાં એમને કશો લાભ ન થયો. કારણ કે આને પરિણામે તો ઊલટાની કચને આ વિદ્યા શીખવવી પડી.

એ વાત આમ બની :

કચ ગુરુજીના પેટમાં પહોંચી ગયો એવી દેવયાનીને ખબર પડી. એણે તો વળી હઠ પકડી કે કચને જીવતો કરો !

શુક્રાચાર્ય કહે, ''પણ બેટા ! એ તો મારા પેટમાં છે. જો એને સજીવન કરું તો હું ફાટી પડું. પછી શું થાય ? હું તો જાનથી જાઉં.''

એટલે દેવયાની કહે, ''પેટમાં રહેલા કચને તમે પહેલાં સંજીવની વિદ્યા શીખવી દો. પછી તમે એના પર સંજીવની વિદ્યા અજમાવો. તમારું પેટ ફાડીને એ બહાર નીકળશે, તમે ગુજરી જશો,

પણ પોતે શીખેલી વિદ્યાને પ્રતાપે એ તમને પાછા સજીવન કરશે.''

ગુરુજીને આખરે આવું જ કરવું પડ્યું.

પરંતુ ત્યારથી એમને એક વાતની ભારે ચીડ ચડી ગઈ. પોતે દારૂ પીને ભાન ભૂલ્યા એટલે આ બધી તરખડ ઊભી થઈ ને ? ત્યારે જ પોતે દુશ્મનના છોકરાને સંજીવની વિદ્યા શીખવવી પડી ને ?

માટે મારે દારૂવારુનો નશો કદી ન કરવો !

દાનવોને પણ એમણે કહ્યું કે આ બલાથી તમે છેટા જ રહેજો.

આગળ જતાં એમણે 'શુક્રનીતિસાર' નામનો એક મોટો ઉપદેશગ્રંથ લખ્યો. એમાં નોંધ્યું કે નશો કરનારાને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે.

# તલવારથીયે કાતિલ, આગથીયે દાહક !

ભગવાન બુદ્ધ.

આજથી અઢી હજાર વરસ અગાઉ એ જીવી ગયા.

આ દેશમાં ગરીબો અને સામાન્ય જનોની ચિંતા કરનારો પહેલવહેલો આદમી જો કોઈ પાક્યો હોય તો તે ગૌતમ બુદ્ધ.

એ મહાન આદમી હતા. એમના નામની આગળ ભગવાનનું પૂછડું તો માન સૂચવવા માટે વપરાય છે. આપણા દેશમાં અગાઉના કાળમાં માણસને માન આપવા માટે 'ભગવાન' એવા નામે બોલાવવામાં આવતા. ભગવાન એટલે દેવ અગર ચમત્કારી

અવતારપુરુષ, વગેરે વગેરે માન્યતાઓ તો પછીથી પેદા થઈ.

એમના જમાનામાં ધર્મને નામે પશુઓને મારવામાં આવતાં, ધર્મક્રિયાને નામે દારૂ પીવામાં આવતો. અને લોકો દારૂ પીને એવાં તો ખરાબ કામ કરતાં કે આપણને તો આજે અરેરાટી છૂટી જાય.

બુદ્ધે લોકોને દારૂ પીને બેહાલ થતા જોયા. એમના દિલમાં અકળામણ થઈ. એમણે એક વાર પોતાના તમામ શિષ્યોને ભેગા કર્યા. એમને કહ્યું, ''હે શિષ્યો ! તમે લોકોને જઈને કહો કે તમે સિંહ સામે જતાં ડરશો નહિ, તલવાર નીચે ગરદન ઝુકાવતાં ડરશો નહિ, પર્વતના શિખરેથી પડતાં ડરશો નહિ, આગમાં ઝંપલાવતાં અચકાશો નહિ, પરંતુ શરાબનું તો એક ટીપું પણ પેટમાં પડવા દેશો નહિ. કારણ કે દારૂ સિંહ કરતાં વધુ હિંસક છે, તલવાર કરતાં વધુ કાતિલ છે, ઊંચા શિખરેથી પડવા કરતાંય વધુ નીચે પછાડે છે અને આગ કરતાંય વધુ દઝાડે છે.''

બુદ્ધ ભગવાન ફક્ત આટલું કરીને અટક્યા નહોતા. એમણે તો ઘેરઘેર જઈને લોકોને મદ્યપાન છોડવા સમજાવેલા. આને પરિણામે આખા દેશમાં દારૂ ઉપર પ્રતિબંધ આવ્યો. અશોક જેવા રાજાઓએ સૈનિકો, રાજસેવકો અને પ્રજાને દારૂ છોડવાની આજ્ઞા આપી.

અને પરિણામે વિદ્યા, કળા અને વિજ્ઞાન ખીલી નીકળ્યાં. તમે ઇતિહાસમાં ભણશો કે આપણા દેશમાં બૌદ્ધ ધર્મ પળાતો હતો ત્યારે જ મોટામાં મોટી યુનિવર્સિટીઓ થઈ. એ જ વખતે અજંટા અને ઈલોરા અને સાંચી અને સારનાથ જેવા ચિત્રકળા અને શિલ્પકળાના સર્વોત્તમ નમૂના સર્જાયા. એ જ દિવસોમાં નાગાર્જુન જેવા મહાન રસાયણશાસ્ત્રી થયા અને એ સમયની દુનિયામાં રસાયણવિદ્યા તેમજ ધાતુવિદ્યામાં આપણે સૌથી મહાન પ્રગતિ કરી. એ જ

દિવસોમાં રચાયેલા લોખંડના અશોકસ્તંભને હજુ આજે પણ કાટ નથી લાગતો, અને અણુશસ્ત્રો તથા રોકેટોના યુગના વિજ્ઞાનીઓ પણ વિચાર કરે છે કે બુદ્ધના સમયની આ તે કેવી ધાતુવિદ્યા ?

આ બધું શક્ય બન્યું દારૂબંધીને કારણે.

દારૂ માણસની વિદ્યાકળાને મારી નાખે છે. એ ન હોય તો સર્વોત્તમ રચનાઓ થઈ શકે.

# કથા લીંબુઉછાળ રાજાની

સામંતસિંહ ચાવડો એનું નામ.

ગુજરાતમાં પહેલવહેલું કાંઈક ‘રાજ’ કહેવાય એવું રાજ સ્થાપનાર વનરાજ ચાવડો હતો. આ સામંતસિંહ એનો વંશજ હતો. એના પછી સાતમી-આઠમી પેઢીએ જન્મેલો.

આ સામંતસિંહ આમ ભલો હતો. બહાદુર પણ હતો. સારા માણસની કદર કરે એવો હતો. એટલે જ એણે દક્ષિણ ભારતથી ભાગી આવેલા બે રાજકુંવરો રાજ અને બીજને પોતાના દરબારમાં રાખી લીધેલા, અને એમાંના એક ભાઈ રાજ સાથે તો પોતાની બહેનનાં લગ્ન પણ કરાવી આપેલાં.

પરંતુ સામંતસિંહ ચાવડામાં એક અવગુણ હતો. અને આ એક અવગુણ એના સેંકડો ગુણોને ઢાંકી દે એવો હતો.

એને દારૂની લત લાગી ગઈ હતી.

દારૂ પીએ અને પાગલ બની જાય.

દારૂ પીએ અને ગાંડિયાં કાઢે. બકવાસ કરે. નાટક કરે. જેની

ને તેની ઠેકડી ઉડાવે.

એની ઠેકડીનો ભોગ બને એનો ભાણેજ.

સામંતસિંહની બહેન અને રાજકુંવર રાજના એ દીકરાનું નામ મૂળરાજ હતું. મામો એને દારૂના નશામાં ગાદીનો વારસ ઠેરવે.

અને ઘણી વાર તો એને રાજા પણ બનાવી દે.

પરંતુ મૂળરાજને રાજા બનાવવાની સામંતસિંહની રીત અસલ દારૂડિયાની રીત હતી.

સામંતસિંહ એક લીંબુ લેતો. એ લીંબુને આકાશમાં ઉછાળતો અને મૂળરાજને ગાદીએ બેસાડતો.

લીંબુ ધરતી ઉપર પાછું આવે ત્યાં સુધી મૂળરાજ રાજા !

પછી તરત દારૂડિયો મામો બાવડું ઝાલીને એને ગાદી ઉપરથી હેઠો ઉતારી મેલે.

આખો દરબાર ખડખડાટ હસી પડે.

પણ મૂળરાજના પેટમાં તો જાણે ઊકળતું સીસું રેડાય. એને આ અપમાન હાડોહાડ લાગી જાય.

રાજદરબારમાં પણ ઘણા લોકોને સામંતનાં આવાં ગતકડાં ગમતાં નહિ. સામંત રાજ ઓછું કરતો અને દારૂ વધારે પીતો. એથી તેઓ કંટાળી ગયા હતા, અને સામંતને દૂર કરવાનો કશોક ઉપાય ખોળી રહ્યા હતા.

તેઓએ મૂળરાજને પણ આ વાત કરી.

મૂળરાજે એમને કહ્યું કે હવે એક દિવસ હું તમારી સમસ્યાઓ ટાળી દેવાનો છું. રાહ જુઓ.

બીજે દિવસે સવારે વળી પાછું સામંતસિંહે નાટક શરૂ કર્યું. એણે લીંબુ ઉછાળ્યું અને મૂળરાજને ગાદીએ બેસાડ્યો. સામંતસિંહ ઘણો બળવાન માણસ હતો. લીંબુ ઘણે ઊંચે ઉછાળતો. એ પાછું આવે ત્યાં સુધીમાં એકબે વાતો બોલવાનો સમય રહેતો.

એટલે ગાદીએ બેસતાં જ મૂળરાજે દરબારીઓને પૂછ્યું. ''રાજા કરે તે ન્યાય ગણાય ને ?''

દરબારીઓ બોલી ઊઠ્યા, ''હા ! હા !''

મૂળરાજે તરત જ પોતાની તલવાર વીંઝીને સામંતસિંહનું ડોકું વાઢી નાખ્યું.

દરબારીઓ બોલ્યા, ''મૂળરાજે જે કર્યું છે તે ન્યાયનું જ કામ છે.''

આમ, દારૂ પીને નાટક કરતા સામંતસિંહને પોતાનું નાટક ભારે પડી ગયું. એણે પ્રાણ પણ ગુમાવ્યા અને રાજ પણ ગુમાવ્યું.

# પેટ કે ગટર ?

અંગ્રેજી ભાષાના એક મહાન લેખક થઈ ગયા. એમણે લખેલાં નાટકો ઉપરથી અનેક ફિલ્મો ઊતરી છે અને એ નાટકોના દુનિયાની લગભગ તમામ ભાષાઓમાં ભાષાંતર થયાં છે.

એમનું નામ જ્યોર્જ બર્નાર્ડ શૉ.

અંગ્રેજ સરકારે એમને 'સર'નો ખિતાબ આપ્યો હતો, અને સ્વીડનની અકાદમીએ સાહિત્યનું સૌથી મોંઘામૂલું નોબેલ ઇનામ આપ્યું હતું.

એમને નોબેલ ઇનામ મળ્યું ત્યારની વાત છે.

એમના માનમાં એક ભોજનસમારંભ યોજાયો હતો. સમારંભ મોટા પાયા ઉપરનો હતો અને એમાં ઇંગ્લેન્ડની રીતરસમ પ્રમાણે ભારેખમ વાનગીઓ અને ઊંચી કિસમનો દારૂ પીરસવામાં આવ્યો હતો. મહેમાનો તો બધા આ ખાવાપીવા ઉપર તૂટી પડ્યા.

અને જ્યોર્જ બર્નાર્ડ શૉ તો એકાદ બે બિસ્કીટ ખાઈને આ ભૂખડીબારશ લોકોને જોઈ જ રહ્યા.

શૉને આમ ખાલીખાલી બેસી રહેલા જોઈને નજીક બેઠેલા એક સાહેબે પૂછ્યું, ''અરે, સર જ્યોર્જ ! આમ કેમ ? આપના જ માનમાં આ ભોજનસમારંભ યોજાયો છે અને આપ તો નથી ખાતા કે નથી પીતા !''

સર જ્યોર્જ બર્નાર્ડ શૉ બોલ્યા, ''ભાઈ, મારું પેટ નથી તો કબરસ્તાન કે નથી તો ગટર.''

પેલા ભાઈ કશું સમજ્યા નહિ. પ્રશ્ન પૂછતી નજરે સર જ્યોર્જ સામે તાકી રહ્યા.

એટલે સર જ્યોર્જે ચોખવટ કરી, ''અહીં પીરસાયેલી ઘણીખરી વાનગીઓ પશુઓમાંથી બનાવવામાં આવેલી છે. જો મારું પેટ કબરસ્તાન હોય તો હું તેમને પેટમાં પધરાવું. અને શરાબ તો ગટરમાં ઢોળવા લાયક ચીજ છે. મારા પેટને હું ગટર બનાવવા ઇચ્છતો નથી.''

# દેવદૂત આવ્યા ત્યારે......

લોર્ડ બર્ટ્રાન્ડ રસેલ એક મહાન વિચારક હતા. શાંતિના ફિરસ્તા હતા. માનવીમાત્રની સમાનતા અને સુખાકારી માટે મથામણ કરતા દેવદૂત જેવા હતા.

એમણે ફિલસૂફી વિષયનાં અનેક ઉત્તમ પુસ્તકો લખ્યાં છે. એમનાં આ પુસ્તકો વાંચીને આયર્લૅન્ડ દેશના એક ભાઈ ખૂબ રાજી થઈ ગયા અને એને રસેલ માટે હેત ઊપજ્યું. એણે રસેલને કહ્યું કે મારે ઘેર પધારો. પણ રસેલ પાસે સમય બહુ ઓછો રહેતો. એથી પેલા ભાઈએ વારંવાર કહેવા છતાં પોતે એને ઘેર જઈ શકતા નહિ. દરેક વેળા કહેતા કે જરાક સમય મળતાં જ તમારે ઘેર આવી જઈશ.

આમ ને આમ ઘણો વખત વીતી ગયો. આખરે લૉર્ડ રસેલને થયું કે મારે પેલા ભાઈને આપેલું વચન પાળવું જોઈએ.

એટલે એક દિવસ પેલા ભાઈને અગાઉથી કશું કહ્યાકારવ્યા વગર લૉર્ડ રસેલ તો એને આંગણે જઈને ઊભા રહ્યા.

પણ એમણે શું જોયું ? પેલા ભાઈ તો ગળા સુધી શરાબ ઠાંસીને બેઠેલા. લગભગ બેહોશ જ બની ગયા હતા. દિનદુનિયાનું એમને કશું ભાન નહોતું.

આમ છતાં ઉદાર મનના રસેલે એની સાથે હાથ મિલાવવા માટે હાથ લંબાવ્યો. પેલો પણ માંડમાંડ સમજ્યો કે લૉર્ડ રસેલ આવ્યા છે અને મારી સાથે હાથ મિલાવવા માગે છે. એણેય હાથ લાંબો કર્યો. પણ એનો તો પોતાનાં અંગો ઉપર કાબૂ જ ક્યાં હતો ? જગતમાં કયા દારૂડિયાનો અંગો ઉપર કાબૂ હોય છે ? એ રાક્ષસ તો સીધો જ માનવીના નાના મગજ ઉપર અસર કરે છે, અને માણસ ચાલવાનું પણ ભૂલી જાય છે. રસ્તા ઉપરથી રગડતો રગડતો ગટરમાં જ જઈ પડે છે.

પરિણામે પેલા ભાઈ પણ હાથ પૂરો લાંબો કરી ન શક્યા. લૉર્ડ રસેલે ચાર વખત એની સામે હાથ લંબાવ્યો અને ચાર વખત પેલાનો હાથ હેઠો પડ્યો.

લોર્ડ રસેલના દુઃખનો પાર ન રહ્યો. એ બોલ્યા, ''ચાલો ત્યારે, આપણી દોસ્તીની પરીક્ષા થઈ ગઈ. એ બિચારી જન્મતાં જ મરી પરવારી છે !''

લોર્ડ રસેલના આ શબ્દો પેલા મિત્રની પત્ની સાંભળી ગઈ. એણે ભારે હૈયે રસેલને વિદાય આપી.

એ પછી ઘણી વારે શરાબી પતિ ભાનમાં આવ્યો. પત્નીએ તેને કહ્યું, ''લોર્ડ રસેલ તમને મળવા આવ્યા હતા. તમને કશું ભાન નહોતું. એમણે તમારી સાથે હાથ મિલાવવા માટે ચાર વખત કોશિશ કરી અને ચારે વખત તમારો હાથ હેઠો પડ્યો.''

પત્નીની વાત સાંભળીને પેલા ભાઈ બહુ દુઃખ પામ્યા. એમને ખૂબ પસ્તાવો થયો. એ બોલી ઊઠ્યા, ''અરેરે ! દેવદૂત જેવા લોર્ડ રસેલ મારે આંગણે આવ્યા અને હું એમને આવકારી ન શક્યો ! એમની સાથે હાથ પણ મિલાવી ન શક્યો ! એ બધું આ પાપી શરાબને જ કારણે ને ?''

એમ બોલીને એમણે પોતાના ઘરમાં હતા એ તમામ શરાબના શીશા ગટરમાં ઢોળી દીધા !

એ પછી એમણે લોર્ડ રસેલની તસવીર સામે પ્રતિજ્ઞા લીધી : હવે જિંદગીમાં કદી શરાબને અડકીશ પણ નહિ !

# દૈત્યે દાટ વાળ્યો

વાત સાચી છે કે ખોટી એની તો ખબર નથી.

પણ લોકોની જબાન ઉપર આ વાત સેંકડો વરસોથી ગવાતી આવી છે, એટલે કદાચ સાચી હશે.

જો કે જે લોકો માટે આ વાત કહેવાઈ છે એમાં એક તો આજે સતી તરીકે પુજાય છે. એટલે વાત કદાચ ખોટી પણ હોય.

પરંતુ વાત જેવી કહેવાય છે તેવી તમારી પાસે રજૂ કરું છું.

વાત જૂનાગઢના રા' ખેંગાર, એની રાણી રાણકદેવી અને ખેંગારના ભાણેજ દેશળની છે.

આ રાણકનાં લગ્ન મૂળે પાટણના સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહ સાથે થવાનાં હતાં. પણ ખેંગાર એને જૂનાગઢ ઉપાડી ગયો.

ખેંગાર ઘણો બહાદુર હતો. હિંમતવાન હતો. સોહામણો હતો. તેજસ્વી હતો. રાણકને એને માટે ભારે હેત ઊપજ્યું, અને બંનેએ વિધિસર લગ્ન કર્યાં. રાણક પોતાના પતિને દેવ ગણીને પૂજતી.

આ રા' ખેંગારમાં હજાર સદ્‌ગુણ હતા છતાં એક દુર્ગુણ પણ હતો, એમ લોકકથા કહે છે.

આ દુર્ગુણ દ્રાક્ષનો દારૂ પીવાનો હતો.

ખેંગાર નવરો પડે ત્યારે ખૂબ દારૂ પીતો અને પોતાના સાથીઓને પાતો.

ખેંગારની આ દારૂની દાવતોમાં એના ખાસ સાથી બે જણા હતા : દેશળ અને વિશળ. આ બંને જણા ખેંગારના ભાણેજ હતા. તેઓ જૂનાગઢમાં જ રહેતા અને ફોજની સરદારી કરતા.

હવે બન્યું એવું કે ખેંગાર રાણકને ઉપાડી ગયો એથી પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહને ભારે ગુસ્સો ચડ્યો. એણે જૂનાગઢને જીતી લેવા અને રાણકને પોતાને ઘેર લઈ જવા માટે લડાઈ શરૂ કરી. ખૂબ મોટું લશ્કર લઈને તેણે જૂનાગઢ ઉપર ચડાઈ કરી. જૂનાગઢને ઘેરી લીધું.

સિદ્ધરાજે ઘેરો તો ઘાલ્યો, પણ જૂનાગઢનો ઉપરકોટનો કિલ્લો જીતવો સહેલો નહોતો. ખેંગારના સૈનિકો પણ ઘણા બળવાન હતા. તેઓએ સિદ્ધરાજ સામે બરાબરની ટક્કર ઝીલવા માંડી. સિદ્ધરાજ જ્યારે જ્યારે પોતાના લશ્કરને કિલ્લાની નજીક લઈ જાય ત્યારે ત્યારે ખેંગાર અને એના સાથીઓ જબરો પથ્થરમારો અને તીરોની વર્ષા કરે. સિદ્ધરાજને પાછા હઠવું પડે. એટલા પૂરતી જીત ખેંગારની ગણાય.

આવી જ એક નાનકડી જીત એક વાર ખેંગારે મેળવી અને એ ખુશાલીમાં આવી ગયો. એણે પોતાના સાથીઓ માટે દારૂની મહેફિલ ગોઠવી.

અને આ વેળા તો એણે પત્ની રાણકને પણ દારૂ પાવાનું નક્કી કર્યું. કેટલાક લોકોના મનમાં આવો વહેમ હોય છે કે આનંદના પ્રસંગે નશો કરવો જોઈએ. આવા લોકોની આખરે શી દશા થાય છે તે આ વાર્તામાં આપણે જોઈશું.

ખેંગારે પોતાના ભાણેજ દેશળને કહ્યું, ‘‘લે, આ દ્રાક્ષાસવ તારી મામી માટે લઈ જા. એને કહેજે કે મારી આ પ્રસાદી છે. એનો ઇન્કાર ન કરે.’’

દેશળ ગયો, દ્રાક્ષાસવનો હાંડો મામી સામે મૂક્યો અને મામાનો સંદેશો એણે મામીને કહી સંભળાવ્યો.

રાણક સમસમી ગઈ.

એણે કદી દારૂવારૂ પીધો નહોતો. પરંતુ આ તો પતિએ મોકલેલી ‘પ્રસાદી’ હતી ! રાણક એનો તિરસ્કાર પણ કેવી રીતે કરી શકે ?

એ મૂંઝાતી હતી ત્યાં જ દેશળે કહ્યું, ''લો, મામી ! આપણે બંને સાથે પીએ.''

એમ કરીને એણે એક તાંસળી મામીને ભરી આપી અને એક તાંસળી પોતે લીધી.

રાણક તો એક જ તાંસળીમાં ભાન ગુમાવી બેઠી અને પલંગમાં પડી.

દેશળ પીતો રહ્યો. પીતો જ રહ્યો. આખરે એ પણ ભાન ભૂલી ગયો. એને ખૂબ ઊંઘ ચડી આવી. બેભાન હાલતમાં જ એણે જે પલંગ પહેલો દેખાયો એમાં પડતું મૂક્યું.

એ પલંગ મામીનો હતો !

સવારે આવીને ખેંગારે બંનેને આમ સૂતેલાં જોયાં ત્યારે એને ભારે ગુસ્સો ચડી ગયો. એણે દેશળને ધમકાવ્યો અને કહ્યું કે તારા આ ગુના માટે હું તને ફાંસીએ ચડાવીશ !

દેશળ કહે, ''મામા ! મને જરૂર ફાંસીએ ચડાવો પણ તે પહેલાં બીજા ત્રણને ફાંસી આપવી પડશે.''

ખેંગારે પૂછ્યું, ''ક્યા ત્રણ જણા ?''

દેશળ કહે, ''પહેલો ગુનો દારૂનો. એને કારણે માણસ ભાન ભૂલી જાય છે. માટે એને સૌથી પહેલાં ફાંસીએ ચડાવો. પછી બીજો ગુનો તમારો. તમે જ મને દ્રાક્ષાસવનો હાંડો લઈને મામી પાસે મોકલ્યો હતો. એ વેળા તમે પણ નશામાં ભાન ભૂલી ગયા હતા. જેણે દારૂનો સ્વાદ પણ કદી નથી ચાખ્યો એવી મારી મામી ઉપર એની ખરાબ અસર થશે એટલું ય તમને ભાન ન રહ્યું. માટે બીજી તો તમારી જાતને ફાંસીએ ચડાવો. ત્રીજાં મારાં મામીને ફાંસીએ ચડાવો. દારૂ તો

શેતાન છે એ સમજવા છતાં પોતે તમારી પ્રસાદી માનીને એ પી ગયાં ! હવે પ્રસાદીમાં તો કોઈ તમને ઝેર આપે, તો શું એ પી જવું જોઈએ ? ના, એવું બને ત્યારે આપણે તો ઝેર ઢોળી નાખીએ અને એવી પ્રસાદી આપનારનું મોં પણ ન જોઈએ. પરંતુ મામીને એટલોય વિચાર આવ્યો નહિ. માટે એ ફાંસીને લાયક છે. બસ, આ ત્રણ ફાંસી પતી જાય પછી મારો વારો.''

દેશળની વાત સાચી હતી. બધી મુસીબતના મૂળમાં દારૂ હતો.

છતાં ભાન ભૂલેલા રા' ખેંગારે દેશળને સજા કરી. એને અને એના ભાઈ વિશળને એણે જૂનાગઢમાંથી હાંકી કાઢ્યા.

આમ વગર વાંકે પોતાને મામાએ દેશનિકાલ કર્યા એથી દેશળ-વિશળને હાડોહાડ અપમાન લાગી ગયું. તેઓ સિદ્ધરાજને મળ્યા. ખેંગારના કિલ્લામાં પેસવાનો એક છૂપો માર્ગ એમણે સિદ્ધરાજને બતાવી દીધો.

પછી તો કિલ્લો પડ્યો. ખેંગાર મરાયો. જૂનાગઢનું રાજ તે દિવસથી નબળું બની ગયું તે બની ગયું. ફરી એણે પોતાના જૂના જાહોજલાલીના દિવસ જોયા નહિ. ખેંગારનો ઉપરકોટનો કિલ્લો તો આજે ભંગાર થઈને પડ્યો છે.

આ તમામ સર્વનાશનું મૂળ દારૂ.

## કહાણી કવિ કાલિદાસની

કવિ કાલિદાસનું નામ સૌએ સાંભળ્યું છે. 'રઘુવંશ' અને 'કુમારસંભવ' જેવાં મહાકાવ્યો અને 'શાકુંતલ' તથા 'વિક્રમોર્વશીય' જેવાં નાટકોનો એ સર્જક.

એણે એક નાનકડો પ્રસંગ, નાનકડી કહાણી એક જગાએ કહી છે.

કવિ એક વાર બજારમાં ફરવા નીકળ્યો હતો. ત્યાં એણે એક સ્ત્રીને એક ઘડો અને કેટલાંક છાલિયાં લઈને બજારમાં બેઠેલી દીઠી.

એ શું વેચતી હશે એની કાલિદાસને નવાઈ લાગી. એટલે એણે નજીક જઈને પૂછ્યું, ''બેન, તમે શું વેચો છો ?''

ત્યારે એ બાઈએ કહ્યું, ''હું પાપ વેચું છું. એક નહિ, આઠ આઠ જાતનાં પાપ વેચું છું. હું પોતે જ લોકોને કહું છું કે મારી પાસે પાપ મળશે. છતાં કેટલાંક મૂરખ લોકો હોંશે હોંશે એ પાપ વહોરી જાય છે !''

કાલિદાસ તો આ જવાબ સાંભળીને જરાક મૂંઝાયા. એમણે પૂછ્યું, ''બેન, ઘડામાં તે કાંઈ પાપ હોતું હશે ?''

પેલી સ્ત્રી કહે, ''હોય, જરૂર હોય. જુઓ, મારા આ ઘડામાં આઠ પાપ ભર્યાં છે : બુદ્ધિનાશ, ગાંડપણ, ઝઘડાખોરી, બેહોશી, વિવેકનો નાશ, સદ્‌ગુણનો નાશ, સુખનો ખાત્મો, અને નરક તરફ દોરી જતાં દુષ્ટ કૃત્યો.''

કાલિદાસ કહે, ''અરે બેન, જરા ચોખવટથી તો બોલ. આ ઘડામાં એવી કઈ ચીજ છે, જે આટઆટલાં પાપ પ્રગટાવે છે ?''

આખરે પેલી સ્ત્રી બોલી, ''દારૂ ! આ ઘડામાં દારૂ ભર્યો છે, અને તે પેલાં આઠ પાપને જન્મ આપે છે.''

કવિ તો આ બાઈની ચતુરાઈ ઉપર ખુશ થઈ ગયા.

# 'એ શેતાનને કદી નહિ અડકું !'

સમય ઓગણીસમી સદીની અધવચનો.

ત્યારે દસ-બાર વરસના એક છોકરાએ શેતાનનાં દર્શન કર્યાં.

અને એણે પ્રતિજ્ઞા કરી : 'એ શેતાનને કદી નહિ અડકું !'

આ છોકરાનું નામ દાદાભાઈ.

પારસી કુટુંબનો એ દીકરો.

પારસીઓ આમ તો ઘણા ધાર્મિક હોય છે. પણ રીતરિવાજોમાં તેઓ ઘણી વાર નકલ કરે છે. જે વર્ગ રાજ કરતો હોય એનાં રીતરિવાજો અપનાવી લેવામાં ઘણા પારસીઓ ઉતાવળા હોય છે.

એ સદીમાં રાજકર્તા વર્ગ અંગ્રેજોનો હતો. એટલે પારસીઓએ તેમનાં કપડાં, તેમનું ભણતર, તેમની રીતભાત અને તેમની ખાવાપીવાની ટેવો એકદમ અપનાવી લીધી.

અને અંગ્રેજોની ખાવાપીવાની ટેવોમાં એક ટેવ ભોજનવેળા દારૂ પીવાની હતી. પારસીઓએ પણ પીવાનું શરૂ કર્યું.

અને પીવાનું તો એવું શરૂ કર્યું કે મોટા જ નહિ, નાનાં છોકરાં પણ પીએ !

હવે આ પારસી છોકરાના ઘરમાં બરાબર ભોજનટાણે જ એક વાર દારૂ ખૂટી ગયો. એટલે વડીલોએ છોકરાને કહ્યું કે જા, કલાલની દુકાને જઈને દારૂ લઈ આવ.

દારૂ વેચનારને કલાલ કહેતા.

છોકરો તો એક વાસણ લઈને ઊપડ્યો. જેમ બાળક મમ્મીના મોકલ્યા દૂધ કે દહીં લેવા જાય એ રીતે આ છોકરો કલાલને ત્યાંથી

દારૂ લેવા ચાલ્યો.

પણ કલાલની દુકાન આવતાં જ એ થંભી ગયો. અગાઉ કદી આ દુકાને આવેલો નહિ. એટલે આ દુકાનનો દેખાવ કેવો હોય તેની એને ખબર નહિ.

એટલે એણે જે દેખાવ જોયો એથી એ ધ્રૂજી ઊઠ્યો.

દુકાન બહાર જ ગંધાતા પાણીની નીકો હતી. અને એમાં બેચાર આદમી બેહોશ બનીને પડ્યા હતા. પોતે કેવી ગંદી જગામાં ભીંજાતા પડ્યા છે એનું એમને ભાન નહોતું.

દુકાનની અંદર તો વળી દસબાર જણ આમ-તેમ પડ્યાં હતા. કોઈકનાં લૂગડાંનાં ઠેકાણાં નહોતાં. કોઈ વળી ઉપરાઉપરી પડ્યા હતા. કોઈ જેમતેમ લવારો કરતા હતા અને કોઈ બેફામ ગાળો બકતા હતા. બે જણા તો લડાઈ પણ કરી રહ્યા હતા.

પારસી છોકરાએ આ જોયું અને એની અરેરાટીનો પાર ન રહ્યો.

અરે ! માનવી જેવા માનવીની આ દશા ! ગટરમાં પડે તોય ભાન નહિ ?

આ બધું શેને પરિણામે ?

દારૂ પીવાને પરિણામે !

છોકરો સમજી ગયો કે દારૂ એક શેતાન છે, જે માનવીનું માનવીપણું ખતમ કરી નાખે છે.

એણે તરત પ્રતિજ્ઞા લીધી : ‘હું કદી આ શેતાનને અડકીશ પણ નહિ.’

એટલું જ નહિ. એણે નક્કી કર્યું કે મોટો થઈને હું આ શેતાન સામે ઝુંબેશ ઉપાડીશ !

આ નાનકડા કિશોરે એ વેળા લીધેલી પ્રતિજ્ઞા જિંદગીભર પાળી. એને પરિણામે એ સારો વિદ્યાર્થી બન્યો. મોટો થઈને સારો લોકનેતા બન્યો. ભારતના આઝાદીજંગના ઇતિહાસમાં એનું નામ અમર બની ગયું.

મોટી ઉંમરે એને 'દેશના દાદા'નું બિરૂદ મળ્યું.

તમે હવે આ છોકરાને ઓળખી ગયા હશો. એનું નામ દાદાભાઈ નવરોજી.

આ દાદાભાઈ નવરોજીનો સહેજ મોટી ઉંમરનો એક પ્રસંગ છે.

એ પ્રસંગ પણ એક અમૃતકથા છે.

દાદાભાઈ ઇ.સ. ૧૮૮૫માં વિલાયત ગયા. ત્યાં એમને બે પારસી ગૃહસ્થો મળ્યા. મંચેરજી હોરમસજી અને ખુરશેદજી રુસ્તમજી કામા એમનાં નામ. આ બે ભાઈઓએ દાદાભાઈને કહ્યું કે આપણે ભાગીદારીમાં એક કંપની કરીએ.

દાદાભાઈ કહે કે ભલે, મને તમારો ભાગીદાર બનાવજો.

પેલા લોકોને એવી આશા હતી કે દાદાભાઈ જેવા હોશિયાર માણસને સાથે લઈએ તો સરકાર સાથે જે કામ પાડવાનાં હોય એ સહેલાં થઈ જાય.

દાદાભાઈને પણ એવી લાગણી કે મારા દેશના લોકો મારે લીધે કમાતા હોય તો ભલે કમાય.

પરંતુ મંચેરજી અને ખુરશેદજીએ તો થોડા જ વખતમાં પોત

પ્રકાશ્યું : એમણે દારૂ અને અફીણનો ધંધો શરૂ કર્યો ! એમને આશા હતી કે લોકોને વિનાશને મારગે લઈ જતી આ ચીજો વેચીને આપણે ખૂબ નફો ખાટીશું.

આ વાતની દાદાભાઈને ખબર પડી. એમણે પોતાના ભાગીદારોને લખ્યું : માણસને વિનાશને માર્ગે લઈ જતી આ ચીજોનો વેપાર બંધ કરો.

પેલા લોકોએ દાદાભાઈને મબલખ નફાની લાલચ દેખાડવા માંડી.

પણ દાદાભાઈ કોનું નામ !

દેશના અને ગરીબોના ભલા માટે ભેખ ધારણ કરનાર એ આદમી હતા. આવા ભૂંડા ધંધા સાથે એ જોડાય કેવી રીતે ? વળી, એમને નાનપણથી જ દારૂ તરફ તો ભયંકર નફરત હતી.

એમણે તરત જ પેલી પેઢીમાંથી ભાગીદાર તરીકે રાજીનામું આપી દીધું.

# કુંભમાં છે શું ભર્યું ?

એક હતો રાજા.

સર્વમિત્ર એનું નામ.

એના રાજમાં તમામ જાતનાં સુખસાહેબી હતાં. લોકો ધનવાન હતા. રાજા મોજીલો હતો.

અને મોજીલા લોકો ઘણી વાર પોતાની મોજને ખોટે મારગે વાળી દે છે. મોજને નામે મોતનો સામાન ઉઠાવી લાવે છે.

રાજા સર્વમિત્રની મોજ પણ અવળે મારગે ચડી ગઈ હતી. એણે દારૂ પીવા માંડ્યો હતો.

હવે આ દારૂ, અફીણ વગેરે નશો ચડાવનારી ચીજોનું એવું છે કે માણસ ધીરે ધીરે એનું વધુ ને વધુ સેવન કરતો થઈ જાય છે. અંતે આ ઝેરી ચીજનું તે એટલું બધું સેવન કરવા લાગે છે કે એનું દિલ, દિમાગ અને દેહ, ત્રણેય ખતમ થઈ જાય.

અને આ ચીજોની બીજી ખાસિયત એ છે કે એ લેનારને ભાઈબંધ બહુ ગમે છે.

એક જણ બીડી પીતો હશે તો બીજાને એ પીવા માટે આગ્રહ કરશે. એક રજપૂત કસૂંબો પીતો હશે તો બીજાને પીવા માટે આગ્રહ કરશે અને સામેવાળો જો ના પાડે તો એને પોતાનું અપમાન સમજશે. આવા માની લીધેલા અપમાનને લીધે લડાઈઓ અને ખૂનો થઈ જવાના કિસ્સા જૂના કાઠિયાવાડમાં ઘણા બનેલા છે.

એટલે રાજા સર્વમિત્ર પણ એકલો ન પીતો. એણે પહેલાં તો પોતાના કુટુંબીઓને દારૂની બૂરી લતે ચડાવ્યા.

પછી મંત્રીઓને દારૂ પીવાની ફરજ પાડી.

પછી સભાજનોનો વારો આવ્યો.

છેલ્લે આખી પ્રજાને પણ રાજાએ આ વિનાશને મારગે ચડાવી. સારા માણસો પ્રજા માટે પરબો બંધાવે, વાવ-તળાવો, ગળાવે, બંધો બંધાવે. રાજા સર્વમિત્રે દારૂનાં મફત હાટ શરૂ કરાવ્યાં.

પછી તો જે બનવું જોઈએ તે જ બન્યું. પ્રજા આળસુ થઈ ગઈ. તકરારી થઈ ગઈ. શું સારું ને શું ખોટું, એનો વિવેક વીસરી ગઈ. વિદ્યાકળા અને ભણતર ભુલાઈ ગયાં.

અને ત્યારે એક સવારે એક બ્રાહ્મણ રાજા સર્વમિત્રની સભામાં આવ્યો. બ્રાહ્મણ તેજસ્વી હતો. એના ચહેરા ઉપર જ્ઞાનનું તેજ ચમકતું હતું.

એણે પોતાના ખભા ઉપર એક કુંભ ઊંચકી રાખ્યો હતો. જેવો તેજસ્વી બ્રાહ્મણ હતો એટલો જ તેજસ્વી એ કુંભ હતો. કુંભ સાવ સોનાનો હતો અને એની ઉપર મણિમય રત્ન જડ્યાં હતાં.

આવા તેજસ્વી બ્રાહ્મણને આવા તેજસ્વી કુંભ સાથે સભામાં આવેલો જોઈને સૌ ચકિત થઈ ગયા. કેટલાક સભાજનો તો એને પગે પડવા લાગ્યા.

રાજા સર્વમિત્રની નજર તો પેલા રત્નજડિત કુંભ ઉપર જ જડાઈ ગઈ હતી. એમાં શું ભર્યું હશે એની જ એને નવાઈ લાગતી હતી.

આખરે એણે પૂછ્યું, ''હે તેજસ્વી બ્રાહ્મણ ! આપ કોણ છો અને ક્યાંથી આવો છો ? વળી, આપે ખભા ઉપર જે રત્નજડિત કુંભ ઊંચક્યો છે તે શાનો છે ? એમાં આપ શું ભરી લાવ્યા છો ?''

બ્રાહ્મણ કહે, ''રાજા ! હું કોણ છું, એની તને થોડી વાર પછી ખબર પડશે. પણ હું શા માટે આવ્યો છું તે કહું. સાંભળ, હું તારી સાથે એક સોદો કરવા આવ્યો છું.''

રાજા સર્વમિત્રે નવાઈ પામીને પૂછ્યું, ''આપ એક બ્રાહ્મણ થઈને વૈશ્યની જેમ સોદો કરવા આવ્યા છો એથી મને અચરજ થાય છે. પણ કહો, શેનો સોદો કરવો છે ?''

બ્રાહ્મણ કહે, ''રાજા ! તને જેની ઘેલછા વળગી છે અને તેં તારી સમસ્ત પ્રજાને જેવી ઘેલછા લગાડી છે તે દારૂ એટલે કે મદ્ય આ

કુંભમાં ભરેલો છે. પણ આ કાંઈ જેવો તેવો મદ્ય નથી. આ તો ખુદ પાતાળલોકના રાક્ષસરાજ હિરણાક્ષનો બનાવેલો દારૂ છે. તેં તારી જિંદગીમાં કદી ચાખ્યો પણ ન હોય એવો આ દારૂ છે.''

બ્રાહ્મણની વાત સાંભળીને રાજા સર્વમિત્ર લલચાઈ ગયો. એ બોલ્યો, ''બ્રાહ્મણ મહારાજ ! કહો, કહો, જલદી કહો, તમારા માલની કિંમત શી છે ? કહો તો લાખ સોનામહોરો આપું ! કહો તો ગાડું ભરીને ઘરેણાં ને કપડાં આપું.''

બ્રાહ્મણ કહે, ''હું તપસ્વી આદમી છું. મને નથી તો સોનામહોરોની જરૂર કે નથી ઘરેણાંની જરૂર. હું તો તારી પાસે જરા જુદી જ જાતની કિંમત વસૂલ કરવા માગું છું.''

સર્વમિત્ર કહે, ''બોલો, તમારી કિંમત બોલી દો. જે કિંમત હશે તે અમે આપીશું. કારણ કે અમે પૃથ્વીપતિ છીએ અને અમારા ખજાનામાં અઢળક દોલત ભરી છે.''

બ્રાહ્મણ કહે, ''સાંભળો, રાજન્ ! મારા આ માલના બદલામાં પહેલાં તો તમારે તમારું તમામ જ્ઞાન આપી દેવાનું રહેશે. પછી તમે સારું-નરસું વિચારી નહિ શકો. મારું-તારું સમજી નહિ શકો. સમય-કસમયનું ભાન તમને નહિ રહે.

''મારા માલની બીજી કિંમત છે લાજશરમ ! તમે પછી લૂગડાંનું ભાન રાખી નહિ શકો. વિષ્ટા પણ ખાશો. ગંદા પાણીની નીકમાં આળોટશો. છતાં તમે લાજશરમ અનુભવી નહિ શકો.

''મારા માલની ત્રીજી કિંમત છે શક્તિ ! તમે આ માલ લઈને નિર્બળ બની જશો. કશો ઉદ્યમ કરી નહિ શકો. દુશ્મન સામે લડી નહિ શકો. શત્રુ તમારાં રાજપાટ, માલમિલકત, સ્ત્રીબાળકોને છિનવી લે

છતાં તમે એની સામા થઈ નહિ શકો.

“મારા માલની ચોથી કિંમત છે આયુ ! એટલે કે આ માલના બદલામાં તમારે તમારી ઉંમર મને આપી દેવી પડશે. આ માલના એકએક ઘૂંટડાના બદલામાં તમારે પોતાના આયખાનું એકએક વર્ષ મને સોંપવું પડશે.

“બસ, આ છે મારા માલની કિંમત. બોલો, તમને સોદો મંજૂર છે ?”

આટલું કહીને બ્રાહ્મણે રાજા ઉપર અને તમામ મંત્રીઓ ઉપર અને સભાજનો ઉપર એક તીખી નજર ફેરવી.

બધા મૂઢની જેમ અવાચક બની ગયા હતા.

એકાએક રાજા સર્વમિત્ર પોતાના આસન ઉપરથી કૂદ્યો. એણે એક જોરાવર ગર્જના કરી. પોતાની પાસે અને આજુબાજુ પડેલાં દારૂનાં વાસણ એણે ઢોળવા અને ફોડવા માંડ્યાં. કેટલાંય વાસણ એણે ઊંચકી-ઊંચકીને દીવાલો ઉપર અફાળવા માંડ્યાં. સભામાં અને મહેલમાં દારૂનાં જેટલાં પાત્ર, જેટલા કુંભ, જેટલાં માટલાં ભરેલાં હતાં તે તમામનો એણે નાશ કરી નાખ્યો.

પછી થાકેલો અને હાંફતો અને અસ્તવ્યસ્ત લૂગડાંવાળો અને વિખરાયેલા વાળવાળો એ આવીને પેલા બ્રાહ્મણના પગમાં પડી ગયો.

એ બોલ્યો, “મહારાજ ! તમે આજે મારી આંખ ઉઘાડી નાખી છે ! હું અત્યારે ને અત્યારે જ પ્રતિજ્ઞા લઉં છું કે જિંદગીમાં કદી દારૂની સામે પણ નહિ જોઉં. મારા રાજ્યમાંથી પણ દારૂનું નામનિશાન ભૂંસી નાખીશ.”

બ્રાહ્મણ પ્રસન્ન થઈ ગયો. એણે કહ્યું, ''રાજન્ ! તારો ખોબો ધર !''

રાજાએ ખોબો ધર્યો. બ્રાહ્મણે પોતાના કુંભમાંથી એ ખોબામાં કશુંક રેડ્યું.

રાજા ખોબો પી ગયો. એના ચહેરા ઉપર ખુશાલીની લહરિઓ દોડી ગઈ.

એ બોલ્યો, ''મહારાજ ! આ તો અમૃત જેવું પીણું છે. આ શું છે ?''

બ્રાહ્મણ કહે, ''આ સાકર નાખેલું પાણી છે. બોલ, એની મીઠાશ કેવી છે ?''

રાજા કહે, ''હવે હું આ જ મીઠાશ હમેશાં પીતો રહીશ. પણ હવે કહો કે આપ કોણ છો ?''

બ્રાહ્મણ કશુંય બોલ્યા વગર જતો રહ્યો. પરંતુ એનાં પગલાંની અમીટ છાપ રાજસભામાં રહી ગઈ.

અને રાજાના મંત્રીઓએ તેને સમજાવ્યું કે આવી છાપ તો બોધિસત્ત્વનાં પગલાંની જ રહે !

બોધિસત્ત્વ એટલે ભગવાન બુદ્ધનો અગાઉનો અવતાર. બૌદ્ધ કથાઓ કહે છે કે માણસે બુદ્ધપદ મેળવતાં પહેલાં લોકહિતનાં આવાં કામો કરતાં સેંકડો અવતાર ધારણ કરવા પડે છે.

# મારવું અને તારવું

ગઈ સદીમાં આપણા દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં એક

વિખ્યાત મહાપુરુષે નશાખોરી સામે મહાન ઝુંબેશ શરૂ કરી હતી. આજે આપણે કાયદા અને લોકશિક્ષણ મારફત નશાબંધીનું આંદોલન ઉપાડ્યું છે. આ મહાપુરુષે પોતાના વ્યક્તિત્વના પ્રભાવ વડે નશાખોરીને નિર્મૂળ કરવા કોશિશ કરી હતી.

એમનું નામ સહજાનંદ સ્વામી.

લોકો એમને સ્વામિનારાયણ તરીકે ઓળખે છે.

એમના જમાનામાં ધર્મને નામે જીવહિંસા થતી હતી. કેટલાક લોકો ધર્મની પ્રસાદી તરીકે મદ્યમાંસનો પણ ઉપયોગ કરતા હતા.

બીજી બાજુ કેટલાક રાજારજવાડાઓ અને લડાયક કોમો અફીણ, ગાંજા અને દારૂ વગેરેના સકંજામાં સપડાયાં હતાં.

સહજાનંદ સ્વામીએ ધર્મ અને સમાજની આ બદીઓ સામે લડત આપવાનું નક્કી કર્યું.

તેઓ હજુ યુવાન હતા. એમના ગુરુ ગોપાલ યોગીએ તેમને આજ્ઞા આપી કે તમારે આખા ભારતનું પર્યટન કરવું.

એટલે સહજાનંદે ભારતની પરકમ્મા શરૂ કરી. હિમાલયના પહાડો જોયા અને ઉત્તર પ્રદેશનાં મેદાનો જોયાં. ગંગા-જમના જેવી નદીઓ જોઈ અને મધ્ય પ્રદેશનાં વન જોયાં. જો કોઈ સાધુસંત મળે તો એની સેવા કરે અને એની પાસેથી વિદ્યા મેળવવા કોશિશ કરે. બધા સાધુઓ કાંઈ વિદ્યાવાળા નથી હોતા. છતાં સહજાનંદ તો એમની સેવા જરૂર કરે.

આવી રીતે ફરતા ફરતા તેઓ આસામ પહોંચ્યા. ત્યાં એક ગામમાં તેમણે કેટલાક સાધુઓની સાથે મુકામ કર્યો.

આ ગામમાં પિબક નામનો એક બ્રાહ્મણ રહેતો હતો.

ભારતના પૂર્વ ભાગમાં શક્તિપૂજા બહુ ચાલે છે. માતાનાં જંતરમંતર અને ધૂપનૈવેદ્ય કરે છે અને હજુ હમણાં સુધી કેટલાંક ગામોમાં પશુઓનાં બલિદાન દેવાનો રિવાજ એમણે ચાલુ રાખ્યો હતો.

એમના કેટલાક વિધિ તો આપણને ચીતરી ચડે એવા હતા.

અને આવા લોકોથી લોકો ખૂબ ડરતા રહેતા.

આ પિબકથી પણ લોકો બીતા.

એની આંખો લાલઘૂમ રહેતી. માથે મોટા વાળ રાખતો. કપાળમાં સિંદૂર ચોપડતો. એનો ભયંકર દેખાવ જોઈને છોકરાં તો છળી જ મરતાં.

ગામમાં સાધુઓ આવ્યા છે એવું સાંભળીને પિબક સાધુઓ પાસે આવ્યો. એ પોતાની સાથે માંસ અને દારૂ લઈને આવ્યો હતો. તે સાધુઓની સામે મૂકીને પિબક બોલ્યો, ‘‘આ માતાજીનો પ્રસાદ છે. ખાવ ! પીઓ !’’

સાધુઓ કહે, ‘‘અમે માંસ ખાતા નથી. દારૂ પીતા નથી.’’

આ સાંભળીને પિબક ગુસ્સે થઈ ગયો. એ ઘાંટો પાડીને બોલ્યો, ‘‘તમે માતાજીના પ્રસાદનું અપમાન કરો છો. તમારી આ હિંમત ? મારો તમને હુકમ છે, રાજીખુશીથી આ પ્રસાદ ખાઓ-પીઓ, નહિતર જોયા જેવી થશે.’’

આમ કહીને પિબકે પોતાની શક્તિનો પરચો દેખાડવા માંડ્યો. એણે અડદનો એક દાણો મંતરીને જમીન ઉપર નાખ્યો. થોડી જ વારમાં એ દાણો જ્યાં પડેલો તે જમીનમાંથી ધુમાડાના ગોટા નીકળવા લાગ્યા. એ પછી એણે મૂઠી ભરીને અડદના દાણા એક ઝાડ ઉપર

નાખ્યા. ઝાડમાંથી પણ ધુમાડાના ગોટેગોટા નીકળ્યા અને જોતજોતાંમાં તો ઝાડ બળીને ઠૂંઠું થઈ ગયું. !

આ પછી પિબકે સાધુઓને કહ્યું, ''જોઈ લીધી ને મારી શક્તિ ? માટે કહું છું કે આ પ્રસાદ ખાઓ-પીઓ. નહિતર તમારી દશા પણ આ ઝાડ જેવી જ કરી મૂકીશ !''

સાધુઓ તો આ ચમત્કાર જોઈને ભયભીત બની ગયા.

સ્વામી સહજાનંદ કે જેઓ તે વેળા નીલકંઠ વર્ણી તરીકે ઓળખાતા હતા, તે આ બધો વખત એક બાજુ બેઠા હતા. બધી વાતો સાંભળતા હતા અને તાલ જોતા હતા.

સાધુઓ બધા ડરી ગયા છે એ જોઈને હવે એ ઊભા થયા. એ બોલ્યા, ''ભાઈ પિબક, દુનિયામાં મારવા કરતાં તારવાનું મહત્ત્વ વધારે છે. ઝાડને બાળવા કરતાં એને લીલુંછમ બનાવી દેવું વધારે સારું છે. તમે લીલાનું સૂકું તો કર્યું. પણ શું તમે સૂકાનું લીલું કરી શકો ? જે મર્યું છે એની અંદર પ્રાણનો સંચાર કરી શકો ? ખરેખરી મોટાઈ તો એમાં છે. ખરો ચમત્કાર તો એ છે.''

પિબકે લાલચોળ આંખે આ જુવાન સાધુ સામે જોયું. એ આંખ જોઈને બીજા સાધુઓ ડરી ગયેલા. પણ નીલકંઠ ઉપર એની કશી અસર ન થઈ. એ તો શાંતિથી અદબ વાળીને ઊભા રહ્યા.

પિબક ભયંકર અવાજે બોલ્યો, ''સૂકાનું લીલું કદી થાય નહિ ! જે મર્યું છે તે સજીવન થાય નહિ !''

એટલે નીલકંઠ બોલ્યો, ''ત્યારે એમ જ કહે ને, ભાઈ, કે તને મારતાં આવડે છે, જિવાડતાં નથી આવડતું ! આવી મારકણી વિદ્યા શા કામની ? એનાથી તું ભોળા લોકોને અને કેટલાક સાધુઓને

ડરાવી શકે.''

આ પહેલાં પિબકને આવું કહેનાર કોઈ મળ્યું નહોતું. એ તો જુવાન સાધુની બેધડક વાણી સાંભળીને હબકી જ ગયો. પરંતુ એનું અભિમાન ગયું નહિ. એણે પડકાર ફેંક્યો, ''અબે જુવાન ! શું તારામાં એવી શક્તિ છે ખરી ? તું શું સૂકાનું લીલું કરી શકે ?''

નીલકંઠે કહ્યું, ''ભાઈ, મારી તો કશી શક્તિ જ નથી. પરંતુ વિશ્વમાં એક શક્તિ છે ખરી, જે સૂકાનું લીલું કરી શકે, ઠૂંઠાને ફળફૂલવંતું બનાવી શકે, જડને ચાલતું કરી શકે. એ પ્રેમ અને કરુણાની શક્તિ છે.''

નીલકંઠે આમ કહીને આંખો મીંચી કશીક પ્રાર્થના કરવા માંડી.

અને જોતજોતાંમાં તો પેલા બળી ગયેલા ઠૂંઠામાંથી ડાળીઓ ફૂટવા લાગી. લીલાંછમ પાન ઊગવા લાગ્યાં. ફૂલ પણ ખીલ્યાં અને ફળ પણ લટકવા લાગ્યાં. ઘડીભરમાં તો આ ઝાડ સુંદર અને ઘટાદાર વૃક્ષ બની ગયું.

સાધુઓ આનંદમાં આવી ગયા અને તાળીઓ પાડવા લાગ્યા. એમણે નીલકંઠની જે બોલાવી.

પિબક એકદમ નીલકંઠ વર્ણીના પગમાં પડી ગયો.

નીલકંઠે એને કહ્યું, ''પ્રતિજ્ઞા કર કે હવે પછી માંસ કે મદ્યનો પ્રસાદ નહિ બનાવું. એવું કશું ખાવા-પીવાનું છોડી દઈશ. ગરીબો અને સાધુસંતોની સેવા કરીશ.''

પિબક બોલ્યો, ''સ્વામીજી ! તમારી વાત મને કબૂલ છે. આજે હું સમજ્યો કે મારવાની શક્તિ એ સાચી નથી. ડૂબતાને તારવાની શક્તિ જ સાચી શક્તિ છે. જંતરમંતર બધું નકામું છે. માનવી ઉપરનો

અને આખી સૃષ્ટિ ઉપરનો પ્રેમ એ જ સાચી શક્તિ છે. વળી, માંસ-મદ્ય વડે શક્તિ આવી શકે એ ભ્રમ પણ ખોટો છે. આજે હું પ્રતિજ્ઞા કરું છું કે આ બંને ચીજોને કદી અડકીશ પણ નહિ.''

આ કથામાં ચમત્કારની વાત છે. એ સાચી હશે કે ખોટી એની આપણને ખબર નથી. પરંતુ એની જે મૂળ વાત છે કે દારૂ વગેરેથી શક્તિ નથી મળતી તે તો તદ્દન સાચી જ છે. અને ચમત્કાર દેખાડીનેય સહજાનંદે એક દારૂડિયાને સાચે રસ્તે વાળ્યો એ બદલ એમને લાખલાખ વંદન ઘટે છે.

# પશુમાંથી દેવ

સહજાનંદ સ્વામી એકલા દારૂના જ નહિ, તમામ પ્રકારના નશાના વિરોધી હતા.

એમણે હજારો લોકોને નશાખોરીમાંથી છોડાવેલા.

કોઈક વાર ચમત્કાર દેખાડતા.

કોઈક વાર ઉપદેશ આપતા.

કોઈક વાર માણસને પ્રેમ અને સમજાવટથી સાચે મારગે ચડાવતા.

તેઓ કાઠિયાવાડમાં ફરતા હતા ત્યારની એક વાત છે. નશાખોરને નશામાંથી મુક્ત કરવાની એક ગુરુચાવી પણ આ અમૃતકથામાં પડેલી છે.

મૂળુ ખાચર નામના એક કાઠી દરબાર હતા.

એમને અફીણ ખાવાની અને તમાકુ ભરેલો હોકો પીવાની

જબરી લત લાગેલી.

સહજાનંદ મહારાજ કહે, ''દરબાર, આ હોકો છોડો !''

મૂળુ ખાચર કહે, ''એ ન છૂટે !''

મહારાજ કહે, ''તો અમને છોડો.''

મૂળુ ખાચર કહે, ''એ પણ ન બને !''

મહારાજ હસ્યા. એ સમજી ગયા કે ખાચર નશાના ગુલામ છે. એમને ધીમે ધીમે સાચે મારગે ચડાવવા પડશે.

થોડા વખત પછી મહારાજને વડતાલ જવાનું થયું. વડતાલમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનતા ભક્તોનો મેળો હતો. આવા મેળાને તેઓ સમૈયો કહે છે.

મહારાજ કહે, ''મૂળુભા ! તમેય ચાલો.''

એટલે મૂળુભા ભક્તોના સંઘ સાથે મહારાજની પાછળપાછળ ચાલ્યા પણ પોતાનો વહાલો હોકો તો સાથે ને સાથે ! રસ્તામાં લાગ મળે ત્યાં મૂળુ ખાચર હોકો ઝગવીને ગુડગુડગુડ કરતા ફૂંકો ખેંચે !

રસ્તામાં એક મોટું ગામ આવ્યું. ગામના લોકો ભક્તિભાવવાળા હતા. સાધુસંતો અને સંઘ પાદરમાં આવ્યો છે એ જાણીને ગામલોકો બહાર આવ્યા. સંઘનાં દર્શન કરવા લાગ્યા. યાત્રાળુ સંઘને માન આપવાનો આપણા દેશનો જૂનો રિવાજ છે.

ગામલોકો પણ જુએ છે કે સ્વામિનારાયણના સંતો ને ભક્તો ખૂબ સાદા, સમજુ માણસો છે. સંઘમાં ક્યાંય કોઈ તમાકુ, અફીણ, ભાંગ કે ગાંજાનો ઉપયોગ કરતા નથી. ગામને પાદર સાધુસંઘો ઘણા આવતા અને ઘણાખરા સાધુઓ તો ગંજેરી અને ભંગેરી જ દેખાતા. એટલે આ નશામુક્ત સંઘને જોઈને લોકો બોલવા લાગ્યા કે વાહ !

આ સંતો ખરા ! આ ભક્તો સાચા !

પણ આ લોકો ફરતા ફરતા મૂળુ ખાચર પાસે આવ્યા અને જરાક નવાઈ પામ્યા. મૂળુભા તો ટેસથી હોકો ગગડાવતા હતા !

ગામલોકો કહે, ''અલ્યા ભાઈ, આ સંઘમાં બધા સ્વામિનારાયણના ભક્તો છે, પણ આ કોઈ ઈતર આદમી લાગે છે !''

આ સાંભળીને મૂળુ ખાચર કહે, ''એવું કાં બોલ્યા, ભા ? હું પણ સ્વામિનારાયણનો જ ભગત છું !''

લોકો કહે, ''ખોટી વાત કરો મા ! આ સંઘ જોઈને અમને ખબર પડી ગઈ છે કે સ્વામિનારાયણના ખરા ભક્ત કેવા હોય ! એ કોઈ નશો કરતા નથી. તમે તો બનાવટી આદમી લાગો છો !''

આ સાંભળીને મૂળુભાને માઠું લાગ્યું. એમને થયું કે મારે લીધે તો સ્વામિનારાયણનો આખો સંઘ વગોવાય છે.

એમણે તો હોકાનો કરી દીધો ઘા ! માટીનો હોકો ભાંગીને ટુકડેટુકડા થઈ ગયો.

મૂળુ ખાચર કહે, ''આજથી હોકો બંધ !''

આમ, હોકો ગયો.

પણ અફીણ હજુ છૂટ્યું નહોતું.

જરાક ફુરસદ મળ્યે દરબાર 'કાંકરી' મોંમાં નાખી લેતા !

આમ કરતાં સંઘ વડતાલ પહોંચ્યો. સમૈયો મોટો હતો. દૂરદૂરથી ગામલોકો અને ભક્તો મહારાજનાં અને સંઘનાં દર્શન કરવા અને મેળો મહાલવા આવ્યાં હતાં. તેઓ સૌ ફરતા ફરતા

મૂળભા પાસે આવે અને એમને અફીણની 'કાંકરી' ખાતા જુએ.

લોકો બોલવા લાગ્યા, "અહીં તો સત્સંગી લોકોનો મેળો જામ્યો છે, પણ આ માણસ સંઘની અંદર બેસીને અફીણ ખાય છે. એ સંઘનો માણસ નથી લાગતો. સહજાનંદ આવા લોકોને પોતાના સંઘમાં સામેલ ન કરે."

મૂળુ ખાચર આ સાંભળીને બોલ્યા, "ભાઈ, હું બહારનો માણસ નથી. સંઘનો જ છું. સહજાનંદ મહારાજ પોતે આગ્રહ કરીને મને અહીં લાવ્યા છે."

લોકો કહે, "અરે દરબાર ! આવું જુઠું કાં બોલો ? નકામા જૂઠું બોલીને સહજાનંદને બદનામ ન કરો તો સારું !"

આ શબ્દો મૂળુભાને હાડોહાડ લાગી ગયા.

એમને થયું કે મારે લીધે આ તો સહજાનંદ મહારાજ વગોવાય છે !

મૂઉં આ અફીણ !

એમ વિચારીને અફીણ એમણે ફેંકી દીધું !

ફરી વાર અફીણને અડક્યા પણ નહિ.

થોડા દિવસ પછી સહજાનંદ મહારાજને કાને વાત આવી કે દરબાર મૂળુ ખાચર તો હવે હોકો પીતા નથી અને અફીણ ખાતા નથી.

એટલે સહજાનંદે એમને પોતાની પાસે બોલાવીને પૂછ્યું, "કેમ દરબાર, આ હું શું સાંભળું છું ? તમે હોકો અને અફીણ બેય બંધ કરી દીધાં ?"

મૂળુભા કહે, "મહારાજ, એકમાં સંઘ વગોવાતો હતો અને

બીજામાં તમે વગોવાતા હતા. એટલે મેં તો બેયને ફારગતી આપી દીધી !''

મહારાજ હસી પડ્યા. કહે. ''પણ મેં તો તમને આ છોડવાનું નથી કહ્યું !''

મૂળુભા કહે, ''તમારી એસ્તો ખૂબી છે ! તમે બોલો છો ઓછું, પણ માણસને એવી રીતે વાળો છો કે એ પશુમાંથી દેવ બની જાય!''

## ગાંધીજીનું વસિયતનામું

મહાત્મા ગાંધીજી એટલે આપણા રાષ્ટ્રપિતા.

ઈ.સ. ૧૯૧૫ થી ૧૯૪૮ સુધી ભારતના મહાન નેતા અને ભાવી ભારતના ઘડવૈયા.

એમના એક સાથી શ્રી છગનલાલ ન. જોષીએ કહેલી ગાંધીજીની એક કથા અહીં યાદ કરવા જેવી છે.

ઈ.સ. ૧૯૩૦ના અરસાની વાત છે.

ગાંધીજીના એક પુત્ર દેવદાસ ગાંધી ઈ.સ. ૧૯૨૮-૨૯માં દિલ્હીની જામિયા મીલિયા નામની રાષ્ટ્રીય મુસ્લિમ યુનિવર્સિટીમાં કાંતણ-પિંજણના શિક્ષક તરીકે કામ કરતા હતા. તે વખતે એમના ભાઈ હરિલાલનો નાનો દીકરો રસિક એમની સાથે રહેતો હતો.

થોડા વખત પછી રસિક ટાઈફૉઈડ તાવમાં સપડાયો. દાક્તરોએ તેને બચાવવાની ઘણી કોશિશો કરી. ખૂબ દવાદારૂ કર્યાં. ઈંજેક્શન વડે એને ખોરાક આપવાની કોશિશ કરી. પરંતુ તેઓ રસિકને બચાવી ન શક્યા.

ગાંધીજીને આ વાતની ખબર પડી. રસિકને દાક્તરોએ કેવી કેવી દવાઓ આપી એ પણ એમણે જાણ્યું. એમને ઘણું દુઃખ થયું.

એટલે એક દિવસ, જ્યારે વહેલી સવારે તેઓ શ્રી છગનલાલ જોષી સાથે વહેલી સવારની લટાર મારવા નીકળેલા ત્યારે એમણે નીચે મુજબ વાત કરી.

તમે મારા વારસ છો, નજીકના સગા છો. તમે મારી વાત વધારે સમજો. માટે તમને આ કહું છું. આને મારું વસિયતનામું સમજવું.

કદાચ હું ગંભીર માંદગીને કારણે બેભાન થઈ ગયો હોઉં અને મને ભાનમાં લાવવા માટે કોઈ દાક્તર બ્રાન્ડી કે બીજો દારૂ મારે શરીરે કે છાતીએ ચોળવા માગે તો એનો સામનો કરજો. દાક્તરો તમને બાઘા કે વેદિયા કહે તો પણ તમે નમતું ન જોખશો.

દારૂએ ભારતને પાયમાલ કર્યો છે અને શ્રમજીવી મજૂરોનું જીવન એનાથી ધનોતપનોત થઈ જાય છે. માટે દારૂબંધીને વેગ મળે તેમ કરજો.

o

તો આ છે આપણા રાષ્ટ્રપિતાનું વસિયનામું. આ છે એમણે આપણને આપેલો અમૂલો વારસો.

આપણે એમના લાયક વારસદાર બનીએ.

## મહાન લેનિનની એક વાત

આપણે ભારતના રાષ્ટ્રપિતા ગાંધીજીની વાત કરી, તો હવે રૂસના રાષ્ટ્રપિતા લેનિનની પણ એક વાત યાદ કરી લઈએ.

લેનિન હમેશાં ખૂબ સાદાઈથી જીવતા. સસ્તી કાળી રોટી અને ચા, એ જ એમનો મુખ્ય ખોરાક હતો.

દારૂ અને બીજા નશાઓ સામે એમને સખત નફરત હતી.

હવે એમની આગેવાની હેઠળ રૂસમાં ક્રાંતિ થઈ ત્યારની આ વાત છે.

એમના અને બોલ્શેવિક કાર્યકરોના પ્રભાવે દેશના જુલમગાર રાજાને ઉખેડી નાખવામાં આવ્યો અને મહેનત કરનારાઓનું રાજ આવ્યું. ક્રાંતિ સફળ થઈ.

આથી સૌ કામદારો, કિસાનો અને લોક-સૈનિકો ખુશાલીમાં આવી ગયા. અને એમની સાદી સમજણ પ્રમાણે ખુશાલી એટલે દારૂ !

રૂસનો 'વોડકા' દારૂ ઘણો જાણીતો છે. એ ઘણો જલદ હોય છે.

લેનિનને સમાચાર મળ્યા કે ક્રાંતિ સફળ થવાથી દેશની શેરીઓમાં 'વોડકા'ની નદીઓ વહેવા લાગી છે.

લેનિને કહ્યું, ''લોકોને કહો કે નશાખોરીનાં માઠાં પરિણામ આવશે.''

પણ માને કોણ ?

એટલામાં રૂસના દુશ્મનોએ રૂસ પર ચડાઈ કરી. કુલ એકવીસ દેશોનાં ધાડાં આ નવી જાતના રાજ ઉપર તૂટી પડ્યાં. કેટલીક જગ્યાએ રૂસના લોક-સૈનિકોની હાર થવા લાગી.

લેનિન સમજી ગયા કે આ બધો 'વોડકા'નો પ્રતાપ છે.

એટલે હવે તો એમણે રીતસરનું એક ફરમાન જ બહાર

પાડ્યું : વોડકા જ્યાં દેખાય ત્યાં તેનો નાશ કરો ! એ પણ ક્રાંતિનું જ એક કાર્ય છે.

લેનિન માટે લોકોને ખૂબ માન હતું. એમણે તરત જ ગામેગામ અને શહેરેશહેરમાં વોડકા ઢોળી નાખ્યો.

અને એમ નશાખોરીથી મુક્ત થયેલા નૂતન રૂસી સોવિયેત સમાજે એકવીસ-એકવીસ દુશ્મનોની સામે ટક્કર ઝીલી અને પોતાના દેશની આઝાદી બચાવી રાખી.

# સોળ હજાર માનવી મોતના ખપ્પરમાં !

દારૂ જેવાં પીણાં માટે એક દલીલ એવી કરવામાં આવે છે કે તે ઠંડી સામે રક્ષણ આપે છે. ગરમાવો આપે છે.

આ દલીલ કેટલી ખોટી છે તે બતાવતી એક કથા જાણવા જેવી છે.

કથા તદ્દન સાચી અને ઐતિહાસિક છે.

રૂસ દેશમાં બેએક સદી પહેલાં કેથેરીન નામની એક રાણીનું રાજ હતું. રાણી બહુ જબરી હતી. મુત્સદી હતી. એણે રાજને બહુ મજબૂત બનાવેલું. આથી એ ‘કેથેરીન ધી ગ્રેટ’ એટલે કે મહાન કેથેરીન કહેવાતી.

એનો વડો પ્રધાન એનો જ દીકરો વાતુસ્કીન હતો.

હવે એક વાર કેથેરીને કોઈક લડાઈમાં કશોક વિજય મેળવ્યો. એટલે એ ખુશ થઈ ગઈ.

એણે કુંવર વાતુસ્કીનને કહ્યું, ''આજના પ્રસંગની ખુશાલીમાં આપણા પ્રજાજનોની એક મહેફિલ ગોઠવો.''

એ વખતે રૂસના પ્રજાજનો મુખ્યત્વે ખેડૂતો હતા. એમને વાતુસ્કીને નોતરું આપ્યું : મહારાણીની મહેફિલમાં પધારજો.

મહેફિલ ખુલ્લામાં યોજાઈ હતી. આજુબાજુનાં ગામડાંમાંથી હજારો ખેડૂતો એમાં ભાગ લેવા માટે આવી પહોંચ્યા. રાજ્ય તરફથી કેટલાક તંબૂ ઊભા કરવામાં આવ્યા હતા. એમાંથી જેને જે જોઈએ તે ખાવાનું અને પીવાનું મળે એવી વ્યવસ્થા હતી.

ખેડૂતોએ પહેલાં તો પેટ ઠાંસીઠાંસીને ખાધું.

પછી ખૂબ દારૂ પીધો.

બધા ખૂબ નાચ્યા.

ગીતો ગાયાં.

અને બધા વળીવળીને દારૂ પીતા રહ્યા.

મહેફિલ મધરાત લગી ચાલી.

ત્યાં સુધીમાં સૌ ખેડૂતો દારૂ પીને છાકટા બની ચૂક્યા હતા. પોતપોતાને ગામ જવાના એમને હોશ નહોતા. એટલે સૌ આજુબાજુના રસ્તાઓ અને ખેતરોમાં સૂઈ ગયા.

મોસમ શિયાળાની હતી. રૂસનો શિયાળો ઘણો ઠંડો હોય છે. આખો શિયાળો બરફ વરસે છે.

આ રાત વળી ઔર ઠંડી નીવડી.

સવાર પડી ત્યારે રસ્તાઓ પર અને ખેતરોમાં પડેલા સોળ હજાર ખેડૂતો મરી ગયેલા મળી આવ્યા !

આપણને રાતે ટાઢ વાય તો ઓઢી લઈએ છીએ.

ઓઢવાનું ન મળે તો બીજી કોઈક રીતે હૂંફ શોધી કાઢીએ છીએ. જ્યાં ઠંડો પવન ન લાગે એવા ખૂણામાં સૂઈ જઈએ છીએ.

કારણ કે આપણે ભાનમાં હોઈએ છીએ.

પરંતુ આ ખેડૂતો તો દારૂ પીને ભાનસાન ખોઈ બેઠા હતા.

પરિણામે એક જ રાતમાં સોળ હજાર આદમી મોતના ખપ્પરમાં હોમાઈ ગયા.

# પેગંબર પાછા વળ્યા ત્યારે.......

આશરે તેરસો વરસ પહેલાંની વાત છે.

વાત અરબસ્તાનની છે.

એ વેળા અરબસ્તાન અસંસ્કારી હતું. એકબીજા સામે લડતી નાનીમોટી ટોળીઓમાં વહેંચાયેલું હતું. ધર્મને નામે જાતજાતનાં ધતીંગ ચાલતાં હતાં. માણસની રહેણીકરણી માટે કોઈ નિયમો, કોઈ સિદ્ધાંતો, કોઈ આચારવિચાર નક્કી થયા નહોતા.

જેમની પાસે થોડુંક ધન હતું તેઓ દારૂ, જુગાર અને એવી એવી બદીઓમાં એ ધન વેડફી નાખતા. દુનિયાના પટ ઉપર એ વેળા આરબોની કોઈ હસ્તી નહોતી. કશાં વિદ્યાકળા કે વિજ્ઞાન વિકસ્યાં નહોતાં. કારણ કે જ્યાં નશાખોરી હોય છે ત્યાં વિકાસ હોતો નથી.

આવા દિવસોમાં ઈસ્લામના સ્થાપક હઝરત મહંમદ પયગંબરનો જન્મ થયો.

એમની એક પ્રસંગકથા છે.

હઝરત મહંમદ સાહેબ એક વાર કોઈ કામે બજાર તરફ જઈ રહ્યા હતા.

રસ્તામાં એમણે જોયું કે કેટલાક લોકો ટોળે વળીને આનંદ કરી રહ્યા છે. કેટલાક લોકો હસે છે, કેટલાક ગાય છે અને કેટલાક તો ખૂબ ઉત્સાહમાં આવીને નાચે પણ છે.

લોકોને ખુશ જોઈને દરેક મહાપુરુષને આનંદ થતો હોય છે. પોતાના નગરવાસીઓને આવા ખુશ-ખુશાલ જોઈને મહંમદ સાહેબને પણ અત્યન્ત આનંદ થયો. તેઓ હસતાહસતા બજાર તરફ ચાલ્યા.

આ પછી થોડી વારે તેઓ પોતાનું કામ પતાવીને પાછા વળ્યા.

જ્યારે પેલા ટોળા પાસે થઈને પસાર થયા ત્યારે એમણે શું જોયું ?

કેટલાક લોકો આમતેમ બેસુધ પડ્યા હતા.

કેટલાક સામસામે અર્થ વગરની ગાળો બોલી રહ્યા હતા.

અને કેટલાક તો તલવારબાજી ઉપર આવી ગયા હતા !

અને એ સૌની વચ્ચે શરાબના હાંડા અને પ્યાલીઓ અને સુરાહીઓ આમતેમ રખડતાં હતાં.

હઝરત પયગંબર સમજી ગયા કે આ લોકોનો આનંદ ખોટો હતો. એ આનંદ જ નહોતો. ખાલી ઉશ્કેરાટ હતો. સાચો આનંદ માણસને વધુ તંદુરસ્ત બનાવે, વધુ સમજુ બનાવે, વધુ પ્રેમાળ બનાવે. જ્યારે આ લોકોએ તો શરાબનો ઉશ્કેરાટ જ મેળવ્યો હતો, અને હવે એકબીજાનાં ગળાં કાપવા તૈયાર થયા હતા.

હઝરતે એ જ વેળા નક્કી કર્યું કે પોતે ભાઈચારા અને પ્રેમ અને દયાનો જે એક નવો ધર્મ સ્થાપવા માગતા હતા એનો પાયાનો એક

નિયમ આ રહેશે -

નેક મુસ્લિમ શરાબ પીશે નહિ.

# સ્નેહની શક્તિ

નશાખોરી સામે કાયદો જરૂર કામ કરે. પરંતુ પ્રેમભરી સમજાવટ એથી પણ મોટું કામ કરી જાય છે.

એ દર્શાવતી એક અમૃતકથા છે.

કથા ચૈતન્ય મહાપ્રભુની છે.

બંગાળના એ મહાન સંત. ૧૫મી સદીમાં બંગાળના નવદ્વીપ ગામમાં એ જન્મેલા. મૂળ નામ વિશ્વંભર. એમના શરીરનો રંગ ગોરોગોરો હોવાથી એક નામ ગૌરાંગ પણ હતું. અને એના પર કોઈની નજર ન લાગી જાય એ માટે માતાએ નિમાઈ નામ પણ રાખેલું. નિમાઈ એટલે કડવો.

એમણે ચોવીસ વરસની ઉંમરે સંન્યાસ લીધો. નામ કૃષ્ણ ચૈતન્ય રાખ્યું.

એ પછી તેઓ ચૈતન્ય મહાપ્રભુ તરીકે ઓળખાયા. દેશભરમાં તેઓ સુવિચારોનો પ્રચાર કરતા ઘૂમ્યા હતા. ગુજરાતમાં પણ આવેલા અને એક વિષકન્યાને એમણે ભક્તિને મારગે ચડાવેલી. તેને અંગેની એક સરસ નવલકથા આપણા ગુણવંતરાય આચાર્યે લખેલી છે. એ કથાનું નામ 'પિયારી કાનન' છે. કોઈ વાર મળી જાય તો વાંચજો.

તમામ સંત પુરુષોની જેમ, ચૈતન્ય પણ નશાખોરીની વિરુદ્ધ હતા. એમણે એક ખરાબમાં ખરાબ નશાખોરને કેવી રીતે સુધાર્યો એ

જોવા જેવું છે.

બંગાળના એક શહેરમાં ચૈતન્ય પહોંચ્યા ત્યારે ત્યાંના લોકોએ ફરિયાદ કરી : ''પ્રભુ, અમને આ મઘાઈના ત્રાસમાંથી ઉગારો !''

ચૈતન્યે મોહક રીતે હસીને પૂછ્યું, ''મઘાઈ કોણ છે ?''

ગામલોકો કહે, ''મઘાઈ અમારા ગામનો ભૂંડામાં ભૂંડો આદમી છે. એ જબરો ભારાડી અને શરાબી છે. ભાનમાં હોય ત્યારેય એ લોકો માટે જોખમરૂપ હોય છે. દારૂ પીને ભાન ગુમાવે પછી તો ગામનાં સ્ત્રીબાળકો અને સજ્જનો, સૌને માટે ખતરનાક બની જાય છે.''

ચૈતન્યે પૂછ્યું, ''તમે એની સાથે કેવો વ્યવહાર રાખો છો ?''

લોકો કહે, ''મહારાજ ! નબળાથી તો નારાયણ પણ વેગળા રહે. અમે આ મઘાઈથી છેટા જ રહીએ છીએ.''

આ સાંભળીને ચૈતન્યે પોતાના બે શિષ્યોને કહ્યું, ''જાવ, અને આ મઘાઈને મારી પાસે લઈ આવો.''

શિષ્યો ગામમાં ગયા. મઘાઈની તપાસ કરી. એ ઘેર નહોતો. પૂછપરછ કરતાં જણાયું કે એ તો દારૂની દુકાને બેઠો છે.

શિષ્યો દારૂની દુકાને ગયા. ત્યાં મઘાઈ પોતાના કેટલાક દોસ્તોની સાથે મળીને શરાબ ઢીંચી રહ્યો હતો. એની જીભ કરવતની જેમ ચાલી રહી હતી.

શિષ્યોએ તેને વંદન કરીને નમ્રતાથી કહ્યું, ''મઘાઈભાઈ, મહાપ્રભુ આપને બોલાવે છે.''

મઘાઈ ખુરાંટ આખલાની જેમ ગાંગર્યો, ''કોણ છે તમારો મહાપ્રભુ ? હમ કોઈ ઐસાવૈસા મહાપ્રભુકો નહીં જાનતા ! ચાલો,

ભાગો અહીંથી !''

એક શિષ્ય એને સમજાવવા લાગ્યો કે મહાપ્રભુ દયા અને પ્રેમના અવતાર છે અને લોકોને દરેક જાતની બદીઓમાંથી ઉગારવા માટે આવ્યા છે અને......

પણ આટલું સાંભળતાં સાંભળતાં તો મધાઈનો પિત્તો ઊછળ્યો. એણે આ શિષ્યના માથામાં દારૂનો શીશો ફટકારી દીધો. શિષ્યને ભારે ઘા વાગ્યો. માથામાં ફૂટ થઈ અને લોહી દડદડ કરતું વહેવા લાગ્યું.

શિષ્યો એકદમ ભાગ્યા.

જઈને ચૈતન્યને વાત કરી.

ચૈતન્ય તો જાણે કાંઈ બન્યું ન હોય એમ શાંત રહ્યા. એમણે બીજા આઠ-દસ શિષ્યોને ઊભા કરીને કહ્યું, ''એક ઘડી બાદ તમે પાછા કલાલને ત્યાં જજો. એટલી વારમાં મધાઈ શરાબ વડે બેહોશ બની જશે. એને ઉઠાવીને અહીં લાવજો.''

શિષ્યોએ તેમ જ કર્યું.

તેઓ મધાઈને ઊંચકીને લાવ્યા ત્યારે એ જરાય ભાનમાં નહોતો.

ચૈતન્યે તેને પોતાની ગાદી ઉપર સુવાડ્યો. એના પગ દાબવા માંડ્યા. એ ભાનમાં આવે એવી કોશિશો કરવા માંડી.

થોડી વારે મધાઈને જરાક ભાન આવ્યું ત્યારે એણે શું જોયું ?

પોતે ગાદી ઉપર સૂતો છે અને દિવ્ય કાંતિવાળો એક આદમી પોતાના ચરણ ચાંપી રહ્યો છે !

મધાઈ માટે આ નવીન અનુભવ હતો.

અત્યાર સુધી તો એવું બનતું કે એ છાકટો બની જાય પછી લોકો એને ઊંચકીને ગંદા પાણીની નીકમાં ફેંકી દેતા. એના ઉપર થૂંકતા. કોઈ તો વળી એને ઢેખાળા મારીને પોતાનું કોઈક જૂનું વેર વાળતા.

અને આવું બનવાને પરિણામે મઘાઈને સમાજ ઉપર ભારે નફરત થતી.

પણ આ તેજસ્વી પુરુષના મોં ઉપર તો નફરતનો એકે ભાવ નથી.

એ તો મઘાઈની સેવાચાકરી કરે છે. એની સામે પ્રેમથી હસે છે.

મઘાઈને આ જોઈને ભારે શરમ ઊપજી.

તે એકદમ ગાદી ઉપરથી ઊભો થઈ ગયો અને ચૈતન્યના પગમાં પડ્યો.

ચૈતન્યના કહેવાથી એ જ વેળા એણે દારૂને નહિ અડકવાની પ્રતિજ્ઞા લઈ લીધી.

પછી તો એ ચૈતન્યનો એક આગેવાન શિષ્ય બની ગયો.

## કાંબર, પોપટ, વાઘ અને ભૂંડ !

આપણી દેશના સાંથાલ આદિવાસીઓની એક કહાણી છે.

આવી જ કહાણી અંગ્રેજીમાં પણ છે.

આફ્રિકામાં પણ આવા જ પ્રકારની કહાણીઓ લોકમુખે પેઢી-દર-પેઢી કહેવાતી આવી છે.

તમામ ધર્મોમાં પણ શરાબ સામે લાલ બત્તી ધરતી કથાઓ છે જ.

એ સાબિત કરે છે કે વિશ્વભરની માનવતા મૂળે તો શરાબની વિરૂદ્ધ જ રહેતી આવી છે. માત્ર કેટલાક દુષ્ટ લોકો પોતાનો રોટલો શેકી લેવા માટે ભલા અને ભોળા લોકોને નશાને રવાડે ચડાવે છે.

પણ અહીં આપણે સાંથાલોની પેલી લોકકથા જ વાંચીએ.

એક વખત એવું બન્યું કે એક માણસે ભોજન બનાવવા માંડ્યું. પણ એમાં એને કશો સ્વાદ ન આવ્યો.

એટલે એણે ભોજન સાથે પાણી પીધું.

તોય એને કશો સ્વાદ ન આવ્યો.

એટલે એણે આજુબાજુનાં વૃક્ષો ઉપરથી ફળ ઉતાર્યાં અને એનો રસ પીધો.

આમ છતાં એને કાંઈ મજા ન આવી.

લોકોએ તેને પૂછ્યું, ''કેમ ભાઈ, મઝામાં ને ?''

આ માણસ મોં કટાણું કરીને કહે કે મઝા તો જરાય નથી આવતી.

એટલે પેલાએ કહ્યું, ''તમે એમ કરો. ફળોના આ રસને જરા ઉકાળીને પીઓ.''

આથી પેલા સાંથાલે તો એક મોટો ચૂલો બનાવ્યો. એની અંદર આગ પેટાવી. અંદર ઢગલેઢગલા લાકડાં નાખવા માંડ્યાં અને ચૂલા ઉપર ફળોના રસનો હાંડો ચડાવ્યો.

સવારથી સાંજ સુધી એ લાકડાં બાળતો રહ્યો. આખરે એનાં લાકડાં પૂરાં થઈ ગયાં.

હવે શું કરવું ?

ત્યાં તો એણે જોયું કે પોતાના ઘરની નજીક જ એક વડનું ઝાડ છે. ઝાડ ઘેઘૂર છે અને ઉનાળામાં પોતાનો શીતળ છાંયડો આ સાંથાલ ઉપર ને એના ઝૂંપડા ઉપર પાથરે છે.

પણ અત્યારે તો સાંથાલને છાંયડાની કશી ચિંતા નહોતી. એ તો કશુંક 'મઝા' પડે એવું બનાવવા માગતો હતો !

એટલે ભાઈસાહેબે લીધો મોટો કુહાડો અને વડનું પેલું ઝાડ કાપવા માંડ્યું. ધડાધડ ! ધડાધડ !

વડની ડાળીઓ એક પછી એક કપાતી ગઈ અને સાંથાલના ચૂલામાં બળતી રહી.

સવાર સુધીમાં આખો વડ સાફ ! એનું ઠૂંઠુંય પેલાએ કાપી નાખ્યું !

હવે વાત એમ હતી કે આ વડને આશરે ચાર જીવ રહેતા હતા.

એક કાબર.

એક પોપટ.

એક વાઘ.

એક ભૂંડ.

આ ચારેય જણાંએ જોયું કે આપણો આશરો તો કપાઈ ગયો છે. એમને ઘણું લાગી આવ્યું. એમણે તો એક પછી એક જઈને પેલા સાંથાલના હાંડામાં ઝંપલાવ્યું.

સાંથાલ એ વેળા ઊંઘી ગયો હતો. પરોઢના પહોરમાં પોતાના હાંડામાં ચાર-ચાર જીવ હોમાઈ ગયા છે એની સાંથાલને કશી જ ખબર નહોતી.

સૂરજ ચડ્યે એ ઊઠ્યો.

ભઠ્ઠો જરાક ઠંડો પડી ગયો હતો. ફળોના રસનો હાંડો છલકાઈ ગયો હતો.

સાંથાલે લાકડાનો ચમચો ભરીને એ ઊકળેલો રસ ચાખ્યો. આહા ! એના આનંદનો પાર ન રહ્યો. ફળોના રસનો સ્વાદ તમતમતો અને તૂરો અને માદક બની ગયો હતો.

આવું પીણું એણે કદી પીધું નહોતું.

એ તો હાંડો પોતાને માથે ઊંચકીને પોતાના ઝૂંપડામાં લઈ ગયો. પછી એણે બીજા સાંથાલોને બોલાવ્યા. એમને કહ્યું કે મેં એક નવી જ તરાહનું પીણું બનાવ્યું છે. એની મોજ માણવા માટે મારે ઝૂંપડે આવજો.

સાંથાલો સૌ ભેગા થયા.

એમણે પેલું નવું પીણું પીવા માંડ્યું.

શરૂઆતમાં તો એનો તૂરો ને તમતમતો સ્વાદ ન ગમ્યો. પણ જ્યાં એનાં થોડાંક ટીપાં પેટમાં ગયાં ત્યાં તો વધુ ને વધુ પીવાની એમને લાહ્ય લાગી.

તેઓ પેલા સાંથાલ પાસે ફળોનો આ નવીન રસ વધુ ને વધુ માગવા લાગ્યા, પીવા લાગ્યા.

- અને તેઓ કલબલ કલબલ કરતા બોલવા લાગ્યા. અર્થ વગરની વાતો. સંબંધ વગરની વાતો. ઢંગધડા વગરની વાતો. બસ, બોલ બોલ બોલ બોલ.....

અદ્દલ કાબરની જેમ !

આ પછી એમણે જરાક વધુ રસ પીધો.

- અને તેઓ ગાવા લાગ્યા. એક જણે ગીત શરૂ કર્યું. બાકીના સૌએ ઉપાડી લીધું. ગીતમાં ન કશો તાલ. ન કશો લય. ન કશો ક્રમ, ન કશો મેળ. પણ બધા જેમ આવે એમ ગાવા લાગ્યા.

અદ્દલ કોઈ પોપટની જેમ ! !

પીવાનું તો હજુ ચાલુ હતું.

સૌ ગાતા હતા, નાચતા હતા, એકબીજાને જેમ તેમ ગાળો દેતા હતા, ધક્કે ચડાવતા હતા, ઠોંઠથપાટ કરતા હતા.

એવામાં કોણ જાણે, શું થયું કે સૌ લડવા લાગ્યા. કારણ તો કશું જ નહોતું. કદાચ કોઈ નાચતાં નાચતાં કોઈની સાથે ભટકાઈ પડ્યું હશે.

એમણે તો એકબીજાને ધીબવા માંડ્યા. લાંબા-લાંબા જંગલી નખ વડે એકબીજાની ચામડી ચીરવા માંડી.

અદ્દલ વાઘની જેમ ! ! !

અને પીવાનું તો ચાલુ જ હતું.

પણ હવે તેઓ થાક્યા હતા. બોલીબોલીને એમનાં ગળાં દુ:ખી ગયાં હતાં. ગાઈ-નાચીને તેઓ હાંફી ગયા હતા. લડી-લડીને થાકી ગયા હતા.

એટલે ટપોટપ જ્યાં આવે ત્યાં ગબડવા લાગ્યા. કોઈ ઝૂંપડાને ખૂણે પડ્યું. પણ એને ભાન નહોતું.

કોઈ ઝૂંપડા આગળની ખાળકૂંડીમાં પડ્યું. પણ એને ભાન નહોતું.

કોઈ તો પેલા ભઠ્ઠાની ગરમગરમ રાખમાં જઈ પડ્યું. પણ એનેય ભાન નહોતું.

બધાય લોકો ભાન વગર, જ્યાં ને ત્યાં, ગંદી જગાએ આળોટતા પડ્યા હતા.

અદ્દલ ભૂંડની જેમ ! ! ! !

અને ત્યારે સ્વર્ગના દેવો આ મૂરખ સાંથાલોની દશા ઉપર હસી રહ્યા હતા,

તેઓ કહેતા હતા : "શરાબ માનવીને માનવી નથી રહેવા દેતો. એને જાનવર બનાવી દે છે. શરાબ પીનારો કાબરની જેમ કલબલ કરે છે, પોપટની જેમ ગાય છે, વાઘની જેમ લડે છે અને ભૂંડની જેમ ગંદકીમાં આળોટે છે !"

# બાકીના ફટકા પછી મારજો

ઈસ્લામે દારૂની મનાઈ ફરમાવેલી છે.

ઈસ્લામ એટલે ભાઈચારાનો ધર્મ.

અને દારૂ ભાઈચારાનો દુશ્મન છે. ભાઈભાઈ વચ્ચે અને દોસ્તદોસ્ત વચ્ચે દારૂ જ ભેદભાવ કરાવે છે.

કુરાનનો આદેશ છે કે હે ઈમાનવાળા લોકો ! દારૂ અને જુગાર નાપાક છે. એ મનુષ્યનાં નહિ પણ શેતાનનાં કામ છે. તેમનાથી દૂર રહેશો તો જન્નત પામશો. શેતાન દારૂ અને જુગાર વડે તમારા ભાઈચારામાં આગ ચાંપીને દુશ્મનાવટ ઊભી કરે છે. શેતાન તમને ખુદા અને નમાઝથી દૂર રાખવા માટે આ પ્રલોભનો આપે છે. એનાથી

છેટા જ રહેજો.

કુરાનના આ આદેશ મુજબ હઝરત અલીએ પોતાની ખુદાઈ હકૂમતમાં એક ઢંઢેરો પિટાવ્યો હતો.

આ હકૂમતમાં કોઈએ શરાબ પીવો નહિ. છતાં જે પીશે એને સો ફટકાની સજા કરવામાં આવશે.

હવે એક વાર એવું બન્યું કે કોઈ ભૂંડા સોબતીની ચડવણીથી હઝરત અલીના શાહજાદાએ જ દારૂ પીધો !

હઝરતને આ વાતની જાણ થઈ.

એમણે શાહજાદાને ભરસભામાં હાજર કર્યો. એને સખત ઠપકો આપ્યો.

અને પછી સજા ફરમાવી : સો ફટકા મારો !

અમીર-ઉમરાવોએ હઝરતને સમજાવવા માંડ્યા : ‘‘આવી આકરી સજા ન કરો. શાહજાદો બાળક છે. રાજનું ફરજંદ છે. એને ઠપકો આપ્યો છે તે પૂરતો છે.’’

પણ હઝરત અલી બોલ્યા, ‘‘ન્યાય સૌનો એકસરખો થવો જોઈએ. સજા પણ સૌને એકસરખી જ હોય. ખુદાઈ હકૂમતમાં રાજા અને રંકના ભેદ ન ચાલે.’’

આખરે શાહજાદાને દરબારની વચ્ચે જ ઊભો કરવામાં આવ્યો. એની પીઠ ઉઘાડી કરવામાં આવી, અને જલ્લાદે આવીને એને કોરડા ફટકારવા માંડ્યા.

એક.... બે... ત્રણ ..... ચાર ..... અને પાંચ......

પાંચ કોરડા વાગતાં તો ફૂલ જેવો કોમળ શાહજાદો ધરતી ઉપર ઢળી પડ્યો.

લોકોએ કહ્યું, ''હાં, હાં ! હવે બસ કરો ! શાહજાદાને પૂરતી સજા થઈ ગઈ.''

પણ હઝરત અલીએ આજ્ઞા આપી કે કોરડા મારવાનું ચાલુ રાખો.

ભોંયે પડેલા શાહજાદાની પીઠ ઉપર કોરડા વીંઝાવા લાગ્યા. એ તરફડતો રહ્યો અને કોરડા પડતા રહ્યા.

પચીસ કોરડા પછી તો એ તરફડતોય અટકી ગયો.

શાહજાદો બેભાન થઈ ગયો હતો !

અમીર-ઉમરાવો કહે, ''હજૂર ! હવે તો બસ કરો !''

એટલે હઝરત અલીએ જલ્લાદને અટકાવ્યો.

લોકો રાજી થયા કે હાશ, સો કોરડાની સજા પચીસ કોરડાથી સરી !

પણ ના, હઝરત ઇન્સાફના પક્કા હતા. એ બોલ્યા, ''બેહોશ માણસને સજા કરવી નકામી છે. એને ભાન રહેવું જોઈએ કે પોતે સજા ખમી રહ્યો છે. માટે હવે બાકીના કોરડા શાહજાદો ભાનમાં આવે પછી મારજો !''

શરાબની હકાલપટ્ટી કરવી હોય તો આવી મક્કમતા અને આટલી ઇન્સાફપરસ્તી જોઈએ.

# દો ઘડીકા શહેનશાહ !

એક હતો ઊંદરડો.

એને એક વાર તરસ લાગી.

તરસ તો એને રોજ લાગતી, અને એ ઘરને પાણિયારે જઈને આમતેમ ઢોળાયેલું પાણી પી લેતો.

પણ આજે જરા જુદી જ વાત બની.

એ પાણિયારા તરફ જતો હતો, આમતેમ જોઈ લેતો હતો, ક્યાંય બિલ્લી તો તરાપ મારવા તૈયાર નથી ઊભી ને એની ચોકસાઈ કરી લેતો હતો.

એટલામાં એ રસ્તામાં જ અટકી ગયો.

નજીકમાં જ એક પીપ પડ્યું હતું અને એની અંદર એક કાણું પડ્યું હતું. આ કાણામાંથી પાણી જેવું કશુંક રેલાઈ રહ્યું હતું. રેલો ફેલાઈને નાનું સરખું ખાબોચિયું બનવા લાગ્યો હતો.

ઊંદરભાઈને થયું કે છેક પાણિયારા સુધી જવાની શી જરૂર છે ? આ પાણી જ પી લઉં.

એણે પીપમાંથી ઢોળાયેલું પાણી પહેલાં તો જરાક ચાખી જોયું. એણે ઘરમાં હમેશાં સાવધ રહેવું પડતું. ઘરની માલિકણ બાઈ ઘણી વાર ખાવા-પીવાની ચીજોમાં ઝેર ભેળવી રાખતી. પોતાનાં એકબે ઊંદર ભાઈ-બહેનો આવા ઝેરી પદાર્થો ખાઈ-પીને ગુજરી ગયેલાં. ત્યારથી આપણો આ ઊંદર પણ સાવધાનીથી વર્તતાં શીખી ગયેલો.

પણ આ પીણું કાંઈ ઝેરી લાગતું નહોતું. એની અંદરથી દ્રાક્ષના જેવી મીઠી સુગંધ આવતી હતી !

ઊંદરભાઈએ તો પેટ ભરીને આ પીણું પીધું.

પછી એ પોતાના દરમાં ગયો. તબિયત સરસ લાગતી હતી. ઊંઘ પણ ઘસઘસાટ આવી ગઈ !

એ જાગ્યો ત્યારે ફરી વાર એને તરસ લાગી હતી. એટલે વળી

એ પાણિયારા તરફ ચાલ્યો.

પણ વળી પેલો સુગંધી પ્રવાહીનો રેલો વચમાં આવ્યો. અને એણે આ પ્રવાહી વડે જ પોતાની તરસ છિપાવી.

આ વેળા એને પોતાના શરીરમાં અજબગજબનું જોમ આવતું જણાયું. એણે છલાંગ મારી તો અગાઉના કરતાં બેવડી છલાંગ લાગી.

એક, બે ને ત્રણ છલાંગમાં તો એ પોતાના દરમાં પહોંચી ગયો.

ફરી પાછી એને ઊંઘ આવી, અને એને ઊંઘમાં અવનવાં સપનાં દેખાવા માંડ્યાં. જાણે પોતાને એક ઘોઘર બિલાડી સાથે લડાઈ થઈ ગઈ.... જાણે પોતે તીણા નહોર અને અણિયાળા દાંત વડે બિલાડીને વીંખીપીંખી નાખી.... જાણે બિલાડી જીવ લઈને ભાગી.....

આહા ! કેવું સુમધુર સપનું !

ઊંદરભાઈ કલાકો સુધી આવાં વીરતાનાં સપનાં જોતા રહ્યા.

આખરે એ ફરી વાર જાગ્યા. શરીરે જાણે સુવાણ નહોતી. કળતર થતું હતું. અંગો ઢીલાં પડી ગયાં હતાં.

પણ એને પેલું પીણું પીવાની જબરી તલપ લાગી હતી.

એ દરમાંથી બહાર નીકળ્યો.

સામે જ બિલાડી દેખાઈ.

ઊંદર ટપ કરતો પાછો દરમાં પેસી ગયો.

થોડી વાર પછી વળી બહાર નીકળ્યો ત્યારે બિલાડી આજુબાજુમાં જણાઈ નહિ.

એટલે એ સીધો પેલા પીપ પાસે પહોંચ્યો. પીપના કાણામાંથી ટપકી રહેલું પેલું પ્રવાહી એણે પીવા માંડ્યું. પણ એને એ ઓછું લાગ્યું.

આથી થોડેક દૂર જ્યાં ખાબોચિયું ભરાયું હતું ત્યાં પહોંચી ગયો. એણે લસલસલસ કરીને પેલું પ્રવાહી પીધું.

એને પોતાના શરીરમાં વીજળીનો સંચાર થતો લાગ્યો. શરીર પાછું બળવાન બનતું લાગ્યું. પોતે જાણે વિશ્વનો સૌથી શક્તિશાળી જીવ હોય, જાણે પ્રાણીઓનો શહેનશાહ હોય એવું એને લાગવા માંડ્યું.

એ કૂદકો મારીને નજીક પડેલી ઘઉંની ગુણ ઉપર ચડી ગયો અને એણે ચૂં-ચૂં-ચૂં અવાજે ચૂંકાર કર્યો. એને તો એમ જ હતું કે પોતે સિંહ જેવો હૂંકાર કરી રહ્યો છે !

એ મનમાં વિચારતો હતો : હું જબરો બળુકો ઊંદર છું. પેલી બિલ્લીબાઈ જો અત્યારે ઝપટમાં આવી જાય તો એનાં ચીંથરેચીંથરાં ઉડાડી દઉં-પેલા સપનામાં ઉડાડ્યાં હતાં એમ જ ! અરે એ બિલ્લીની શી મજાલ કે મારી સામે ઊંચી આંખ કરીને પણ જુએ....

ઊંદરભાઈ આમ વિચારતા અને ડોલતા અને ચૂંકાર કરતા ઊભા હતા. ત્યાં જ સામેથી બિલાડી આવી. ઊંદરભાઈએ એના તરફ તરાપ તો મારી, પણ પોતે લથડિયું ખાઈ ગયા. પગ કામ કરતા નહોતા !

બિલાડીએ તો એક ઝાપટ મારીને ઊંદરભાઈને દબાવી દીધા.

પછી ઊંદરભાઈને મોંમાં પકડીને એ ચાલી ગઈ.

બિચારા ઊંદરભાઈને મરતાં સુધી ખબર નહોતી કે પોતે પેલા પીપમાંથી જે પ્રવાહી પીધેલું તે દારૂ હતો, અને એના ક્ષણિક નશામાં જ પોતે દો ઘડીકા શહેનશાહ બન્યા હતા !

# ગળામાં છેદ મૂકો !

કેટલાક લોકો દલીલ કરે છે કે અમે તો નશો કરવા નથી માગતા, પણ અમારાં સગાંવહાલાં, દોસ્તો અને ઉપરી સાહેબોનો આગ્રહ જોઈને ઝૂકી જઈએ છીએ.

આ દલીલ નબળા મનના લોકોની છે. કાયરોની છે.

ખરેખર સમજી-બૂઝીને નિર્ણય કરનાર ઉપર તો કોઈનીય બળજબરીની કે કોઈનાય આગ્રહની અસર થતી નથી.

ઊલટાના આવા સિદ્ધાન્તવાદી લોકોની જ આખરે કદર થતી હોય છે. દુનિયા એમને જ માન આપે છે.

આ મુદ્દો સરસ રીતે કહેતી એક ઈતિહાસકથા છે. કથા તદ્દન સાચી છે.

કથા જામનગરના વિખ્યાત રાજા વિભા જામ અને લોધીકા ગામના દરબાર અભેસિંહ જાડેજાની છે.

એક વાર વિભા જામના જન્મદિવસનો ઉત્સવ હતો. એ ઉત્સવ ઊજવવા માટે દરબાર ભરાયો હતો.

જામનગર પશ્ચિમ સૌરાષ્ટ્રનું સૌથી મોટું રાજ્ય હતું. ત્યાંના જામ મૂળે જાડેજા વંશના હતા અને આજુબાજુનાં જાડેજા રાજ્યો સાથે એને સારો સંબંધ હતો. આથી નજીકના રાજકોટ, ધ્રોળ, મોરબી, લોધીકા, ખીરસરા વગેરે જાડેજા ઠકરાતોના રાજાઓ અને દરબારો અને ગિરાસદારો દરબારમાં આવ્યા હતા.

આમાં લોધીકાના દરબાર અભેસિંહ સ્વામિનારાયણ સંપ્રદાયના પાકા અનુયાયી હતા. એટલે દારૂ-અફીણ સામે જોવાની પણ એમને

બંધી હતી.

બીજી બાજુ ઘણાખરા રજપૂતો-ગરાસિયાઓ નશાખોર બની ચૂક્યા હતા. એમના વજીરો-દીવાનો પણ એમને આ રવાડે ચડવામાં મદદ કરતા, કારણ કે એથી રાજ્યની ખરેખરી સત્તાની લગામ એમના હાથમાં રહેતી.

જામનગરના એ વખતના દીવાન રાધુ ખવાસ હતા. એમને અભેસિંહ જાડેજા આંખમાં ખટકતા હતા. દારૂ ન પીનારો માણસ દિલ-દિમાગને હમેશાં સાબૂત રાખી શકે છે, અને અદેખાઓને આ ગમતું નથી હોતું.

આ રાધુ ખવાસે નક્કી કર્યું કે વિભા જામના જન્મદિવસના બહાને અભેસિંગને દારૂની લતે ચડાવવા.

જન્મદિવસના વિધિ શરૂ થયા. મંગળગાન સ્વસ્તિવચન વગેરે પછી એકબીજાને અફીણના કસૂંબાની અંજલિઓ અને દારૂની પ્યાલીઓ પિવડાવવાનું શરૂ થયું.

રિવાજ પ્રમાણે જામનગરના દીવાન રાધુ ખવાસે રાજા-રજવાડાને પોતાને હાથે પ્યાલીઓ વહેંચવા માંડી. પણ અભેસિંહ જાડેજાના આસન સામે આવતાં એ અટકી ગયો. પ્યાલી એણે વિભા જામ તરફ લંબાવી અને કહ્યું, "બાપુ, આ મહેમાનને તો દારૂની પ્યાલી આપ જ પોતાને હાથે આપો."

વિભા જામ બોલ્યા, "એમ કેમ ? બધાને તમે આપો છો એમ અભેસિંહને પણ તમે જ આપો ને !"

પણ રાધુ ખવાસ બોલ્યો કે બાપુ, એમને તો તમે જ આપો. એક ખાસ કારણસર હું આપને આવો આગ્રહ કરી રહ્યો છું.

રાજદરબારમાં સૌનું ધ્યાન હવે આ બાજુ દોરાયું હતું. કશીક રકઝક ચાલી રહી છે એમ સૌને લાગતું હતું. દારૂની પ્યાલી બીજા સૌને દીવાન આપે અને અભેસિંહ જાડેજાને ખુદ વિભા જામ આપે એવો આગ્રહ શા માટે ?

વિભા જામે આવા આગ્રહનું કારણ પૂછ્યું ત્યારે દીવાન કહે, ''બાપુ, અભેસિંહ જાડેજા છે રાજના ધણી, અને હું રહ્યો એક ખવાસ એટલે એ મારા હાથની આપેલી પ્યાલી કદાચ ન પણ લે. એથી આપના જ હાથે એ આપો. એટલે રૂડું પણ દેખાય અને આપનો હાથ પાછો પણ ન ઠેલાય''

વિભા જામ કહે, ''ઓહો, એટલી જ વાત છે ને ? તંઈ લાવો ને, હું મારા હાથથી જ પ્યાલી આપું.''

અને એમણે દારૂની પ્યાલી લઈને અભેસિંહ જાડેજા સામે લાંબી કરી.

પણ અભેસિંહે તો નમ્ર છતાં મક્કમ અવાજે કહ્યું, ''બાપુ! તમે તો જાણો છો કે હું સ્વામિનારાયણનો ધર્મ પાળું છું.''

''એ તો જાણીએ છીએ. પણ એથી શું ?''

''અમારા ધર્મમાં દારૂ પીવાની સખત મનાઈ છે.''

''હવે ઠીક મારા ભાઈ. એવા ધર્મ અને નિયમ પોથીમાં ને શિક્ષાપત્રીમાં શોભે. સંસારવહેવારમાં એવું કશું ન ચાલે.''

''ના, બાપુ ! મેં સ્વામિનારાયણ ધર્મ સ્વીકારતી વેળા પ્રતિજ્ઞા કરી છે કે દારૂને મોંએ અડાડવો નહિ.''

''અને કોઈક વાર અડાડવો પડે તો ?''

''તો પ્રતિજ્ઞાનો ભંગ થાય. રજપૂતનું વચન જાય. આપ તો

સમજો છો કે રજપૂતનું વચન જાય એના કરતાં પ્રાણ જાય એ બહેતર છે.''

અભેસિંહનો આટલો દૃઢ ઇન્કાર જોઈને વિભા જામ જરાક નરમ પડવા લાગ્યા.

પણ રાધુ ખવાસ એમને આમ નરમ શાના પડવા દે ? એ તો આજે આ ધરમની પૂંછડી અભેસિંહનું માન મુકાવવા માગતા હતા.

એટલે દીવાને અધવચ્ચે જ ટપકું મૂક્યું, ''અભેસિંહ બાપુ, આપ આમ વિભા જામનો હાથ પાછો ઠેલો એ તો જામ બાપુનું અપમાન જ કહેવાય ને ! અને તેય આ ભર્યા દરબારમાં ! આટઆટલા રાજવી અને ગિરાસદારોની વચ્ચે !''

રાધુ ખવાસની આ વાતે વળી વિભા જામને સડાક કરી મૂક્યા. એમનેય લાગ્યું કે આ અભેસિંહ નકામો ધરમ-ધરમ કરીને મારું અપમાન કરી રહ્યો છે.

એટલે એમણે તો ફરી વાર પ્યાલી આગળ ધરી અને કડક અવાજે કહ્યું, ''દરબાર, આમ ધરમને નામે ડાયરાનું અને મારું અપમાન ન કરો. લો, લઈ લો !''

અભેસિંહ જાડેજા સમજી ગયા કે દીવાન રાધુ ખવાસની ઉશ્કેરણી કામ કરી ગઈ છે. વિભા જામે આ વાતને પોતાના માન-અપમાનનો મુદ્દો બનાવી દીધી છે.

એમણે વિભા જામને સમજાવવાનો ફરી એક વાર પ્રયાસ કરી જોયો, ''બાપુ ! તમારું અપમાન કરવાનું તો હું સપનામાં પણ ન વિચારું. પણ દારૂ પીવાનું તો મારાથી ન બને. મારા ભગવાન સામે મેં પ્રતિજ્ઞા કરી છે. આપ મારી ટેકની કદર કરો.''

વિભા જામ કહે, "જેમ તમારી ટેક છે એમ અમારી પણ ટેક છે. અમારો હાથ ભલે કપાઈ જાય, પણ પાછો નહિ ફરે !"

વિભા જામના આ શબ્દો સાંભળીને આખા દરબારમાં સન્નાટો છવાઈ ગયો. વાત તો હઠ ઉપર ચડી ગઈ હતી. હવે કોઈ સમજાવટ, કોઈ મધ્યસ્થી, કોઈ સિદ્ધાંત કામ નહિ આવે એવું બધા સમજી ગયા.

અને રાઘુ ખવાસના આનંદનો પાર ન રહ્યો. પોતે આ ધરમની પૂછડીને બરાબર ભેખડે ભરાવી હતી !

વાતે જ્યારે આવું રૂપ લઈ લીધું ત્યારે અભેસિંહ દરબાર બોલ્યા, "બાપુ ! મેં જીવતેજીવ તો આ ભૂંડી ચીજને મોંએ નહિ લગાડવાના સોગંદ ખાધા છે. એટલે આપની પ્યાલી મોંએ લગાડવાનું તો મારાથી બની શકે એમ નથી. પરંતુ મારી ટેક પણ રહે અને આપનો હાથ પણ પાછો ન પડે એવો એક રસ્તો છે."

"શો ?"

અભેસિંહ જાડેજાએ પોતાની કેડે ખોસેલી કટાર ખેંચી. એ કટાર વિભા જામ સામે ધરતાં કહ્યું, "મેં મોંએથી દારૂ નહિ પીવાનું પણ લીધું છે ને ! આપ એમ કરો : મારે ગળે આ કટાર વડે છેદ મૂકીને એની અંદર આ દારૂ રેડી દો ! આપનું માન પણ સચવાઈ જશે અને મારી ટેક પણ નહિ તૂટે !"

સભામાં નિઃશ્વાસોની એક લહર દોડી ગઈ.

હવે શું થશે, એની સૌને વિમાસણ થઈ પડી.

વિભા જામનો દારૂવાળો હાથ એક ક્ષણ ડોલી રહ્યો. પછી બીજી જ ક્ષણે એ હાથ એમણે પાછો ખેંચી લીધો. પ્યાલી રાઘુના હાથમાં મૂકી દીધી.

પછી એ બોલ્યા ત્યારે એમનો અવાજ લાગણીથી ભીનો હતો. ''ઠાકોર અભેસિંહ ! ધન્ય છે તમારી ટેકને ! તમે આજે અમારી આંખ ઉઘાડી નાખી. દારૂ ભૂંડી ચીજ છે એમ જાણવા છતાં અમે એ પીએ છીએ. દારૂએ આપણા ક્ષત્રિયોને બરબાદ કરી નાખ્યા એ પણ જાણીએ છીએ. પણ આવી ભીષ્મપ્રતિજ્ઞા તો એક તમે જ લીધી છે, અને આજે પ્રાણને ભોગે પણ એ પ્રતિજ્ઞા પાળવાની તૈયારી દાખવી છે. અભેસિંહ ! આવી મગરૂર ગરદનમાં છેદ મૂકવાનો ન હોય. એ ગરદનમાં તો ફૂલમાળા આરોપવાની હોય !''

આમ કહીને વિભા જામે ફૂલોની એક માળા મંગાવી અને અભેસિંહને પહેરાવી.

આખો દરબાર ''વાહ ! વાહ !''ના પોકારોથી ગાજી ઊઠ્યો.

# બળવો શમાવવાનો શ્રેષ્ઠ ઉપાય

આશરે અઢી હજાર વરસ પહેલાંની વાત છે.

એ વેળા દુનિયામાં સૌથી મોટું રાજ્ય ઈરાનનું હતું. ઈરાનમાં સાયરસ ને દારાયસ ને ઝરઝીસ જેવા અનેક શૂરવીર રાજાઓ પાક્યા હતા અને એમણે આજુબાજુના કોડીબંધ મુલક જીતી લીધા હતા.

ઈરાનની સામે જરાક ટક્કર ઝીલે એવા બે દેશો એ વેળા હયાત હતા. એક તો ગ્રીસ અને એનાં નગરરાજ્યો, જેમની બહાદુરીની અનેક કથાઓ ઇતિહાસમાં અંકિત છે.

બીજો દેશ હતો લીડિયા.

આ દેશ ઈરાનની વધુ નજીક હતો. અને રાજા સાયરસે એક

જબરદસ્ત સેના મોકલીને એને જીતી લીધો. એની સેનાને વિખેરી નાખી અને એના રાજાને કેદ પકડીને પોતાની રાજધાનીમાં રાખ્યો.

લીડિયાની પ્રજા એ વેળા ઘણી સ્વમાની અને બહાદુર હતી. એ પ્રજા ઈરાનની માલિકી લાંબો વખત સહન કરે એમ નહોતી. એનું વેરવિખેર થયેલું સૈન્ય પાછું ભેગું થયું. છૂપી મસલતો ચાલી. તૈયારીઓ ચાલી. અને એક સવારે લીડિયાએ ઈરાન સામે બળવો પોકાર્યો.

લીડિયાના બળવાની વાત શહેનશાહ સાયરસે સાંભળી. એ ગુસ્સે થઈ ગયો. એણે એક ફરમાન બહાર પાડ્યું : લીડિયાના રહેવાસીઓને હું ચેતવણી આપું છું કે બળવો શમાવી દે અને ઈરાનની માલિકીનો સ્વીકાર કરે. મારા આ ફરમાનનો ભંગ કરવામાં આવશે તો પરિણામ ખતરનાક આવશે. હું બધા જ લીડિયાવાસીઓને કાં પકડીને ગુલામો બનાવી દઈશ અને કાં કતલ કરી નાખીશ !''

શહેનશાહ સાયરસે આવું ફરમાન બહાર પાડ્યું છે એવી લીડિયાના કેદી રાજાને ખબર પડી. એ કહે કે મને શહેનશાહનો ભેટો કરાવો. મારે એમને કશીક વાત કહેવી છે.

શહેનશાહ એને મળવા તૈયાર થયો. લીડિયાનો રાજા આવ્યો અને બોલ્યો, ''શહેનશાહ ! તમારે આવું ફરમાન કાઢવાની જરૂર નથી. કારણકે આવાં ફરમાનોથી બળવા કદી શમાવી શકાતા નથી.''

સાયરસે આંખો ઝીણી કરીને પૂછ્યું, ''એમ કે ? ત્યારે બળવા શમાવવાના ઉત્તમ ઉપાયો તમે જાણતા હશો. કેમ ?''

લીડિયાનો રાજા કહે, ''જરૂર.''

''તો કહો જોઈએ. શો ઉપાય કરીએ ?'' શહેનશાહે પૂછ્યું.

રાજા કહે, ''લીડિયાવાસીઓને માટે દારૂ મફત બનાવી દો. એમને ત્યાં ઉત્તમ કપડાં મોકલી આપો. ગાવા-બજાવવાવાળાની ટુકડીઓ મોકલી આપો. બસ, આટલું કરશો એટલે બળવો ખતમ ! ફરી કદી બળવાની ઝંઝટ જ ઊભી નહિ થાય ને !

શહેનશાહે પૂછ્યું, ''તમે એવું શાથી કહી શકો ?''

રાજા કહે, ''દારૂ પીનારો નિરુદ્યમી બને છે. એનાં અંગો શિથિલ થાય છે. એને સારાંસારાં લૂગડાં પહેરીને નાચગાનના તમાશા જોવા ખૂબ ગમે છે. એની સંતતિ પણ નમાલી થાય છે. લડાયકતા તો સાવ નાશ પામે છે.''

સાયરસને આ વાત ગમી ગઈ. બળવાખોરોની સામે લડીને નકામી પોતાની સેનાની બરબાદી કરવા કરતાં આ ઉપાય સહેલો અને સસ્તો હતો.

એણે લીડિયાના ગામેગામમાં મફત દારૂનાં હાટ મંડાવી દીધાં. શરૂઆતમાં તો થોડાક દેશપ્રેમીઓ દારૂથી દૂર રહ્યા અને બળવાનો ઝંડો ફરકાવતા રહ્યા. પરંતુ પછી એમની હરોળો તૂટવા લાગી. લોકો દારૂ અને નાચગાનની લાલચે બળવાખોર સેના છોડીને ભાગવા લાગ્યા.

ધીરેધીરે આખી સેના ખતમ થઈ ગઈ.

રાજા સાયરસે લોહીનું એક ટીપું પણ વહાવ્યા વગર બળવો શમાવી દીધો.

અને લીડિયાએ પોતાનું પોતાપણું ગુમાવી દીધું. છેલ્લાં અઢી હજાર વરસના ઇતિહાસમાં લીડિયાનું નામ ફરી વાર ચમક્યું નથી !

# એક કથા અકબર-બિરબલની

બિરબલની ચાતુરીની કથાઓ, એ પણ આપણી ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે. આ કથાઓમાં આપણી પ્રજાના ગુણ-અવગુણ અને ચરિત્ર છતાં થાય છે. અને આ કથાઓ સંપૂર્ણ લોકશાહી અને બિન-સાંપ્રદાયિક કથાઓ છે. એટલે કે બિરબલ એની અંદર શહેનશાહે-હિંદની ગમે તેવી ખિલ્લી ઉડાડી શકે છે, અને એની અંદર એક મુસ્લિમ બાદશાહ તથા એક હિન્દુ દરબારી કશા જ ભેદભાવ વગર વર્તે છે.

સમાજનાં તમામ અંગોને સ્પર્શતી આ કથાઓમાં નશાબાજી વિષેની કથા પણ હોય જ, એ સ્વાભાવિક છે.

અકબરના સમયમાં હિન્દુઓ અને મુસ્લિમો માટે સંપૂર્ણ દારૂબંધી હતી. અકબરે ફક્ત કેટલાક ખ્રિસ્તીઓને દારૂ ગાળવા અને પીવાની છૂટ આપી હતી. પરંતુ તેઓ બીજા કોઈને દારૂ પાય તો સખત સજા કરવામાં આવતી.

અકબરને દારૂ તરફ ભારે નફરત હતી. અને એ નફરત એના અભ્યાસ તથા અનુભવને આધારે જન્મી હતી.

પરંતુ આપણે અકબર-બિરબલ અને શરાબની એક મઝાની અમૃતકથા જ અહીં વાંચીએ. કથા ઐતિહાસિક નથી.

o

વખત ઉનાળાનો હતો. ધોમ ધખતો હતો. બાદશાહ અકબર અને બિરબલ શિકારે નીકળ્યા હતા. આખી સવાર એમણે ઘોડાં દોડાવ્યાં હતાં, પરંતુ હવે તેઓ અને ઘોડાં થાકી ગયાં હતાં. એથી એક ઘેઘૂર વૃક્ષની નીચે એમણે બપોર ગાળવાનું નક્કી કર્યું.

તેઓ વૃક્ષ નીચે આડા પડ્યા હતા ત્યાં અકબર સફાળો બેઠો થઈ ગયો. એણે જોયું કે સામેના વૃક્ષોના ઝુંડમાં એક આદમી કોઈ અજબ છટાથી ચાલી રહ્યો છે. એ નજીકની આંબાવાડીના રખેવાળ જેવો લાગતો હતો. પણ અત્યારે તો લાકડી ખભે મૂકીને, છાતી કાઢીને રાજાની જેમ ચાલતો હતો. ચાલતાં ચાલતાં વળી લથડિયાં ખાતો હતો અને ઘોઘરે ઘાંટે ગીત લલકારતો હતો.

એની આવી અજબ ચાલ જોઈને બાદશાહે બિરબલને કહ્યું, ''અરે, બિરબલ ! આ માણસની સામે તો જો ! એની ચાલઢાલ જોવા લાયક છે !''

બિરબલે પેલા રખેવાળ તરફ જોયું. એ સમજી ગયો. રખેવાળે દારૂ પીધો હતો.

એણે કહ્યું, ''મહારાજ ! એમાં જોવા લાયક કશું નથી.''

પણ અકબર કહે, ''છે ! મને એની મસ્ત ચાલ ખૂબ ગમી ગઈ છે. એ માણસ અત્યારે સાચામાં સાચો આનંદ માણી રહ્યો છે.''

બિરબલે કપાળ કૂટ્યું. ''શું રાખ ને ધૂળ આનંદ ? આ તો બે ઘડીની મોજ, અને પછી બરબાદીનાં પોટલાં છે. એ મૂરખાએ શરાબ પીધો છે.''

અકબર કહે, ''ભલે, બે ઘડી તો બે ઘડી, પણ આ તો નિરાળો આનંદ છે. બિરબલ ! મારે આવો આનંદ માણવો છે. મને શરાબ પિવડાવ !''

આ સાંભળતાં તો બિરબલનાં મોતિયાં જ મરી ગયાં. ''શું બોલ્યા, મહારાજ ? તમારે શરાબ પીવો છે ? કાંઈ ગાંડા તો નથી થઈ ગયા ને ? તમે આ દેશના બાદશાહ છો. તમે જેવું કરશો એવું આખો

દેશ કરશે. અને દારૂ તો પાયમાલીનો રાજમાર્ગ છે. આખો દેશ ધનોતપનોત થઈ જશે !''

અકબર કહે, ''ભાઈ બિરબલ ! તારી આ ઉપદેશ આપવાની ટેવ શું કદી નહિ જાય ? તું વાતવાતમાં મને બોધ અને ઉપદેશ આપવા બેસી જાય છે. તોબા તારાથી !''

બિરબલ કહે, ''જહાંપનાહ ! તમારે મને કહેવું હોય એ કહો, પણ મારા રાજાને હું દારૂડિયો તો નહિ જ બનવા દઉં.''

પણ અકબર કહે, ''આમાં દારૂડિયો બનવાની વાત જ ક્યાં છે ? મારે તો જરાક પીને બે ઘડી આનંદમાં ઝૂમવું છે.''

બિરબલ કહે, ''એવું નથી બનતું. જે એક વાર બે ઘડી ઝૂમે છે તેને પછી ચાર ઘડી ઝૂમવાનું મન થાય છે. ચાર ઘડીવાળાને આઠ ઘડીનો મોહ લાગે છે. પછી તો એ દિવસ-રાત ઝૂમતો જ રહે છે અને એનું રાજપાટ, એની સંપત્તિ, એનાં સ્ત્રીબાળકો, સૌ લૂંટાઈ જાય છે. એ જ્યારે ભાનમાં આવે છે ત્યારે એટલો અશક્ત બની ગયો હોય છે કે લુટારા સામે ઝૂઝી પણ શકતો નથી !''

અકબરે હવે ત્રાડ પાડી, ''હવે તારો ઉપદેશિયો બકવાસ બંધ કર, અને મને દારૂ લાવી આપ. મારે દારૂનો આનંદ માણવો જ છે. આ મારો હુકમ છે !''

બિરબલ હવે શું બોલે ? આ તો રાજા, વાજાં ને વાંદરાં ! લીધી લત મૂકે નહિ !

પણ અકબરને દારૂનો સ્પર્શ તો થવા જ નથી દેવો એવો એણે મક્કમ નિરધાર કર્યો. એ વગર જ બાદશાહને દારૂની ખરાબીનો અનુભવ કરાવવાનો કીમિયો એણે ખોળવા માંડ્યો.

આખરે એ બોલ્યો, ''ખુદાવંદ ! અહીં વન-વગડામાં તો દારૂ ક્યાંથી લાવું ? કાલે આપને દારૂ અને દારૂડિયાના આનંદનો અનુભવ કરાવીશ. ત્યાં સુધી જરાક ખમી જાવ.''

આમ નક્કી કરીને બંને જણા રાજધાનીમાં પાછા આવ્યા. બિરબલે પોતાના સૈનિકોને આજ્ઞા આપી : ''શહેરના જબરામાં જબરા ચાર દારૂડિયાઓને પકડી લાવો. એમને એક ઓરડામાં પૂરો અને એમને માટે દારૂનાં ચાર-છ પીપ પણ એ ઓરડામાં મુકાવો. એમને કહેજો કે તેઓ મનફાવતો દારૂ પી શકે છે. એ બદલ કશી સજા કરવામાં નહિ આવે.''

સૈનિકોએ તો શહેર ખૂંદી વાળ્યું અને ચાર ભારાડીમાં ભારાડી શરાબીઓ ખોળી કાઢ્યા. એક ધોબી હતો, એક ખાટકી હતો, એક કાછિયો હતો અને એક કડિયો હતો. ચારે જણા અલમસ્ત જાડિયા હતા. જુવાન હતા. ખાઈપીને પડ્યા રહેતા હતા. દારૂ પીવાનું એમણે થોડા વખત પહેલાં જ શરૂ કર્યું હતું અને હજુ બળુકા જણાતા હતા.

રાજા બિરબલની સૂચના મુજબ એમને એક ઓરડામાં પૂરવામાં આવ્યા. એમને માટે ખાવાની અને પીવાની સામગ્રી પૂરી પાડવામાં આવી. તેઓ તો આટલો બધો ઉમદા કિસમનો દારૂ જોતાં જ એ ઢીંચવા લાગ્યા.

થોડી વાર પછી બિરબલ જઈને બાદશાહ અકબરને બોલાવી લાવ્યો. એમને માટે એમણે શરબતના બે પ્યાલા તૈયાર રાખ્યા હતા.

એણે કહ્યું, ''જહાંપનાહ ! આપને દારૂ અને દારૂડિયાના ખરેખરા આનંદનો અનુભવ આજે થઈ જશે. લો, મેં આપને માટે ઉત્તમ જાતના દારૂના બે પ્યાલા તૈયાર રાખ્યા છે. અને આપને સાથ આપે એવા ચાર દારૂડિયા પણ તૈયાર રાખ્યા છે.''

એણે અકબરને શરબતના પેલા બે પ્યાલા પિવડાવી દીધા. પછી બાદશાહને પેલા દારૂડિયાઓવાળા ઓરડામાં ધક્કેલી દીધા. બારણું બહારથી બંધ કરી દીધું.

બાદશાહ તો ઓરડામાં જઈને ઊભા રહ્યા. તેઓ રાહ જોતા હતા કે ક્યારે પોતાની ઉપર દારૂની અસર થાય અને ક્યારે પોતે નાચવા ને ઝૂમવા લાગે !

પેલા ચાર જણા તરફ પણ તેઓ નવાઈથી જોઈ રહ્યા હતા. તેઓ દુનિયા આખી સામે બેખબર હોય એમ વર્તી રહ્યા હતા. પ્યાલી ઉપર પ્યાલી પીતા હતા અને બકવાસ કરતા હતા. બાદશાહને લાગ્યું કે અહો ! આ લોકો કેટલી સરસ આનંદમસ્તીમાં ડૂબી ગયા છે ! પેલો બિરબલ કહે છે તે સમાધિની સ્થિતિ આ જ હોવી જોઈએ.

પરંતુ બાદશાહનો આ ભ્રમ લાંબો સમય ન ટક્યો.

દારૂડિયાઓએ તો એમને જોયા કે તરત પોત પ્રકાશ્યું.

એક દારૂડિયો બોલી ઊઠ્યો, ''અબે એય ! તું ક્યું જાનવર છે ?''

અકબર બોલ્યો, ''હું બાદશાહ અકબર છું.''

આ સાંભળતાં જ પેલો ખડખડાટ હસવા લાગ્યો. લાલ ડોળા ફાડીને બોલ્યો, ''અબે ચક્રમ ! તું શેનો બાદશાહ ? ખરેખરો બાદશાહ તો હું છું ! તું વળી ક્યાંથી ટપકી પડ્યો ? સા..... બનાવટી !''

એમ કહીને એણે બાદશાહને એક જોરદાર થપ્પડ મારી દીધી.

હવે બાદશાહને ગુસ્સો ચડ્યો. પેલા તમાચો મારનાર સામે ધસી જતાં એ બોલ્યા, ''માળા મૂરખ ! તારા બાદશાહને પણ ઓળખતો નથી ? હું અકબર છું, અકબર !''

આ સાંભળીને વળી બીજો દારૂડિયો હસી પડ્યો. એ લથડતે

અવાજે બોલ્યો, "અલ્યા ! ત.... ત...... તું ક.....ક..... કોઈ ગપ્પીદાસ લ...લાગે છે ! બાદશાહ તો આ.... આ..... આ પડ્યો ! હું એનો બ.....બ.... બાપ છું !"

આટલું કહીને એ તો અકબરને વળગી પડ્યો. ત્યાં તો ત્રીજો દારૂડિયો બોલ્યો, "અલ્યા ! આ તો ઘેટાંઓનો રાજા લાગે છે ! જુઓ ને, કેવો ગોરોગોરો અને જાડો તગડો છે ! અને એનાં આ લૂગડાં તો જુઓ !"

એમ કહીને એણે બાદશાહનાં લૂગડાં ખેંચવા માંડ્યાં. બાદશાહનાં કપડાં ફાટવા લાગ્યાં. એ અર્ધા ઉઘાડા થઈ ગયા. બિચારા શરમના માર્યા બેવડ વળી ગયા.

અને ત્યારે જ ચોથો દારૂડિયો કૂદીને એમની પીઠ ઉપર ચડી ગયો. એમના વાળ પકડીને બોલવા લાગ્યો, "ભાઈઓ ! મને તો લાગે છે કે આ ગધેડો છે, ગધેડો ! અથવા કદાચ ગધેડાનો રાજા ! મારા ગધેડા ઉપર હું આમ જ સવારી કરું છું ! ચલ બે ગધે ! ચલ, ચલ, ચલ !"

એમ કહેતાં એણે બાદશાહને લાતો ઝૂડવા માંડી.

બાદશાહે ક્રોધ કરીને એને પછાડી દીધો. ત્યારે બાકીના ત્રણે દારૂડિયા પોકારી ઊઠ્યા, "અલ્યા એય ! આ તો તોફાની ગધેડો લાગે છે ! મારો એને ! ડફણું લાવો ! લગાવો ! ઝૂડો !"

અને પછી તો ચારે જણા બાદશાહને ઝૂડવા લાગ્યા. તમાચા, મુક્કા અને લાતોનો વરસાદ વરસી ગયો એમની ઉપર. એ પણ સામનો તો કરતા રહ્યા. પણ ચારચાર પઠ્ઠા પહેલવાનો સામે એમનું કેટલું જોર ચાલે !

થોડી જ વારમાં એ ત્રાસી ગયા. એમનાં તમામ લૂગડાંનાં પણ ચીંથરાં થઈ ગયાં. અંગેઅંગે ચકામાં અને ઉઝરડા અને ઢીમણાં થઈ ગયાં. પહેલવાન દારૂડિયા તો એમને ધડાધડ મારતા જ રહ્યા.

આખરે જ્યારે આ વેદના અને આ શરમ સહન ન જ થયાં ત્યારે એ પોકારી ઊઠ્યા, ''બિરબલ ..... ! એય બિરબલ ! ક્યાં મરી ગયો આ બિરબલિયો ! અબે.... મને છોડાવ ! હું મરી જઈશ !''

અને બિરબલ તો આ ઓરડામાં પડતા એક જાળિયામાં ચહેરો રાખીને ક્યારનો આ તમાશો જોઈ રહ્યો હતો.

જ્યારે એને લાગ્યું કે હવે હદ થાય છે, ત્યારે એણે સૈનિકોને મોકલીને દારૂડિયાને પકડાવી દીધા. બાદશાહ માટે નવો પોશાક મોકલ્યો. બાદશાહ એ પહેરીને અંગેઅંગ ધ્રૂજતા બહાર નીકળ્યા. એક હીંચકા ઉપર બેસી પડ્યા.

બિરબલે પૂછ્યું, ''કાં, જહાંપનાહ ! જોઈ લીધી દારૂની મોજ?''

અકબર કહે, ''જોઈ લીધી, ભાઈ ! હવે સપનેય હું દારૂનું નામ નહિ લઉં. અને મારા રાજમાંથી પણ દારૂને હાંકી કાઢીશ.''

## નાક કાપ્યું !

એક હતો દારૂડિયો.

એણે એકબે પ્યાલી પીધી.

પછી એને કશુંક ખાવાનું મન થયું.

એટલે ઘરમાં પડેલી એક કેરી શોધી કાઢી અને છરી વડે એને

કાપીકાપીને ખાવા લાગ્યો.

ખાતાંખાતાં હાથ કાંઈ સ્થિર રહે નહિ. એટલે મોં પર, ગાલ પર અને નાક પર કેરીનો રસ ચોંટ્યો. અને સ્વાભાવિક રીતે જ માખીઓ આવીને એ રસ ઉપર બેસવા લાગી.

દારૂડિયો વારંવાર એ માખીઓને ઉડાડતો અને વારંવાર માખીઓ આવીને બેસતી. ખાસ કરીને નાક ઉપર માખીઓ બેસતી તે દારૂડિયાને જરાય ગમતું નહિ. એના મગજનો પારો એકદમ ચડવા લાગ્યો.

અને પછી તો એને એવો ગુસ્સો ચડ્યો કે છરી વડે પોતાનું નાક જ કાપી નાખ્યું.

પછી છાતી કાઢીને કહ્યું, ''કમજાત માખીઓ ! લ્યો, હવે ક્યાં બેસશો ?''

# તેજણને ટકોરો બસ થાય

પશ્ચિમના દેશોમાં દારૂનો વપરાશ ઘણો થાય છે.

પરંતુ ત્યાં તમને છાકટા લોકો ભાગ્યે જ મળે. એ લોકો અમુક પ્રમાણથી આગળ જતા નથી કારણ કે તેઓ સૌની બુદ્ધિ કેળવાયેલી છે. તેઓ વૈજ્ઞાનિક રીતે વિચારવા ટેવાયેલા છે.

અને છતાં કોઈ કદાચ હદ બહાર જાય તો પછી સુધરી જવા માટે પણ એટલા જ તત્પર હોય છે.

ઇંગ્લેન્ડના એક લેખકની આ કથા છે.

એમને મિત્રમંડળીમાં બેસીને દારૂ પીવાની આદત પડી

ગયેલી. અને મંડળીનો એવો નિયમ કે શનિવારે તો ઠાંસીઠાંસીને પી શકાય. કારણ કે રવિવારે ક્યાં કામ કરવું છે ? આરામ જ કરવો છે ને !

આ અંગ્રેજ સાહેબ પણ શનિવારે ખૂબ પીએ.

પછી ઘેર આવે ત્યારે સાવ બદલાઈ ગયેલા હોય. આખા અઠવાડિયાનો સજ્જન આદમી શનિવારની રાતે રાક્ષસ બની જાય. જેમ ફાવે તેમ બકવાસ કરે, અને ગાળો તો એવી બોલે કે કાનના કીડા ખરી પડે.

એમની પત્ની એમને બહુ વારે. રવિવારે સાહેબ જરા ભાનમાં આવે ત્યારે પત્ની એમને કહે પણ ખરી કે તમે એલફેલ બોલતા હતા. પણ સાહેબના માન્યામાં ન આવે.

આખરે પત્નીએ એક યુક્તિ કરી. આગળને શનિવારે એણે ટેપ-રેકોર્ડર તૈયાર રાખ્યું. પતિ ઘેર આવ્યા અને લવારો કરવા લાગ્યા એટલે એણે રેકોર્ડર ચાલુ કર્યું. સાહેબ જે કાંઈ ગાળો અને બદબોઈ બક્યા તે બધું રેકોર્ડ થઈ ગયું !

બીજે દિવસે એ ભાનમાં આવ્યા એટલે પત્નીએ રેકોર્ડ-ટેપ વગાડીને એમને સંભળાવી.

મૂળે સંસ્કારી આદમી હતા. લાગણીશીલ હતા. વિચારક હતા. એમને દુઃખ થયું કે અરેરે ! આવો આવો ગંદો બકવાસ શું મેં કર્યો ?

શાને પરિણામે આમ થયું ?

દારૂ પીવાને પરિણામે જ ને ?

એમણે એ જ રવિવારે પત્ની સમક્ષ પ્રતિજ્ઞા કરી કે હવે દારૂને સ્પર્શ સુધ્ધાં નહિ કરું.

અને એ પ્રતિજ્ઞા એમણે જીવનભર પાળી.

તેજણને તો ટકોરો જ બસ થાય ને !

# સિત્તેર લાખને ઠોકરે માર્યા !

બ્રિટનના એક અભિનેતા છે.

એલેક જિનેસ એમનું નામ.

જેમણે 'બ્રીજ ઑન ધી રીવર ક્વાઈ' વગેરે ફિલ્મો જોઈ હશે એમને બહાદુર અણનમ બ્રિટિશ અફસરની ભૂમિકા ભજવતા એલેક જિનેસ અવશ્ય યાદ હશે.

આવી તો સેંકડો ફિલ્મોમાં અને નાટકોમાં અને ટેલિવિઝન ઉપર એમણે ભૂમિકા ભજવી છે. અને એમની ઉમદા અભિનયકળા માટે એમની કદર પણ થઈ છે. બ્રિટનનાં રાણીએ એમને 'સર'નો ખિતાબ આપ્યો છે.

આ સર એલેક જિનેસની એક અમૃતકથા જાણવા જેવી છે.

એક વાર એક અમેરિકન ભાઈ સર એલેકને મળવા આવ્યા.

એમણે કહ્યું કે આપ માલામાલ થઈ જાવ એવી એક ઓફર લઈને હું આવ્યો છું.

સર એલેકે પૂછ્યું કે પહેલાં તમારી ઓફર શી છે એ તો કહો !

એટલે પેલા અમેરિકન ભાઈએ માંડીને વાત કરી. તેઓ એક અમેરિકન પેઢીના મેનેજર હતા. આ પેઢી વરસેદહાડે કરોડોનો દારૂ પેદા કરતી હતી. એ પેઢીને પોતાની જાહેર ખબર માટે સર એલેકનો

ઉપયોગ કરવો હતો. તેઓ ટેલિવિઝન ઉપર આ પેઢીના શરાબ સાથે દેખા દે અને એનાં વખાણ કરે !

સર એલેકની લોકપ્રિયતા એટલી બધી છે કે તેઓ જેનાં વખાણ કરે તેની તરફ લાખો લોકો વળી જાય.

મેનેજરે કહ્યું, "બસ, તમારે આટલું જ કરવાનું છે. એના બદલામાં અમે તમને સિત્તેર લાખ રૂપિયા આપીશું."

અમેરિકન મેનેજરની વાત સાંભળીને સર એલેક ઘડીભર તો છોભીલા જ પડી ગયા. દારૂની શીશી પકડીને એકાદ મિનિટ એનાં વખાણ કરવાના બદલામાં આવડી મોટી રકમ ! ઘણી વાર તો સર એલેકને એક આખી ફિલ્મમાં કામ કરવા બદલ પણ આટલી રકમ મળતી નહિ !

પણ એ કાંઈ બજારૂ કલાકાર તો હતા નહિ. એમણે અર્ધી જ મિનિટમાં પોતાનો નિર્ણય જણાવી દીધો :

"માફ કરજો, ભાઈ ! હું તમારી ઓફર સ્વીકારી શકીશ નહિ."

મેનેજરે પૂછ્યું, "કેમ ?"

સર એલેક બોલ્યા, "હું એક કલાકાર છું, અને જાણું છું કે શરાબે હજારો કલાકારોને બરબાદ કર્યા છે. એટલે મેં દારૂનો ત્યાગ કર્યો છે. દારૂબંધી એ મારો આદર્શ છે. એ આદર્શ હું કોઈ પણ કિંમતે વેચવા માગતો નથી."

પેલા મેનેજરે એમને સમજાવવા માંડ્યા કે આદર્શ તો પછી પણ પળાશે. પહેલાં તમારી તિજોરી તર કરી લો !

પણ સર એલેક એકના બે ન જ થયા. એ બોલ્યા : "સિત્તેર

લાખ તો શું, સિત્તેર કરોડ આપો, તોય શેતાની શરાબની જાહેર ખબર હું નહિ કરું !''

## થાંભલો છોડતો નથી !

આપણા ગુજરાતના એક સંતપુરુષ રવિશંકર મહારાજની આ કહાણી છે.

નશો મને છોડતો નથી, એવી દલીલ કરનારાઓ સામે રજૂ કરવા જેવી આ અમૃતકથા છે.

રવિશંકર મહારાજ એક વાર સૌરાષ્ટ્રના પ્રવાસે નીકળ્યા હતા. તેઓ સૌરાષ્ટ્રનાં રાજારજવાડાંને રાષ્ટ્રીય આઝાદીના આંદોલનમાં જોડાવા સમજાવતા હતા. સાથે જ તેઓ આ રજપૂત-ગરાસિયાઓને અફીણ, ગાંજા, દારૂ વગેરે નશા છોડવા પણ સમજાવતા હતા. એ માટે પ્રતિજ્ઞાઓ લેવડાવતા હતા.

એટલામાં એક ઠાકોરે મહારાજને કહ્યું કે મહારાજ, મેં દારૂ છોડવાની પ્રતિજ્ઞા તો લીધી છે. પણ એ મારાથી પળાતી નથી. દારૂએ મને બરાબર જકડી લીધો છે. હું તો એને છોડવા માગું છું, પણ એ મને છોડતો નથી.

મહારાજ કહે, ''તમારી વાત હું સમજ્યો. પણ હમણાં એ વાતને મેલો પડતી. કાલે તમે મારે ઉતારે આવજો. આપણે વધુ વાત કરીશું.''

બીજે દિવસે મહારાજને ઉતારે આ ઠાકોર પહોંચી ગયા. બહારની ડેલીમાં ગાદીતકિયે બેઠા અને માણસને અંદરના ઓરડામાં મોકલ્યા. કહ્યું કે જાવ, મહારાજને બહાર બોલાવી લાવો.

પેલો ઓરડાની અંદર ગયો. અંદરનું દૃશ્ય જોઈને એ તો આભો જ બની ગયો. એણે જોયું કે ઓરડાના ઘોડિયાવાટને ટેકો આપવા માટે એક થાંભલો ઊભો કરવામાં આવેલો છે, અને મહારાજ એ થાંભલાને બથ ભરીને ઊભા છે !

પેલા માણસે કહ્યું, ''મહારાજ ! ચાલો બહાર. ઠાકોર સાહેબ આપને મળવા આવી ગયા છે.''

મહારાજ કહે, ''ભાઈ ! મારાથી બહાર કેમ અવાશે ? આ બલા મારી કોટે વળગી છે!''

પેલા માણસે તો બહાર આવીને ઠાકોરને કહ્યું કે બ્રાહ્મણનું ચસકી ગયું લાગે છે! એ તો થાંભલાને બથ ભીડીને ઊભો છે અને કહે છે કે મારાથી બહાર નહિ અવાય ! આપ જાતે જ આવીને જુઓ ને, કેવો તાયફો જામ્યો છે !

એટલે હસતાહસતા ઠાકોર ઓરડાની અંદર ગયા. જુએ છે તો પેલા માણસની વાત સાચી. મહારાજ તો થાંભલાને જીવની જેમ વળગીને ઊભા છે !

ઠાકોર બોલ્યા, ''મહારાજ ! આ શું ગાંડાં કાઢો છો ! મૂકી દો એ થાંભલાને !''

પણ મહારાજ કહે, ''હું તો એને મૂકવા માગું છું, પણ એ જ મને વળગી રહ્યો છે !''

ઠાકોર કહે, ''નિર્જીવ થાંભલો તે કોઈને વળગતો હશે ?''

મહારાજે પૂછ્યું, ''ત્યારે આ દારૂ સજીવ કે નિર્જીવ ?''

મહારાજનો કટાક્ષ ઠાકોર સાહેબ તરત જ સમજી ગયા. એ ઓરડાને પાણિયારે જઈને એમણે પાણીની અંજલિ ભરી. પછી

મહારાજની સામે જ એ અંજલિ જમીન પર મૂકતાં બોલ્યા, "એ, લ્યો આ પાકી પ્રતિજ્ઞા ! હવે કદી શરાબને અડું તો મને બ્રહ્મહત્યાનું પાપ છે !"

# બસ, એક જ ટીપું !

પ્રાચીન કાળની એક બૌદ્ધ કથા છે.

આ જ કથા જુદાં જુદાં રૂપે બીજા દેશોમાં પણ ફેલાઈ છે.

કથા ખૂબ મઝાની છે, અને દારૂનું એક જ ટીપું માણસની કેવી ખાના-ખરાબી કરી શકે છે, તે આ કથામાંથી જાણી શકાય છે.

બૌદ્ધ ધર્મમાં દરેક માણસે પાંચ વ્રત પાળવાનાં હોય છે. તે પંચશીલ કહેવાય છે. આ પાંચ શીલ નીચે મુજબ છે :

૧. મન, વચન કે કર્મથી કદી હિંસા કરવી નહિ.

૨. વણઅપાયેલી કોઈ ચીજ લેવી નહિ. એટલે કે ચોરી કરવી નહિ.

૩. પરસ્ત્રીને મા-બહેન સમાન ગણવી.

૪. જૂઠું બોલવું નહિ.

૫. આથો ચઢાવેલાં કે ગાળેલાં પીણાં પીવાં નહિ અને મગજ ઉપર અસર કરે તેવી દવાઓનો ઉપયોગ કરવો નહિ.

હવે પ્રાચીન જમાનામાં એક શ્રદ્ધાળુ બૌદ્ધધર્મી સાધારણ માણસ જીવતો હતો. એનાથી એક વાર અજાણતાં શયતાનના કુંડાળામાં પગ પડી ગયો.

શયતાને તો તરત જ એને ઝડપી લીધો અને એને હેરાન કરવા

માંડ્યો. એ માણસને બિચારાને ડગલે ને પગલે મુશ્કેલીઓ પડવા માંડી. એના કુટુંબીઓ અને એના ગામ ઉપર એક પછી એક આફતો ઊતરવા માંડી.

આ માણસ સમજી ગયો કે પેલા દુષ્ટ આત્માનું આ કામ છે. એટલે એક મધરાતે સ્મશાનમાં જઈને એણે પેલા દુષ્ટ આત્માને બોલાવ્યો. એને કહ્યું કે ભાઈ, હું પાપભીરુ માણસ છું. તું શા માટે મને અને મારા કુટુંબીઓને હેરાન કરે છે ? તારે મને જે દંડ દેવો હોય તે દઈ દે !

એટલે પેલો દુષ્ટાત્મા બોલ્યો, ''મારા કોપમાંથી છૂટવું હોય તો તારે માટે એક જ ઉપાય છે. પણ એ તારાથી બની શકશે ?''

પેલો બૌદ્ધ કહે કે ઉપાય શો છે, એ તો કહો. મારાથી બનશે તો જરૂર એ અજમાવીશ.

ત્યારે દુષ્ટાત્મા બોલ્યો, ''તારે મારાં પાંચ શીલમાંથી એકનો ભંગ કરવો. જો તું એટલું કરીશ તો મને સંતોષ થશે.''

બૌદ્ધ કહે કે ભલે. મને છ માસની મહેતલ આપો. એટલા સમયમાં હું એકાદ શીલનો ભંગ કરીને તમને તૃપ્ત કરીશ.

આટલું સાંભળીને દુષ્ટ આત્મા અલોપ થઈ ગયો, અને પેલો બૌદ્ધ નાગરિક વિચારે ચડ્યો. પાંચ શીલમાંથી કયા શીલનો ભંગ કરવામાં ઓછામાં ઓછું જોખમ છે, તેનો એણે વિચાર કરવા માંડ્યો.

પહેલાં તો એને હિંસા કરવાનો વિચાર આવ્યો. પરંતુ એ વિચાર આવતાં જ એ કમકમી ઊઠ્યો. એણે જન્મીને કદી કીડી સુધ્ધાં મારી નહોતી. કોઈનું લોહી વહેતું જોયું નહોતું. એવા આદમીથી હિંસા તો થાય જ કેવી રીતે ?

બીજો વિચાર એવો થયો કે નાનકડી ચોરી કરી લઉં ? એના બદલામાં મને કદાચ થોડીક સજા થશે પરંતુ એ તો ખમી લેવાશે. બદલામાં જો શેતાન કેડો મૂકતો હોય તો ભયો ભયો !

પરંતુ શું મારાથી ચોરી થઈ શકશે ?

આ માણસને બાળપણથી જ પ્રામાણિકતાનો પાઠ મળ્યો હતો. ઘરમાં મીઠાઈ સુધ્ધાં એણે ચોરીને ખાધી નહોતી. પછી પારકે ઘેર કે પારકી દુકાને ચોરી કરવાની એની હિંમત જ ક્યાંથી ચાલે ?

અને પરસ્ત્રીને મા-બહેન ગણવાના એના સંસ્કાર એટલા ઊંડા હતા કે એનો તો વિચાર જ એણે માંડી વાળ્યો.

ચોથું શીલ સત્યનું.

ચાલ, થોડુંક જૂઠું બોલી નાખું. કોઈ ચીજના ખોટા ભાવ કરું અથવા કોઈ ગરીબ ગ્રાહક ઉપર જૂઠું લેણું કાઢું !

પણ ના, ના ! એમ મારાથી ન બને ! એક જૂઠ હમેશાં બીજાં સેંકડો જૂઠને જન્મ આપે છે. અને એ જૂઠ પછી એક આદમી પૂરતું મર્યાદિત રહેતું નથી, બીજા અનેક લોકો જૂઠની આંચમાં આવી જાય છે. અને એમ એક ઝેરી વર્તુળ ચાલે છે.

એટલે આ શીલ તોડવાનું પણ એને મુનાસિબ ન લાગ્યું.

હવે એણે પાંચમા શીલનો વિચાર કરવા માંડ્યો. આથાવાળાં પ્રવાહી એટલે દારૂ.

આ ભલા બૌદ્ધ પુરુષે દારૂ કદી પીધો તો નહોતો જ, દીઠો પણ નહોતો. કારણ કે ભગવાન બુદ્ધે આ શેતાની પીણા સામે જેહાદ જગાવી હતી અને સમગ્ર દેશમાંથી દારૂ લગભગ નિર્મૂળ થઈ ગયો હતો.

પેલા બૌદ્ધને એટલી ખબર હતી કે દારૂ એક પીણું છે. કદાચ એ થોડુંક પી લેવાથી જરાક તબિયત બગડશે. એથી વધુ શું થવાનું છે ?

એણે નક્કી કર્યું કે આ શીલ તોડવામાં ખાસ વાંધો નહિ આવે.

હવે એ જમાનામાં પણ અહીંતહીં ખાનગીમાં દારૂ ગળાતો હતો. એવી એક જગા આ માણસે ગોતી કાઢી. ત્યાં જઈને એણે થોડાંક નાણાં આપીને એક તાંસળી દારૂ ખરીદ્યો. એની ઇચ્છા હતી કે થોડોક દારૂ મોંએ લગાડીને બાકીનો ઢોળી દઈશ. બસ, દુષ્ટાત્મા સાથેનો મારો કરાર પૂરો થઈ જશે.

એણે તાંસળીમાંથી એક ઘૂંટડો ભર્યો. જીભ ઉપર તમતમાટ થઈ આવ્યો. ગળામાં જરાક ગરમાવો લાગ્યો. ઘૂંટડો પેટમાં પહોંચતાં તો એના મગજમાં કાંઈ કાંઈ ઘોડા દોડવા લાગ્યા. એને લાગ્યું કે આ તો માળું સ્વાદિષ્ટ પીણું છે ! લાવ ને, એક તાંસળી પી જ લઉં. આમેય નાણાં આપીને એ ખરીદી છે અને વળી પેલા દુષ્ટાત્મા સાથે કરાર કર્યો છે. થોડું પીશ તો પાછો એ કશોક વાંધો કાઢશે.

બૌદ્ધ નાગરિક ધીરે ધીરે કરીને આખી તાંસળી પી ગયો.

અને એના મગજનું ચક્કર ઊલટું ફરી ગયું. એ દુષ્ટ વિચારો કરવા લાગ્યો. પોતાની જાતને વિશ્વનો સૌથી બહાદુર અને હોશિયાર પુરુષ માનવા લાગ્યો.

એ ઝૂમતો ઝૂમતો બજારમાં ચાલ્યો.

રસ્તામાં એક સોનીની દુકાન આવી. ત્યાં અનેક ચળકતા અને મોહક અલંકારો દેખાયા. પેલા બૌદ્ધને થયું કે આવા થોડાક અલંકાર પોતાની પત્ની માટે લઈ લેવા જોઈએ. તેણે ચાલાકીથી બેચાર

અલંકારો ઉપાડીને પોતાના ધોતિયાની ઘડીમાં સંતાડી દીધા.

એ પછી એ દોડતો દોડતો ઘેર આવ્યો. પરંતુ એની પત્ની કશાક કામે બહાર ગઈ હતી. દારૂડિયાએ પોતાના ઘરની બારીએ ઊભા રહીને પત્નીની રાહ જોવા માંડી.

એટલામાં એની નજર પડોશના આંગણામાં ગઈ. પડોશીની પત્ની એ વેળા વાસીદું વાળી રહી હતી. એ લોકો ગરીબ હતા. પેલા બૌદ્ધે એમના તરફ આજ સુધી નજર પણ નાખેલી નહિ. પણ આજે એને આ સ્ત્રી ખૂબ સુંદર લાગી.

એટલે એ ઘરમાંથી નીકળીને પેલી સ્ત્રી પાસે ગયો. ધોતિયામાં છુપાવેલા અલંકારો એની સામે ધર્યા અને કહ્યું કે તું મને ઘણી જ રૂપાળી લાગે છે. માટે લે, આ અલંકારો પહેર અને મને હેત કર.

પેલી કહે કે પહેલાં તમે કશુંક ખાવાનું લઈ આવો. પછી બીજી વાત. કારણ કે બે દિવસથી મેં કશું ખાધું નથી. અમે ગરીબ માણસો છીએ.

બૌદ્ધ નાગરિક નશાના તોરમાં બોલ્યો કે એમાં શું ? હમણાં જ તારે માટે ઉત્તમ માંસ લઈ આવું.

એ તો કુહાડો લઈને ઊપડ્યો અને પડોશીના વાછરડાની ગરદન ઉપર એણે કુહાડો ઝીંક્યો. વાછરડો બિચારો તરત જ મરી ગયો એટલે નાગરિક એને ખભે ઊંચકીને પડોશણના ઘર તરફ ચાલ્યો.

અને ત્યારે જ એણે જોયું કે પોતાને બારણે રાજના સૈનિકો આવીને ઊભા છે !

પેલા સોનીને એની ઉપર શંકા ગઈ હતી અને એણે સૈનિકોને

એની જડતી લેવા મોકલ્યા હતા.

થોડી જ વારમાં વાછરડાનો માલિક પણ રોતો ને કકળતો દોડી આવ્યો.

પેલી સ્ત્રીનો પતિ પણ આવી લાગ્યો અને એણે એ બાઈને આ ચોરેલાં ઘરેણાં સંઘરવા બદલ તેમજ પડોશીને પોતાના ઘરમાં આવવા દેવા બદલ ખૂબ મારી. ઘરેણાં એણે ઘરની બહાર ફેંકાવી દીધાં.

બૌદ્ધ નાગરિકને સૈનિકો મુશ્કેરાટ બાંધીને લઈ ગયા. એને રાજા સામે રજૂ કર્યો. ત્યારે નાગરિકે પોતાના સઘળા ગુનાનો ઇન્કાર કર્યો. એ જૂઠું બોલ્યો ! જે એક શીલ તોડવાનું બાકી હતું એ પણ એણે તોડ્યું.

પરંતુ એની સામેનાં સાક્ષી-પુરાવા મજબૂત હતાં. એટલે રાજાએ તેને લાંબી મુદતના કારાવાસની આકરી સજા કરી.

આ બધું બન્યું જીભ ઉપર પેલા શેતાની પીણા શરાબનું એક ટીપું મૂકવાને પરિણામે !

# બે મહિનાની સુલતાની

પંદરમી સદીની શરૂઆતમાં ગુજરાતમાં સ્વતંત્ર સુલતાનોએ રાજ શરૂ કર્યું. ત્યાં સુધી ગુજરાતમાં દિલ્હીના સૂબાઓ રાજ કરતા. આવો છેલ્લો સૂબો ઝફરખાન દિલ્હીથી સ્વતંત્ર થઈને ‘સુલતાન’ બન્યો.

આ ઝફરખાનનો એક દીકરો હતો. એનું નામ તાતારખાન. એ ઘણો જ મહત્ત્વાકાંક્ષી જુવાન હતો. બાપાએ ગુજરાતની સ્વતંત્ર

સલ્તનત તો મેળવી. પરંતુ તાતારખાનને એથી સંતોષ નહોતો. એની ઇચ્છા દિલ્હીની બાદશાહી મેળવવાની હતી.

ઝફરખાને એને કહ્યું કે ભાઈ, હમણાં તો આટલાથી સંતોષ માન. આપણે ગુજરાતની સલ્તનતને મજબૂત બનાવીને પછી દિલ્હી તરફ નજર કરીશું.

પરંતુ તાતારખાન તો ઉતાવળો થયો હતો. એનો સ્વભાવ પણ ખૂબ ચીડિયલ અને ગુસ્સાખોર બની ગયો હતો. એ પોતાના પિતાને જરાય ગાંઠતો નહિ. બસ, દિલ્હીની બાદશાહીનાં જ સપનાં જોયા કરતો.

તાતારખાન આવો કેમ બની ગયો હતો ?

કારણ કે એ શરાબી હતો !

અને એક વાર શરાબના તોરમાં ને તોરમાં એણે પિતા ઝફરખાનને કેદ કરી લીધો ! ડોસાને અસાવલના કિલ્લામાં કેદ કરીને પોતે સુલતાન મુહમ્મદશાહ નામ ધારણ કરીને ગાદીએ બેસી ગયો.

પરંતુ આ દારૂડિયાની સુલતાની માત્ર બે જ મહિના ટકી !

પોતે ગાદીએ બેઠો કે તરત, પહેલાં તો એણે નાંદોદના એક રાજપૂત રાજા ઉપર ચડાઈ કરી. પેલો રાજા હારી ગયો અને એણે સુલતાનને દંડ ભર્યો.

આવી સરળ જીતથી તાતારખાન (મુહમ્મદશાહ)ને ભારે તોર આવી ગયો. આમેય દારૂડિયાઓ પોતાની નાની-શી જીતને વિશ્વવિજય માની લેતા હોય છે !

એટલે નાંદોદ પછી એણે સીધી સવારી દિલ્હી ભણી ઉપાડી !!

એક જીત પછી એની શરાબ પીવાની લત પણ વધી ગઈ. અને

નર્મદાની ઉત્તરે, શીનોર ગામ નજીક પહાડી આબોહવાને કારણે એ માંદો પડી ગયો.

અને ગુજરી ગયો.

શરાબની બૂરી લતે એની સુલતાની અને એના પ્રાણ ફક્ત બે જ માસમાં છિનવી લીધાં !

# સૌરાષ્ટ્રના ત્રણ સિતારા ખડી પડ્યા !

આપણે દારૂની ભૂંડી અસરો અને દારૂથી દૂર રહેવાથી થતા લાભ દેખાડતી અનેક વાર્તાઓ વાંચી. છેક પુરાણો, ઈતિહાસ અને લોકકથાના પ્રદેશમાં આપણે ઘૂમી વળ્યા. હવે સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં થોડીક નજર નાખીએ.

શરૂઆત કરીએ આપણા ગુજરાતના જ કલાકારોથી.

આપણા એક સરસ લોકગાયક હેમુભાઈ ગઢવી હતા. સૌરાષ્ટ્રની લોકગાયકીના એ અચ્છા જાણકાર હતા અને એમના ગળાની મીઠાશ તો સાકરના સ્વાદનેય ભુલાવી દે એવી હતી.

પણ શરાબ એમને અને એમની ગાયકીને ઘોળીને પી ગયો.

હેમુભાઈના ડાયરા જ્યાં જ્યાં જામતા ત્યાં ત્યાં પીવાની મહેફિલો પણ યોજાતી. મિત્રો અને પ્રશંસકો એમની સાથે એકએક પ્યાલી પીવાનો આગ્રહ રાખતા. અને આવા મિત્રોમાંથી કોઈનોય હાથ પાછો તો ઠેલાય નહિ. એટલે હેમુભાઈ એક પછી એક પ્યાલી ચડાવ્યે જાય. લોકો એમ માને કે નશાને કારણે કલાકાર ખીલી

ઊઠે છે.

આવો એક ડાયરો રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં યોજાયો હતો.

ડાયરો શરૂ થતાં પહેલાં યજમાનને ત્યાં મિજલસ થઈ. મિત્રોએ આગ્રહ કરી કરીને હેમુભાઈને નશો કરાવ્યો.

પછી ડાયરો શરૂ થયો.

સામે સાંભળનારાઓની મોટી મેદની હતી.

આજુબાજુ પ્રશંસકોનો ઝમેલો હતો.

પેટમાં શેતાન પડ્યો હતો.

હેમુભાઈ તાનમાં આવી ગયા. ખૂબ મોટે અવાજે ગાવા લાગ્યા.

પણ શેતાને એમના શરીરમાં દર કર્યાં હતાં. એ દર એક સાથે ખૂલી ગયાં. લોહીનું દબાણ વધી ગયું અને નસ તૂટી ગઈ. શરીરની અંદર લોહી વહ્યું. આને ઈન્ટર્નલ હેમરેજ કહે છે. એવું થાય ત્યારે માણસને બચાવવાનો કશો જ ઉપાય ભાગ્યે જ કામ કરે છે.

હેમુભાઈને પણ બચાવી ન શકાયા.

એ અકાળ અવસાન પામ્યા.

હેમુભાઈ ખૂબ જ લોકપ્રિય હતા. હજુ આજે પણ રેડિયો ઉપર એમનું એકાદ કવિત આવી જાય તો રસ્તે ચાલતા આદમીના પગ થંભી જાય છે. પણ હવે તો એમની યાદમાં જે થોડીક રેકોર્ડો રહી છે તે જ, બાકી હેમુભાઈ નાની ઉંમરમાં જ ગુજરી ગયા.

આ હેમુભાઈના જ એક દોસ્ત અને સૌરાષ્ટ્રી લોકસાહિત્યના

ગાયક ભાઈ ઇસ્માઇલ વાલેરા.

વાલેરાના ગળાની હલક તો કાંઈ ઓર જ હતી. એમની આગવી એ હલક હતી. એ ગળા વડે તેઓ કોઈ ગીત ગાય, કવિત ગાય કે કથા કહે, ત્યારે સાંભળનારનાં તનમન એકતાન થઈ જાય.

પણ વાલેરાનેય એ જ વળગાડ હતો, જે હેમુભાઈને હતો. એ પણ મિત્રો અને પ્રશંસકોનો હાથ ઠેલી શકતા નહિ. અને એક વાર મિત્રોની મિજલસમાં ખૂબ પીને ઢળી પડ્યા. એમને પણ ઇન્ટર્નલ હેમરેજ થયું.

સૌરાષ્ટ્રી લોકગાયકીના આ બે સિતારા અકાળે ખરી પડ્યા અને એમની ખોટ કદી પુરાય એમ નથી. તેઓ શરાબથી છેટા રહ્યા હોત તો હજુ અનેક વરસ લગી લોકોની અને લોકસાહિત્યની સેવા કરી શક્યા હોત.

પરંતુ આ બેના મોત કરતાંય એક ત્રીજા સિતારાનું મોત વધુ ગમગીન કરી મૂકે એવું હતું.

સૌરાષ્ટ્રના આ ત્રીજા સિતારાનું નામ દાદુદાન ગઢવી.

દાદુદાન એક વાર મિત્રમંડળીમાં બેઠા હતા. મંડળી મળે એટલે બાટલી અને પ્યાલી તો હાજર જ હોય.

અને એક વાર બાટલી-પ્યાલીના કાચ ખખડે પછી જીભ પણ ખખડવા માંડે છે. અને જીભ ખખડે પછી શમશેરોને ખખડતાં વાર નથી લાગતી.

દાદુદાન પણ જે મંડળીમાં બેઠા હતા ત્યાં કશીક નજીવી વાતમાં તકરાર થઈ ગઈ. તકરારમાંથી ગાળાગાળી થઈ. ગાળાગાળીમાંથી મારામારી થઈ. દારૂડિયાને એ ભાન તો કદી હોતું જ નથી કે હું શું

બોલું છું, કોને મારું છું !

મારામારીમાં દાદુદાન ઘાયલ થયા. એમને દવાખાને લઈ જવા પડ્યા. પરંતુ એમને ધનુરનો હુમલો આવ્યો અને એમણે દેહ છોડ્યો.

આમ, દારૂએ સૌરાષ્ટ્રની લોકવાણીની ત્રણ બુલંદ હસ્તીઓ મિટાવી દીધી.

# પચીસ અને એક !

ભારતમાં પચાસ વરસથી મોટી ઉંમરનો ભાગ્યે જ એવો કોઈ ભણેલો માણસ હશે જેને સાયગલનું નામ ન સાંભળ્યું હોય.

શક્યતા તો એવી છે કે નહિ ભણેલા અને નાની ઉંમરના લાખો લોકો પણ સાયગલનું નામ જાણતા હશે.

કારણ કે ભારતમાં ફિલ્મી ગાયકીમાં આ સાયગલ જેટલો જાણીતો બીજો કોઈ ગાયક થયો નથી.

એનું આખું નામ કુંદનલાલ સાયગલ.

મૂળે પંજાબી.

પરંતુ ફિલ્મોમાં કામ કરવા માટે કલકત્તા જઈને રહ્યા.

એ જમાનામાં જે કલાકાર અભિનય કરે, એણે જ પોતાનાં ગીતો ગાવાનાં રહેતાં. આજે તો અભિનય એક કલાકાર કરે છે અને એની પાછળ ગીત કોઈ ગાય છે, જેને પ્લેબેક સિંગર કહેવામાં આવે છે.

સાયગલના ગળામાં સરસ દર્દ હતું. એ મીઠી અને દર્દીલી

હલકે ગીતો ગાઈ શકતો.

અભિનેતા તરીકે પણ એ સારો હતો.

આથી એ ખૂબ જાણીતો બન્યો. દેશનાં કરોડો લોકોનો લાડીલો બન્યો. એના નામ અને ગાન ઉપર ફિલ્મો ચાલવા માંડી.

અને પછી એની બરબાદીની કહાણી શરૂ થઈ.

કોઈકે એના મગજમાં એવું ઠસાવી દીધું કે દારૂ પીવાથી ગળાની મીઠાશ ખૂલે છે અને હલક વધે છે.

કદાચ કોઈ અદેખા દુશ્મનનું જ આ કામ હશે. પરંતુ સાયગલે એ વાત માની લીધી. અને એણે નશો કરવા માંડ્યો.

આથી તો એ તદ્દન બેહોશ રહેવા લાગ્યો. ન સારો અભિનય કરી શકે, ન સારું ગીત ગઈ શકે.

એ વખતનો એનો એક પ્રસંગ છે.

નૌશાદ નામના એક મહાન સંગીત દિગ્દર્શક આપણા દેશમાં થઈ ગયા. તેઓ એક ફિલ્મ માટે સાયગલના ગીતની રેકોર્ડ ઉતારવા માગતા હતા. ફિલ્મમાં વાગતા ગીત માટે અલગ સ્ટુડીઓમાં રેકોર્ડ ઉતારવી પડે.

એ વેળા સાયગલનો સિતારો તેજ હતો અને નૌશાદ નવાસવા હતા. એટલે સાયગલ જે નખરાં કરે તે બધાં એમણે સહન કરવાં પડે એવું હતું.

રેકોર્ડિંગની તૈયારી થઈ ગઈ. બધા સાજિંદાઓએ પોતપોતાના તાર ને તાલ મેળવી લીધા. નૌશાદે સામે બેઠેલા સાયગલને કહ્યું, “ગાવાનું શરૂ કરો.”

સાયગલે ગાવાનું શરૂ કરવાને બદલે કહ્યું, ‘‘જરા એક પ્યાલી પી આવું ! ગાયન હાઈ ક્લાસ આવશે !’’

નૌશાદ કહે, ‘‘એ તો તમે માનો છો, ભાઈ ! મને તો મારા ગુરુએ કહ્યું કે જે નશો કરે છે તે સંગીતની સાધના નથી કરી શકતો.’’

પરંતુ સાયગલ એમનું માને તો ને! એ તો રેકોર્ડિંગ રૂમની બહાર ગયો. શરાબ પીને પાછો આવ્યો. પછી એણે ગીત ગાયું. એનું રેકોર્ડિંગ થયું. નૌશાદ સાહેબે એ રેકોર્ડિંગ સાંભળ્યું. એમને સંતોષ ન થયો.

એમણે કહ્યું, ‘‘ગીત ફરી ગાવું પડશે. આમાં હલક બરાબર જળવાઈ નથી.’’

સાયગલ કહે, ‘‘એમ ? તો ઊભા રહો ! હું એકાદ બીજી પ્યાલી લગાવી આવું.’’

આમ કહીને એ ગયો. બીજી પ્યાલી પીને પાછો આવ્યો. ફરી વાર રેકોર્ડિંગની તૈયારી થઈ. ગીત ગવાયું. રેકોર્ડ થયું. ફરી નૌશાદે રેકોર્ડ સાંભળી. અને ફરી વાર એમણે માથું ધુણાવી દીધું.

નૌશાદ ઉત્તમતાના આગ્રહી હતા. કશી પણ કચાશ ચલાવી લે તેવા નહોતા. એમણે સાયગલને કહ્યું, ‘‘આ રેકોર્ડિંગ પણ બરાબર નથી. આપણે ફરી વાર રેકોર્ડિંગ કરવું પડશે.’’

સાયગલ કહે, ‘‘હવે હું થાકી ગયો છું.’’

શરાબીનું એવું જ થાય છે. એ એકબે પ્રયત્નમાં તો થાકી જાય છે.

પણ નૌશાદની ધીરજનો કોઈ પાર નહોતો. એ બોલ્યા, ‘‘તો પછી કાલે રેકોર્ડિંગ કરીશું.’’

આમ, એ ગીત બીજા દિવસ ઉપર મુલતવી રહ્યું. બીજે દિવસે પણ સાયગલ સાહેબ તો દારૂ પીને જ ગાવા લાગ્યા અને એમનો અવાજ થરડાતો જ રહ્યો. ત્રીજી વારનું રેકોર્ડિંગ પણ નકામું ગયું.

એ પછી ચોથી વાર.... પાંચમી વાર....... પચીસમીવાર પણ ગીત ખરાબ જ રીતે ગવાયું ત્યારે પછી નૌશાદ ચીડાયા. એમણે કડક અવાજે કહ્યું, ‘‘સાયગલ સાહેબ, આ પચીસ વખત તો તમારા કહેવા મુજબ મેં કર્યું છે. ગીત ગાતાં પહેલાં પ્યાલી પીવાની છૂટ મેં તમને આપી છે. હવે એક વાર મારા કહેવા મુજબ તમે કરો. આ એક વાર પ્યાલી પીધા વગર ગીત ગાવ !’’

આટઆટલી નિષ્ફળતાઓ પછી સાયગલ શરમાઈ ગયો હતો. એણે નૌશાદ સાહેબની વાત કબૂલ કરી. પ્યાલી પીધા વગર ગાયું.

અને એની રેકોર્ડ જ્યારે વગાડવામાં આવી ત્યારે ખુદ સાયગલે કબૂલ કર્યું કે અગાઉનાં પચીસ રેકોર્ડિંગ કરતાં આમાં ગીત વધુ સારું ગવાયું છે.

એ વાતે સાયગલને ચીમકી તો જરૂર આપી હશે કે દારૂ પોતાના ગળાની બરબાદી કરી રહ્યો છે!

પરંતુ ત્યાં સુધીમાં સાયગલ ઘણો આગળ વધી ચૂક્યો હતો. એ ટટ્ટુ બની ગયો હતો અને દારૂ એના પર અસવાર બની ગયો હતો. એના શરીરમાં દારૂએ સો જાતનાં દરદ ઘાલ્યાં હતાં. એને પૈસેટકે ખુવાર કરી નાખ્યો હતો.

સાયગલ માટે પાછા વળવાના તમામ મારગ બંધ થઈ ચૂક્યા હતા. માત્ર એક જ મારગ ખુલ્લો હતો :

કમોતનો મારગ !

# યમદૂતની અસવારી !

આપણા દેશમાં મોતીલાલ નામનો એક કલાકાર થઈ ગયો.

એ ફિલ્મોમાં કામ કરતો.'

એ જુવાન હતો ત્યારે મારામારીની ફિલ્મોનો રાજા ગણાતો. ઘોડેસવારીમાં, મુક્કાબાજીમાં, ઝડપથી મોટર દોડાવવામાં એની બરોબરી કરી શકે એવો કોઈ કલાકાર ત્યારે ફિલ્મોમાં નહોતો.

એક વાર એ રણજીત નામની ફિલ્મ કંપનીની એક ફિલ્મમાં કામ કરતો હતો. એ ફિલ્મની તસવીરો ઝડપવા માટે સૌ નવાનગરના જામસાહેબના મહેલે ગયા હતા. એક દૃશ્યમાં મોતીલાલે એક તોફાની ઘોડા ઉપર કૂદકો મારીને બેસી જવાનું હતું. એ દૃશ્ય માટે મોતીલાલ, જામસાહેબ અને એ ફિલ્મના નિર્માતા સરદાર ચંદુલાલ શાહ જામસાહેબની ઘોડારમાં ફરતા હતા.

ફરતાં ફરતાં મોતીલાલે એક ગંજાવર અરબી ઘોડો જોયો અને એની આંખ એની ઉપર ઠરી ગઈ. એ બોલ્યો, ''હું આ ઘોડા ઉપર અસવારી કરીશ !''

જામસાહેબે ચોખ્ખી ના પાડી અને કહ્યું, ''ભાઈ, હજુ તમારે ઘણાં વરસ જીવવાનું છે. આ ઘોડો તો યમદૂત છે.''

પણ મોતીલાલે તો હઠ પકડી. એ બોલ્યો, ''જામસાહેબ, જો તમે મારા મોતની પરવા કરતા હો તો એ પરવા છોડી દો. કેમ કે હું જાતે જ મારા મોતની પરવા કરતો નથી. તમારો આ યમદૂત મને આજે તો એક પડકારરૂપ લાગે છે. હું એની ઉપર જ અસવારી કરીશ !''

વાત હઠ ઉપર આવી ગઈ. જામસાહેબે લાખ મના કરી, પણ મોતીલાલ તો કહે કે હું આ ઘોડા ઉપર અસવારી કરીશ અને એને ખદેડીને જ જંપીશ.

આખરે સરદાર ચંદુલાલે એક વચગાળાનો મારગ કાઢ્યો. એમણે કહ્યું કે કેમેરા ચલાવતી વખતે બે ઘોડા હાજર રાખવા. એક આ યમદૂત અને બીજો કોઈ સોજ્જો ઘોડો.

બીજે દિવસે શૂટિંગ શરૂ થયું. કેમેરા ગોઠવાયા. મોતીલાલ દોડતો-દોડતો આવ્યો અને છલાંગ મારીને 'યમદૂત' ઉપર અસવાર થઈ ગયો !

પણ આ અગાઉ આ જંગી ઘોડા ઉપર કોઈએ અસવારી કરી જ નહોતી. એ તો ખૂબ ઊછળ્યો. પછી ઝાડ થયો. છતાં એની ઉપરનો અસવાર ગબડ્યો નહિ ત્યારે વીજળીવેગે પૂરપાટ દોડ્યો. જાણે આંધી ઊઠી ! જાણે ઝંઝાવાત ફૂંકાયો.

અને જોતજોતાંમાં તો ઘોડો અદૃશ્ય થઈ ગયો.

સરદાર ચંદુલાલ ખુશ થઈ ગયા. "વાહ ! આ દૃશ્ય તો બહુ સરસ ઝડપાયું છે !"

જામ સાહેબ કહે, "બસ, હવે એને અંતિમ દૃશ્ય જ સમજી લેજો. હવે તમારો મોતી સાજોસમો પાછો નહિ આવે !"

ખરેખર, ઘણી વાર થઈ છતાં ઘોડાનો કે અસવારનો અણસાર ક્યાંય ન કળાયો.

વખત પસાર થવા લાગ્યો તેમ ચિંતા વધતી ચાલી. સૌને લાગ્યું કે તોફાની ઘોડો મોતીલાલને પછાડી દઈને કોણ જાણે ક્યાંય નીકળી ગયો હશે !

આખરે ત્રણેક કલાક બાદ ઘોડો પાછો ફરતો દેખાયો. સૌએ આંખો ઝીણી કરીને જોયું : ઉપર મોતીલાલ બેઠો છે કે નહિ ?

એમને નવાઈ લાગી. મોતીલાલના વાળ વિખરાયેલા હતા અને કપડાં ચોળાયેલાં હતાં. પરંતુ એ ઘોડાની ઉપર ખૂબ ટટ્ટાર બેઠો હતો.

અને ઘોડો ઢીલો પડી ગયો હતો ! મોતીલાલની લગામને ઈશારે ચાલતો હતો અને એની એડીના મારને સહન કરતો હતો ! એ ભાંગી ચૂક્યો હતો !

આ વાતની સૌથી વધુ નવાઈ જામ સાહેબને લાગી. એમણે મોતીલાલને ખૂબ ધન્યવાદ આપ્યા. એટલું જ નહિ, પેલો ઘોડો પણ એમણે મોતીલાલને ભેટ આપી દીધો !

આ હતો જુવાન મોતીલાલ !

પણ પછી એણે શરાબ પીવાનું શરૂ કર્યું.

અને એ ખખડી ગયો.

એનું શરીર જાણે ગારામાટીનું બનેલું હોય એવું ઢીલું પડી ગયું. ઘણી વાર તો ચાલતાં-ચાલતાં પડી જાય !

થોડાં વરસ પછી એ જ જામસાહેબ અને મોતીલાલની મુલાકાત થઈ ગઈ. જામસાહેબે કહ્યું, ‘‘ચાલ મોતીલાલ, સાથે ઘોડા દોડાવીએ.’’

મોતીલાલે રડમસ ચહેરે જવાબ આપ્યો, ‘‘બાપુ, ઘણી વાર ચાલતાં-ચાલતાં ગબડી પડું છું, પછી ઘોડેસવારીની તો વાત જ કેવી ! તે દિવસે હું યમદૂત જેવા ઘોડા ઉપર અસવાર થઈ ગયો હતો, હવે યમદૂત જેવો શરાબ મારી ઉપર અસવાર થઈ ગયો છે !’’

-આ મોતીલાલ પ્રમાણમાં નાની ઉંમરે મુફલિસ હાલતમાં ગુજરી ગયો. શરાબે એની શક્તિ અને સંપત્તિ બંને હરી લીધાં હતાં.

# કોકિલકંઠ બન્યો ભેંસાસૂર !

બંગાળની એક ગાયિકા હતી.

બહુ જ મીઠો એનો અવાજ.

શાસ્ત્રીય સંગીત અને લોકસંગીત, બંને રીતની ગાયકીમાં એનો પહેલો નંબર હતો.

એણે ફિલ્મી ગીતો ગાવા માંડ્યાં.

અને એ દેશ આખાની એક નંબરની ગાયિકા બની ગઈ.

પછી તો એણે એક મહાન અભિનેતા સાથે લગ્ન કર્યાં.

પરંતુ એના પતિનું અકાળ અવસાન થયું - શરાબને જ કારણે ! અને એ આઘાત ઝીલવા માટે કોઈકે એને પ્રેરણા આપી કે શરાબનું શરણું શોધો !

પતિ વગરની એ ભોળી સ્ત્રી ખરેખર શરાબ પીવા લાગી. પરિણામે એના ગળાની મીઠાશ જતી રહી. હલક ચાલી ગઈ. અવાજને ખેંચવાની શક્તિ નાશ પામી. ફિલ્મોમાં ગીતો ગાવા માટે હવે એને કોઈ બોલાવતું નહિ.

આખરે એણે જીવવા માટે જાહેર કાર્યક્રમોમાં ગીતો ગાવા માંડ્યાં. અમદાવાદના કેટલાક કદરદાનોએ તેને મદદરૂપ થવા માટે કાર્યક્રમ રાખ્યો.

કાર્યક્રમનો સમય થતાં પહેલાં ઘણી વારથી એણે પીવાનું શરૂ

કર્યું. આખરે જ્યારે એ સ્ટેજ ઉપર આવી ત્યારે એને કશાનું ભાન નહોતં. અને એના કંઠમાંથી જે અવાજ નીકળ્યો એ તો ભેંસાસૂર હતો ! લોકો નવાઈ પામી ગયા. એક સમયની કોકિલકંઠી ગાયિકા ત્યારે ભેંસ જેવી બની ગઈ હતી-અવાજમાં અને શરીરમાં !

એને સાંભળવા આવેલા લોકો એક પછી એક ઊઠીને ચાલતા થયા. તેઓ તો પેલી..... મધુર અવાજવાળી ગાયિકાને સાંભળવા આવ્યા હતા, આ ભેંસાસૂરને સાંભળવા નહિ !

આ પછી થોડા જ વખતમાં આ ગાયિકા અકાળે અવસાન પામી.

એનું નામ ગીતા દત્ત.

## જહાંગીર ઝડપાયો

બાબરે દારૂબંધી કરીને ભારતમાં એક વિશાળ સામ્રાજ્યનો પાયો નાખ્યો હતો.

એના દીકરા હુમાયુંએ બાપની નીતિ ચાલુ રાખી, અને એ અનેક આફતો સામે ટકી રહ્યો. રાજને એક વાર સદંતર ગુમાવી દઈને પણ એ રાજ પાછું મેળવી શક્યો.

એનો દીકરો અકબર પણ દારૂનો વિરોધી હતો. પોતે તો કદી પીતો જ નહિ પરંતુ રાજ્યભરમાં કોઈ પીએ તે પણ એને ગમતું નહિ. એણે કાયદા, દંડ અને સમજાવટનાં શસ્ત્રો વડે દારૂને દેશવટો આપ્યો હતો. અને આપણે જાણીએ છીએ કે અકબર અત્યન્ત મહાન બન્યો. તે એટલો મહાન બન્યો કે ભારતના અઢી હજાર વરસના ઈતિહાસમાં

મહાન રાજવી તરીકે અશોક પછી સીધું એનું નામ લેવાય છે.

પરંતુ દીવા તળે અંધારું હોય છે. મહાન માનવીની સંતતિ ઘણી વાર વિપરીત જ ગુણોવાળી થાય છે. મહાત્મા ગાંધીજીનો જ એક પુત્ર ભયંકર શરાબી હતો અને નાની ઉંમરમાં જ શરાબને કારણે ગુજરી ગયો.

અકબરના પુત્રોનું પણ આવું જ બન્યું. એના પુત્રો ભયંકર દારૂડિયા અને દુરાચારી નીવડ્યા. આટલા મહાન પિતાની સામે બળવાનો ઝંડો ઊંચો કરતાં પણ એમને શરમ ન આવી. અને અનારકલીવાળી લોકકથા જો સાચી હોય તો શાહજાદા સલીમે તો એક ગાવા-બજાવવાવાળી છોકરીને ખાતર બળવો કર્યો હતો !

આ સલીમ જ પાછળથી બાદશાહ થયો. એણે પોતાનું નામ જહાંગીર રાખ્યું હતું.

એને બાદશાહ બનવામાં બીજા મુગલ શાહજાદાઓ જેવી તકલીફ ન પડી ! ઔરંગઝેબને બાદશાહ બનતાં પહેલાં ત્રણ ભાઈઓ સામે લડવું પડ્યું હતું. પરંતુ એનો દાદો જહાંગીર તો ખાસ કશા વાંધા-વિરોધ વગર બાદશાહ બની ગયો.

કારણ ?

કારણ કે એના ત્રણ ભાઈઓ તો જુવાનીમાં જ દારૂમાં ડૂબી મુઆ હતા !

આનો અર્થ એ નહિ કે જહાંગીર શરાબી નહોતો. એ ભયંકર શરાબી હતો. માત્ર જલદીથી મરી ન ગયો, એટલી જ એની વડાઈ.

બાદશાહ તરીકે એ નામનો બાદશાહ હતો. અકબરે આખી જિંદગી મથીને લગભગ આખું ભારત મુગલોને બારણે બાંધ્યું હતું.

ઘણા સારા મંત્રીઓ અને સેનાપતિઓને તાલીમ આપી હતી. તેઓ રાજ્યને સરસ રીતે ચલાવતા હતા. જહાંગીર તો દારૂ પીને જનાનખાનામાં જ પડ્યો રહેતો.

એની માનીતી બેગમ નૂરજહાં હતી. આ બાઈ હોશિયાર અને ખટપટી હતી. રાજ્યકારભાર ઘણો-ખરો એણે જ સંભાળી લીધો હતો અને એનો ભાઈ અસફુદ્દોલા રાજ્યનો સૌથી શક્તિશાળી આદમી બની ગયો હતો.

આ નૂરજહાં અને અસફુદ્દોલા મુગલ નહોતાં.

એટલે બાબર, હુમાયું અને અકબરની સાથે રહીને લાખ મુસીબતો વેઠીને જેમણે સામ્રાજ્યની જમાવટ કરી હતી તેવા મુગલોને આ સ્થિતિ ગમતી નહોતી.

એક વાર થોડાક મુગલ સેનાપતિઓ જહાંગીરને મળ્યા અને બોલ્યા કે જહાંપનાહ, આ તો ખોટું થાય છે.

જહાંગીરે નશામાં ડોલતાં-ડોલતાં પૂછ્યું, ''શું ખોટું થાય છે ?''

સેનાપતિઓ કહે, ''રાજ્યની લગામ બિન-મુગલોના હાથમાં જાય છે તે !''

જહાંગીર બોલ્યો, ''તમે નૂરજહાં અને અસફુદ્દોલાની વાત કરતા લાગો છો.''

સેનાપતિઓ કહે, ''હા.''

જહાંગીર કહે, ''તમને કશું ભાન નથી. નૂરજહાં જેવી કાબેલ શાસક દુનિયામાં કોઈ નથી. એ મારા કરતાં સારી પેઠે રાજ ચલાવી શકે એમ છે.''

સેનાપતિઓ કહે, ''પણ આલમપનાહ ! રાજ આપનું છે.''

જહાંગીરે જવાબ વાળ્યો, ''શું મારું ને શું તારું ! મને તો દરરોજ એક બાટલી દારૂ અને એક ટંક ભોજન મળે એટલે બસ ! રાજ છો ને નૂરજહાં કરતી !''

સેનાપતિઓ એ દિવસે તો માથાં ધુણાવીને પાછા ગયા. પરંતુ એમનો અસંતોષ વધતો ગયો. રાજમાં અંધાંધૂંધી પણ વધતી ગઈ. વફાદાર મુગલોને ભોગે નૂરજહાંનાં સગાંવહાલાં સત્તાધીશ બનતાં ગયાં.

એટલે સેનાપતિઓ ફરી એક વાર એકઠા થયા. મહાબતખાન નામનો એક સેનાપતિ એમનો આગેવાન બન્યો અને એમણે જહાંગીરના મહેલ ઉપર હલ્લો કર્યો.

તેઓ મહેલમાં પહોંચ્યા ત્યારે જહાંગીર અને નૂરજહાં બંને દારૂ પીને મસ્ત બની ગયાં હતાં. એમને રાજ્યની કે દુનિયાની કશી ફિકર નહોતી !

મહાબતખાને એ બંનેને ઝડપી લીધાં. એમને કેદ કરી લીધાં !

જો કે બાદશાહના વફાદાર લોકોએ જહાંગીર - નૂરજહાંને ફરી પાછાં કેદમાંથી છોડાવી લીધાં. પરંતુ જહાંગીરનું ગૌરવ હણાઈ ચૂક્યું હતું.

અને આમ બન્યું એની બૂરી લતને પરિણામે.

## બંદૂકની નાળમાંથી !

આપણે જહાંગીરની કથા વાંચી.

હવે એના એક ભાઈની કથા પણ વાંચીએ.

એ ભાઈનું નામ દાનિયેલ.

શહેનશાહ અકબરનો જ એ શાહજાદો. પણ બીજા કરતાં સાવ અવળો પાક્યો. જબરો શરાબખોર બની ગયો. એને અને જહાંગીરને શરાબથી બચાવવા માટે અકબરે નજરકેદ કર્યા હતા. જહાંગીરનું નામ એ વેળા સલીમ હતું.

આ સલીમ તો એ વેળા બાપથી ડરી ગયો અને થોડા વખત માટે સુધરી ગયો.

પણ દાનિયેલ સુધર્યો નહિ. એને તો આ ભયંકર પીણું પીધા વગર ઘડી પણ ચાલતું નહોતું.

બાપ તો દીકરાનાં આ લખ્ખણ બરાબર સમજી ગર્યો હતો. એટલે એણે ભારે કડક ચોકીપહેરો એની ફરતે ગોઠવ્યો. ચોકીદારોને સખત તાકીદ કરી કે દાનિયેલને જે કોઈ શરાબ લાવી આપશે તેને હાથીના પગ તળે છુંદાવીને મારી નાખવાંમાં આવશે.

આ બાજુ દાનિયેલ શરાબ માટે તરફડિયાં મારતો હતો અને ચોકીદારોને કાકલૂદી કરતો હતો કે ભાઈસા'બ ! કોઈક તો મને થોડોક દારૂ લાવી આપો !

દારૂ ખરેખર એક ભયાનક આદત છે. માણસ એક વાર એને શરૂ કરે પછી છોડી જ ન શકે. છોડવા જાય તો એના હાથપગ ગારાના બની જાય, એને ક્યાંય ચેન ન પડે, એ કશું વિચારી ન શકે, સાવ ઢીંલોઘેંશ બની જાય. એને રટણ માત્ર એક વાતનું રહે : દારૂ ! દારૂ !

અને એ દારૂ મેળવવા માટે એ માણસ પછી કોઈ પણ કિંમત આપવા તૈયાર થઈ જાય.

શાહજાદા દાનિયેલે પણ કિંમત આપીને દારૂ મેળવવાની

પેરવી કરવા માંડી. પરંતુ જ્યાં સામે હાથીના પગ તળે છુંદાવાનો ભય હોય ત્યાં કિંમત પણ મોટી જ આપવી પડે ને ! એટલે એણે પોતાની આંગળીએ પહેરેલી હજારોની કિંમતના રત્નવાળી વીંટીની લાલચ એક ચોકીદારને આપી. એણે કહ્યું કે તું મને ચાંગળુંભર દારૂ લાવી આપે તો આ મોંઘા મૂલની વીંટી તારી !

ચોકીદાર બિચારો વીંટીની લાલચમાં લપટાઈ ગયો. પરંતુ એનીય એક મુશ્કેલી હતી. એણે કહ્યું, ''શાહજાદા, હું આપને માટે દારૂ લાવું તો ખરો, પણ કેવી રીતે લાવું ? આપના મહેલની ચોકી કરવા આવતાં પહેલાં મારી પાકી જડતી લેવાય છે !''

દારૂડિયો દારૂને માટે તો અજબગજબની બુદ્ધિના ચમકારા દેખાડતો હોય છે. એવો એક અક્કલ-ચમકાર દાખવતાં દાનિયેલે કહ્યું, ''તારી દરેક જાતની જડતી લેવાતી હશે, પરંતુ આ તારી બંદૂક જો. એની તો કોઈ જડતી ન જ લે ને ! સૌ સમજે કે એમાં દારૂ-ગોળો ભર્યો હશે. તું, બસ, એ નાળમાં પીવાનો દારૂ ભરી લાવ. આ વીંટી તારી !''

ચોકીદારનેય આ નુસખો ગમી ગયો.

બીજે દિવસે એ ચોકીપહેરો ભરવા માટે આવ્યો ત્યારે બંદૂકની પહોળી નાળમાં દારૂ ભરી લાવ્યો હતો.

એ જમાનામાં બંદૂકો ઘણી મોટી રહેતી અને એની નાળ ઘણી પહોળી રહેતી.

પરંતુ બંદૂકની નાળમાં બે નડતર : એક તો એની અંદર ભડાકો કરવાનો દારૂ એટલે કે બારૂદ ભર્યો હોય. અને એ ખૂબ ઝેરી હોય.

બીજું, એમાં કાટ લાગ્યો હોય અને કાટ પણ માણસના શરીર

માટે ઝેરી નીવડે છે.

દાનિયેલે બંદૂકની નાળવાળો દારૂ પીધો અને એની સાથે જ ઉપર કહ્યાં તે પ્રકારનાં ઝેર એના પેટમાં પહોંચી ગયાં.

બીજે જ દિવસે એ મરી ગયો !

## શરાબી અને સજ્જન

ઈરાનના એક મહાત્મા થઈ ગયા.

શેખ સાદી એમનું નામ.

એમણે જીવનભર ફરતા રહીને ઘણા અનુભવો મેળવ્યા અને એ અનુભવોની કહાણીઓ લખી. આ કહાણીઓ 'ગુલિસ્તાં' અને 'બોસ્તાં' નામના બે સંગ્રહોમાં સંઘરાયેલી છે. 'બોસ્તાં'માં એમણે શરાબી અને સજ્જન વિષે એક નાનકડી વાર્તા લખી છે.

એ વાર્તા નીચે મુજબ છે.

એક ભલો માણસ હતો. એ ખૂબ જ સમજદાર અને દયાળુ સ્વભાવનો હતો. શૂરવીર પણ એવો જ હતો.

એક વાર એક શરાબીએ નશામાં છાકટો બનીને આ સજ્જન ઉપર હુમલો કર્યો. એનું પહેરણ ફાડી નાખ્યું અને એને જમીન ઉપર ગબડાવી પાડ્યો.

આમ છતાં એ સજ્જન ચૂપ જ રહ્યો.

આ જોઈને પડોશના એક માણસે દુઃખ અને અચંબા સાથે પૂછ્યું, ''અરે ભાઈ, તમે ધારો તો વાઘનેય પછાડી દો એવા છો. છતાં તમે આ છાકટાએ કરેલું અપમાન શા માટે ચૂપચાપ સહન કરી

લીધું ?''

આ સાંભળીને એ સજ્જન સહેજ હસ્યો અને પછી ધીમા અવાજે બોલ્યો -

''આપ શું એમ માનો છો કે મારે આ માણસની સામે બદલો લેવો ? ના, જનાબ ! એ ન બની શકે. આ માણસ તો વિશ્વનો કમજોરમાં કમજોર માણસ છે. એની કમજોરી બે પ્રકારની છે. એક તો શરાબ જેવી હલકટ ચીજથી છેટા રહેવા પૂરતી માનસિક તાકાત પણ એનામાં નથી હોતી. અને શરાબ પીધા પછી એ શારીરિક તાકાત પણ ગુમાવી બેસે છે. તમે કહો છો કે હું વાઘને પણ હરાવવાની તાકાત ધરાવું છું. આવા બેવડા કમજોર આદમી સામે એ તાકાત અજમાવવી એ મારે માટે શું વાજબી છે ? ના, જનાબ ! આવા કમજોર લોકો તો માત્ર દયાને લાયક હોય છે ! અથવા કદાચ ઉપેક્ષાને લાયક !''

# કડવી દવા અને સાકર

શેખ સાદીની જ એક બીજી સરસ વાર્તા છે.

મામૂન નામનો એક બાદશાહ હતો.

એ ઘણો તેજમિજાજ હતો. વાતવાતમાં ગુસ્સે થઈ જાય અને જેને ને તેને ગરદન મારે.

કારણ ચોખ્ખું હતું : બાદશાહ શરાબી હતો.

હવે આ બાદશાહના મહેલમાં એક દાસી હતી. એ બધી દાસીઓ કરતાં અનોખી જ હતી. ચંદ્રમા જેવું મુખ, તેજસ્વી ચહેરો, ફૂલ સરખું કોમળ શરીર, કાળીકાળી ભમરો.... એટલી બધી સુંદર કે

ભલભલા લોકોને હેત ઊપજે. વળી ચતુર પણ એટલી કે ગમે તે સવાલનો જવાબ આપી દે.

હવે આ દાસીનો એક વાર બાદશાહની સેવામાં હાજર રહેવાનો વારો આવ્યો.

બાદશાહે તેને જોઈ અને કહ્યું કે આવ, મારી પાસે બેસ.

પણ દાસી તો થોડેક દૂર સુધી આવીને જ અટકી ગઈ. બાદશાહની નજીક આવવાની આનાકાની કરવા લાગી.

બાદશાહે હુકમ કર્યો, ''નજીક આવ અને મારા પગ દબાવ !''

તેમ છતાં દાસી નજીક ન આવી.

એટલે ગુસ્સાખોર બાદશાહ નારાજ થઈ ગયો. એણે બરાડો પાડ્યો, ''અરે નાલાયક ! તારા બાદશાહનો હુકમ નથી માનતી ? તને ખબર છે, તારી આ ગુસ્તાખી બદલ હું તારા ટુકડેટુકડા કરાવી નાખું એમ છું ! હુકમ કરું એટલી જ વાર !''

દાસી બોલી, ''જહાંપનાહ ! આપની મરજી ફાવે તો જરૂર મારા ટુકડા કરવી નાખો. અત્યારે જ આપની તલવાર ઉઠાવીને મારી ગરદન કાપી નાખો. મને કશો રંજ નથી. અમારી દાસ-દાસીઓની જિંદગીમાં આખરે જીવવા જેવું પણ શું છે ? આવા જીવન કરતાં તો મરવું બહેતર છે. પણ હું તમારી નજીક તો નહિ બેસું !''

બાદશાહને જાણે કોઈએ જબરદસ્ત ધક્કો માર્યો. એને આજ સુધી આવું કહેનાર, એના હુકમનો અનાદર કરનાર કોઈ મળ્યું નહોતું. ત્યારે એક તુચ્છ દાસીની આ હિંમત !

એણે મોટો ઘાંટો કાઢીને કહ્યું, ''અરે બદજાત ! મારામાં તને એવી તો શી ઓછપ લાગી કે તું મારી નજીક પણ આવવા તૈયાર

નથી ? મારી બેગમો, મારા દરબારીઓ, મારા સેનાપતિઓ, કોઈને મારી પાસે આવતાં વાંધો નથી લાગતો, ત્યારે તને શો વાંધો પડ્યો ?''

દાસી કહે, ''બાદશાહ ! હું ખોટું કહીશ તોય તમે મને મારી નાખશો અને સાચું કહીશ તોય મારી નાખશો, માટે હું સાચું જ કહીશ. આપના મોંમાંથી ભયંકર દુર્ગંધ આવે છે. એ દુર્ગંધ શરાબની છે. મને એ નથી સમજાતું કે લોકો કેવી રીતે આપની નજીક બેસે છે !''

આ સાંભળતાં તો બાદશાહનું દિલ જાણે એક-બે ધબકારા ચૂકી ગયું.

એ વિચારવા લાગ્યો - અરે, મને આ વાતની તો ખબર જ નથી. હું પોતે તો આ દુર્ગંધથી એવો ટેવાઈ ગયો છું કે મને તો કશી નવાઈ લાગતી જ નથી. મારી બેગમો, મારા દરબારીઓ, મારા સેનાપતિઓ અને દાસદાસીઓ પણ મને ભ્રમમાં જ રાખતા રહ્યા. સૌ મારી સાથે દગો કરતા રહ્યા. મારી ખોટેખોટી પ્રશંસા કરીને પોતાનો સ્વાર્થ સાધતા રહ્યા. એક આ દાસી જ એવી નીકળી છે, જેણે પ્રાણના ભયે પણ મને સત્ય કહ્યું છે.

બાદશાહના મનમાં દાસી માટે પ્રશંસા જાગી.

બીજા જ દિવસથી એણે ધીરેધીરે શરાબ ઓછો કરવા માંડ્યો અને પછી સદંતર બંધ કરી દીધો.

થોડા જ દિવસમાં બાદશાહના મોંમાંથી ફૂલ સમી ખુશબૂ આવવા લાગી.

એણે પોતાની તમામ ખુશામતખોર બેગમોને વિદાય આપી દીધી અને આ દાસીને પોતાની વડી બેગમ બનાવી.

આ દાસી જેટલી હિંમત ઘણા ઓછા લોકો દાખવે છે. અરે,

નિકટના મિત્રો પણ એકબીજાને એમનો દોષ બતાવતાં અચકાય છે, પછી નોકરચાકર તો આ હિંમત કરે જ ક્યાંથી ?

પરંતુ જો કોઈ નોકરચાકર હિંમત કરે તો આ દાસી જેવું માન પામે.

એક હકીમે સાચું જ કહ્યું છે કે 'તંદુરસ્ત રહેવું હોય તો કડવી દવા પીઓ. સાકર ખાવાથી કાંઈ નહિ વળે.'

# એક લેખકની બાદબાકી

ઈતિહાસનાં પાનાં ઉપર દારૂએ સર્જેલી બરબાદીની અનેક કથાઓ પડેલી છે. રાજાઓ, સેનાપતિઓ, કલાકારો, મહાત્માઓ અને સ્ત્રીઓ સુધ્ધાં દારૂને ચાળે ચડીને ધનોતપનોત થઈ ગયેલાં છે. તો પછી લેખકો એમાંથી શાના બાકાત હોય ? પ્રખ્યાત અમેરિકન લેખક અપ્ટન સિંકલેરે આવા લેખકોની કેટલીક કહાણીઓ આલેખતું એક પુસ્તક લખ્યું છે. એ આખું પુસ્તક વાંચવા જેવું છે. અહીં એમાંની કેટલીક કહાણીઓ જોઈએ.

•

અમેરિકાના એક વિશ્વવિખ્યાત લેખક જેક લંડન હતા. એ જ્યારે જીવતા હતા ત્યારે એમનું ખૂબ માન હતું. એ વેળા એમ કહેવાતું કે જો એક બાજુ અમેરિકાના પ્રમુખ આવવાના હોય અને બીજી બાજુ જેક લંડન આવવાના હોય તો લોકો જેક લંડનને જોવા માટે જાય !

જેક લંડનનું ભાષણ યોજાય તો લોકો મોટીમોટી ફી ભરીને પણ

એમને સાંભળવા જાય.

પ્રકાશકો એમનાં લખાણો માટે પડાપડી કરે અને એમને મોં-માગ્યો પુરસ્કાર આપે.

આવા આ લેખકને બાળપણથી જ એક ભૂંડી લત લાગેલી. પોતે પાંચ વરસનો હતો અને પિતાને ખેતરે દારૂ આપવા જતો ત્યારથી છાંટોપાણી લેવાની આદત પડી ગયેલી.

એ પછી તો જેમ ઉંમર વધતી ગઈ એમ દારૂ પણ વધ્યો.

પરંતુ બુદ્ધિશાળી માણસ હતા. ગજબનો આત્મવિશ્વાસ હતો. એ કહેતા કે હું હમેશાં પ્રમાણમાં જ પીઉં છું. કદી છાકટો થયો નથી અને થવાનો નથી.

જે માણસ દારૂ પીને ભાન ખોઈ બેસે એને છાકટો કહે છે.

જેક લંડન કહેતા કે દારૂ પીવાની પણ એક કળા છે. જેને એ કળા આવડે તેને પછી વાંધો નથી આવતો.

પણ લંડન જિંદગીની ત્રીશીમાં જ હતા અને દારૂએ પોતાની કમાલ દેખાડવા માંડી. એમના શરીરમાં અનેક રોગો ઘર કરવા લાગ્યા. લખાણોમાંથી રંગ ઊડવા લાગ્યો. પીવા ઉપરથી કાબૂ જવા લાગ્યો. જાણે અજગરે ભરડામાં લીધા હોય.

માણસ બુદ્ધિશાળી હતા. પોતાની પડતી જાતે જોઈ શકતા હતા, અને સમજતા હતા કે પોતાનો મોટામાં મોટો દુશ્મન દારૂ છે. એટલે એમણે નક્કી કર્યું કે દારૂ છોડી દેવો.

અને એને છોડવા માટે જેક લંડને એક પછી એક ઉપાયો કરવા માંડ્યા.

પહેલાં તો લાંબી દરિયાઈ મુસાફરીએ નીકળી પડવાનું નક્કી કર્યું. એ માટે પોતાનું જ એક વહાણ ખરીદ્યું. પહેલાં તો વહાણમાં થોડોક દારૂ લીધેલો. પણ મન મક્કમ કરીને એય દરિયામાં પધરાવી દીધો !

પણ દારૂ એમ કાંઈ એમનો પીછો છોડે ? વહાણ જે બીજે બંદરે નાંગર્યું ત્યાં પહેલું કામ દારૂ ખરીદવાનું કર્યું ! પીપડેપીપડાં દારૂ ખરીદ્યો અને પીવાનું શરૂ કર્યું !

આમ, આ રસ્તે તો દારૂ ન છૂટ્યો.

એટલે સાહેબે એક બીજો ઉપાય અજમાવ્યો. શહેરોથી દૂરદૂર એકાંત વગડામાં જમીન ખરીદી. ત્યાં પોતે ખેતી શરૂ કરી. મજૂરોની સાથે પોતે પણ સખત મહેનત કરવા માંડી. વિચાર હતો કે કુદરતી રીતે જીવવું અને કુદરત આપે તે ખાવું ને પીવું. પોતાની જમીનમાં એક લાખ ફળઝાડ વાવ્યાં.

આમ, એ શહેરથી તો દૂર ગયા, પણ એમની કીર્તિ એમની સાથે જ હતી. ખૂબ જ લોકપ્રિય લેખક હતા. ઘણા લોકો એમને મળવા માગતા. ખાસ કરીને લેખકો અને પ્રકાશકો લાંબો પંથ કાપીનેય એમને મળવા આવતા.

અને આવા મોંઘેરા મહેમાનોનું તો બરાબર સ્વાગત કરવું જ પડે ને ! અને પશ્ચિમના દેશોમાં તો સ્વાગત એટલે દારૂ ! જે વધુ મોંઘો દારૂ વધુ પ્રમાણમાં પાય એની મહેમાનગતી વધુ સારી ગણાય !

વળી, મહેમાનને કાંઈ એકલા થોડા જ પીવા દેવાય ? એમને ‘કંપની’ તો આપવી જ પડે !

એટલે લંડન સાહેબ પણ છાંટોપાણી લે.

પછી તો આ ખેતર ઉપર પણ દારૂની જ રેલંછેલ ચાલી. કોઈ પણ બહાને જૅક દારૂ પીવા લાગ્યો. નવાં ઝાડ વાવ્યાં તો કે એના માનમાં દારૂ પીઓ ! પહેલાં ફળ ઊતર્યાં તો કે એના માનમાં દારૂ પીઓ ! થોડાં ભૂંડ મરી ગયાં તો કે એના શોકમાં પીઓ દારૂ !

આખરે વાડી વેડાઈ ગઈ. ઝાડ સુકાઈ ગયાં. નાણાં બધાં ડૂલ થઈ ગયાં.

પણ દારૂ છૂટ્યો નહિ.

અને આવા બે-ચાર પ્રયત્નો નિષ્ફળ ગયા પછી તો એમણે ઊલટાનો વધુ દારૂ પીવા માંડ્યો. હોટેલમાં જાય તો એકસાથે બે બાટલા મંગાવે. બીજો બાટલો મંગાવવાનો વખત બચી જાય ને !

પહેલાં એ દારૂડિયાઓના ટીકાકાર હતા. બહુ પીનારાને તુચ્છ ગણતા દયાજનક ગણતા. પોતાના જ એક મિત્ર બાર્લીકોર્ન દારૂમાં બરબાદ થઈ ગયા તે એમણે જોયેલું. થોડાં વરસ માટે વિશ્વના સૌથી ધનવાન લેખક બની ગયેલા બાર્લીકોર્ન દારૂને કારણે લેખક તરીકે અને માણસ તરીકે બરબાદ થઈ ગયા. જેક લંડને એનું જીવનચરિત્ર લખેલું અને એમાં દારૂથી થતી બેહાલી વિષે એટલી સચોટતાથી લખેલું કે વાંચનારા દારૂથી દસ ગાઉ છેટા ભાગે ! અરે, દારૂબંધીવાળાને પ્રચારમાં પણ એ જીવનચરિત્ર ઉપયોગી થઈ પડેલું !

પણ દારૂની ભયંકરતાને આટલી ઓળખવા છતાં જેક લંડન એ રાક્ષસથી છૂટી ન શક્યા, અને એક સવારે પથારીમાં જ મરી ગયેલા મળી આવ્યા. જગતે એક અત્યન્ત શક્તિશાળી લેખક સાવ નાની ઉંમરમાં ગુમાવી દીધો. મર્યા ત્યારે એમની ઉંમર ફક્ત ૪૦ વર્ષની હતી. જન્મ ૧૮૭૬, મૃત્યુ ૧૯૧૬.

# મને પાગલખાને પૂરો !

વિલિયમ સીબ્રુક નામના એક લેખક.

સાહસકથાઓના એ એક જબરા લેખક હતા.

અને એમની સાહસકથાઓ પણ જેવીતેવી નહિ. પહેલાં તો જે લોકો વિષે સાહસકથા લખવી હોય એમની વચ્ચે જઈને રહે. જાનનાં જોખમ ઉઠાવે પછી જ લખે.

એમણે અરબસ્તાનની ભટકતી આરબ ટોળીઓ વિષે એક પુસ્તક લખેલું. એ માટે ખૂંખાર આરબોની વચ્ચે જઈને વસેલા.

અમેરિકાની બાજુમાં હાઈટી નામનો ટાપુ છે. ત્યાં ખૂબ જ ગરમી પડે છે અને એથી ત્યાંના રહેવાસીઓનાં મગજ ઘણાં ગરમ રહે છે. વાતવાતમાં ખંજર હુલાવે કે ગોળી મારે. આવા લોકો વિષે એક પુસ્તક લખવા માટે સીબ્રુક એમની વચ્ચે જઈને વસેલા.

સૌથી મોટું જોખમ તો એમણે આફ્રિકામાં ખેડેલું. ત્યાં વસતી માણસખાઉ ટોળીઓ વિષે પુસ્તક લખવાનું નક્કી કર્યું, અને એ લોકોનાં રીતરિવાજ, રહેણીકરણી, વિધિવિધાન, માણસને મારવા અને ખાવાની ટેવો વિષે જાતમાહિતી મેળવવા એમના પ્રદેશમાં પહોંચી ગયા. અહીં ડગલે ને પગલે જાનનું જોખમ હતું. કદાચ જંગલીઓ એમને જ મારીને ખાઈ જાય !

એમ છતાં આવા લોકોની વચ્ચે જઈને રહ્યા અને એમને વિષે એક અધીકૃત ચોપડી લખી !

આવા સાહસિક લેખક દારૂ સામે હારી ગયા !

મનમાં ફાંકો તો ઘણો રાખતા હતા કે દારૂ ઉપર હું લગામ

રાખીશ. દારૂ મારી ઉપર જીત નહિ મેળવી શકે. એ કહેતા કે દારૂ પીવો એ ખરાબ નથી, ન છૂટકે દારૂ પીવો પડે એ ખરાબ છે. એટલે કે એનું બંધાણ નહિ થઈ જવું જોઈએ.

પરંતુ સાહેબને બંધાણ થઈ જ ગયું. દરરોજ અમુક પ્રમાણમાં દારૂ પીતા. એ પ્રમાણ વધતું જ ગયું. અને પછી તો દારૂ વગર ન જ ચાલે એવું બની ગયું. દારૂ ન પીએ તો ચેન ન પડે. શરીર ઢીલું ઢસ બની જાય. ખોપરી પણ ન ચાલે. કશું લખાય પણ નહિ.

એ સમજુ માણસ હતા. સાહસિક હતા. એમણે નક્કી કર્યું કે દારૂ છોડી દઉં.

પણ સમાજમાં રહીને તો એ બલાને છોડી ન શકાય. ડગલે ને પગલે પ્યાલી સામે દેખાય અને પીવાનું મન થાય.

એટલે એમણે મિત્રોને કહ્યું : ''મને પાગલખાનામાં પૂરી દો !''

કારણ કે પાગલખાનામાં કોઈને દારૂ આપવામાં આવતો નથી. સીબ્રુકને એમ કે દારૂનો છાંટોય નહિ મળે પછી હું પીશ ક્યાંથી ?

એટલે સામે ચાલીને એ પાગલખાનામાં દાખલ થયા. પણ ત્યાં તો પોતે જ લગભગ પાગલ બની ગયા. દારૂ ન મળે એટલે મગજ સુમ્મ બની જાય. એ ગાંડા જેવી બૂમો પાડ્યા કરે : મને બાંધી દો ! મને દારૂ ન આપો !

પાગલખાનાના અધિકારીઓ સાથે પણ એ લડ્યા કરે. એમને કહે કે જુઓ, મારી સામે દારૂનું એક ટીપું ધર્યું છે તો બધાને જાનથી મારી નાખીશ !

હતી તો દારૂની જ તલપ, પરંતુ અહીં એણે અવળું રૂપ ધારણ કર્યું ! દારૂ ન આપશો કહીને એ દારૂ માગતા હતા ! માણસનું મન

પણ કેવું વિચિત્ર છે !

આવી રાડો પાડતાં અને ઝઘડતાં એમણે પાગલખાનામાં સાત મહિના કાઢ્યા.

અને બહાર આવીને એમણે સાતેય મહિનાનું સાટું વાળતા હોય એમ દારૂ પીધો.

એ પણ નાની ઉંમરમાં ગુજરી ગયા. મરતાં મરતાં પોતાના કુટુંબનું, પોતાની કમાણીનું અને પોતાની કીર્તિનું દેવાળું કાઢતા ગયા !

## બુદ્ધિશાળી બન્યો કંગાળ

સિંકલેર લૂઈ એનું નામ.

એ એક લેખક હતો.

બુદ્ધિવાદી હતો અને બુદ્ધિશાળી હતો. એવો બુદ્ધિશાળી કે એની સામે દલીલબાજીમાં સૌ કોઈ હારી જાય.

બુદ્ધિવાદી હોવાને કારણે એ ધરમમાં કે ઈશ્વરમાં માનતો નહોતો. ઈશ્વરને તો એ વારંવાર પડકાર આપ્યા કરતો. એક વાર તો એક ઈસાઈ દેવળમાં જઈને ઊભો રહ્યો. છાતી ઠોકીને એણે પડકાર કર્યો :

“ઓ ઈશ્વર ! તું ખરેખર હયાત હો અને તારા ભક્તો કહે છે તેમ જો તું ખરેખર સર્વશક્તિમાન હો તો અત્યારે ને અત્યારે જ મને મારી નાખ !”

અને ઈશ્વર એને કશું કરી શક્યો નહોતો !

સિંકલેર લૂઈ આ જ રીતે દારૂ તરફ પણ બુદ્ધિવાદી વલણ ધરાવતો હતો.

પરંતુ દારૂ એ કાંઈ ઈશ્વર નથી. દારૂ એ કાંઈ ભોળાં માનવીઓના મનની કલ્પના નથી. એ તો નક્કર ઝેર છે. સિંકલેર લૂઈ ઉપર એણે પોતાની જાળ પાથરી.

સિંકલેરને એમ કે હું ગમે એટલો દારૂ પીઉં છતાં મને કશી અસર ન થાય. મારી બુદ્ધિ બગડે નહિ. કારણ કે મારી બુદ્ધિ ખૂબ સતેજ અને શક્તિશાળી છે.

પરંતુ દારૂનું તો એવું છે કે ધીરેધીરે એનું પ્રમાણ વધતું જ જાય છે. લૂઈ પણ વધુ ને વધુ પીતો રહ્યો. આખરે એની બુદ્ધિની તીવ્રતા ઓછી થઈ ગઈ. લખવાનું ગમે નહિ. જે લખે એમાંય કશી ઝમક આવે નહિ. એની લોકપ્રિયતા ઓછી થવા લાગી. એનાં પુસ્તકોનું વેચાણ ઘટવા લાગ્યું.

આખરે એ દાક્તરોને શરણે ગયો.

દાક્તરો કહે કે દારૂ પીવાનું બંધ કરો.

પણ લૂઈ એક એવે તબક્કે જઈ પહોંચ્યો હતો જ્યાંથી પાછા વળી ન શકાય.

આખરે એ ધનોતપનોત થઈ ગયો. કંગાળ થઈ ગયો. રખડી-રઝળીને કમોતે મુઓ.

# ગુરુ અને ચેલો

અમેરિકામાં કેલિફોર્નિયા રાજ્ય છે.

ત્યાં જહૉન સ્ટર્લિંગ નામનો કવિ રહે.

અંગ્રેજીમાં સ્ટર્લિંગનો એક અર્થ નક્કર નાણું એવો પણ થાય છે. આ જહૉન પણ નક્કર અને અસલી નાણા જેવો કવિ હતો. એની કવિતા સાંભળવા માટે હજારો લોકો ઊમટી પડતા.

પણ એને એક ગુરુ મળી ગયો. ના, કવિતા-ગુરુ નહિ; દારૂ-ગુરુ !

આ ગુરુનું નામ એમ્બ્રોઝ બીઅર્સ. એણે જહૉન સ્ટર્લિંગને દારૂ પીતાં શીખવ્યું.

અને જહૉન દારૂ પીવા લાગ્યો. ઘણા કવિઓ, કલાકારો, લેખકો, નટો, ચિત્રકારોના મનમાં એવો ભ્રમ હોય છે કે દારૂ પીવાથી અમને સારીસારી કલ્પના સૂઝે છે !

દારૂ એક ઉત્તેજક વસ્તુ છે. એ માણસના શરીરમાં અને મનમાં કૃત્રિમ થનગનાટ પેદા કરે છે. પરંતુ એ થનગનાટ શમી ગયા પછી શરીર એટલું તો ઢીલું-પોચું અને વેદનામય બની રહે છે કે એમાં પછી દારૂનું ઇંધણ ન નાખવામાં આવે ત્યાં સુધી જીવંતતા જ આવતી નથી. બસ, આટલી સાદી વાત બુદ્ધિશાળી ગણાતા લેખકો, કવિઓ, કલાકારો નથી સમજી શકતા એ તેમની કમનસીબી છે.

આપણા કવિરાજ જહૉન સ્ટર્લિંગ પણ ગુરુજીની ચઢવણીથી વધુ ને વધુ પીતા રહ્યા.

આખરે શું થયું ?

એક દિવસની વાત છે. એનો કવિતા-વાચનનો કાર્યક્રમ હતો. હૉલ કવિતા-રસિયા લોકોથી ચિક્કાર ભરાઈ ગયો હતો. સમય થયો એટલે સ્ટર્લિંગ સ્ટેજ તરફ ચાલ્યો. પણ લથડિયાં ખાય. પગ સ્થિર રહે નહિ. માંડમાંડ માઈક સુધી પહોંચ્યો અને કવિતાનાં કાગળિયાં ગજવામાંથી કાઢવા લાગ્યો. પણ જેના પગ સ્થિર ન હોય તેના હાથ પણ સ્થિર ન જ રહે ને ! કાગળિયાં એના હાથમાંથી પડી ગયાં. એણે વાંકા વળીને કાગળિયાં વીણવા માંડ્યાં. પરંતુ એક ઉપાડે ત્યાં બીજું પડી જાય અને બીજું ઉપાડે ત્યાં પહેલું પડી જાય, એવી દશા થઈ.

આખરે એક સજ્જને બધાં કાગળિયાં ભેગાં કરીને એના હાથમાં પકડાવ્યાં.

સ્ટર્લિંગને ગળે એકાએક શોષ પડવા લાગ્યો. એણે પાણી મંગાવ્યું. પાણી આવ્યું. સ્ટર્લિંગે એક હાથે જગ પકડ્યો, બીજા હાથમાં પ્યાલો પકડ્યો અને એમાં પાણી રેડવા કોશિશ કરવા માંડી. હાથ જરાય સ્થિર નહોતા. પાણી પ્યાલામાં પડવાને બદલે સ્ટેજ ઉપર ઢોળાવા લાગ્યું !

કહેવાની જરૂર નથી કે એ દિવસે કવિતા-વાચનનો કાર્યક્રમ નિષ્ફળ ગયો !

આ સ્ટર્લિંગના મગજ ઉપર દારૂએ ભૂંડી અસર કરવા માંડી હતી. એને ખરાબ અને હિંસક વિચારો આવતા. ઘણી વાર જિંદગી ઉપર પણ કંટાળો આવી જતો.

અને જિંદગી ઉપરના એવા જ કંટાળાના એક દિવસે એણે ઝેર પી લીધું! આપઘાત કર્યો.

આ થઈ ચેલાની વાત.

એના દારૂ-ગુરુ એમ્બ્રોઝ બીઅર્સની વાત હવે જોઈએ. અંગ્રેજી ભાષાના સર્વશ્રેષ્ઠ કવિઓમાં એની ગણતરી થતી. પણ દારૂ ધીરેધીરે એની બુદ્ધિ બગાડી રહ્યો હતો. એ નાસ્તિક બનતો જતો હતો. નાસ્તિક બનવું ખોટું નથી. પણ આ તો શેતાનનો ભક્ત બનતો જતો હતો ! શ્રદ્ધાળુ લોકોનો ધર્મ કેટલાક સદ્‌ગુણોનો હિમાયતી હોય છે. શેતાનનો ધર્મ તો ભૂંડાંમાં ભૂંડાં કામો કરવા પ્રેરે છે.

એમ્બ્રોઝ બીઅર્સે 'શેતાનનો શબ્દકોશ' નામનો એક ગ્રંથ લખ્યો. એમાં બધા અવળચંડા વિચારો જ હતા. એમાં માણસને બળદ અને બકરીની વચમાંનું પ્રાણી ગણવામાં આવ્યો છે !

વળી એ શ્રદ્ધાળુ માનવીને મૂર્ખ અને નામર્દ ગણતો.

જો કે એની પોતાની મર્દાનગી ભૂંડા વિચારોનો પ્રચાર કરવામાં અને દારૂ પીવામાં સમાઈ જતી હતી !

એ પીતો રહ્યો. ખૂબ પીતો રહ્યો. શરીર નંખાઈ ગયું. જીવવું મુશ્કેલ થઈ પડ્યું અને મોત મળતું નહોતું. નાણાં બધાં ખતમ થઈ ગયાં હતાં. રહેવાનું ઠેકાણું નહોતું. દુખતા દેહને માટે દવા ખરીદવાના પણ પૈસા નહોતા. એ દેશભરમાં ભિખારી હાલતમાં રખડતો રહ્યો.

અંતે એ ક્યાં મરી ગયો, એનીય કોઈને ખબર ન પડી ! એની પાછળ આંસુ સારનારું કોઈ નહોતું. એની કબર ઉપર શિલા ઊભી કરનારું પણ કોઈ નહોતું.

કેટલું ભયંકર મોત !

# 'વિલાયતી દવા નહિ લઈએ !'

એક સામાન્ય આદમીની આ અમૃતકથા છે.

ગુજરાતના મેવાસ વિસ્તારનું એક ગામ છે. ત્યાં લગભગ ૯૦ વરસની ઉંમરના એક મેમણ વૃદ્ધ રહે છે. એમનું નામ ગની લાખા છે. ગામના લોકો એમને ગની ચાચાના વહાલસોયા નામથી પોકારે છે.

આ ગની ચાચાનો ધંધો ખેતીનો છે. આટલી ઉંમરે પણ તેઓ ખેતીનું કામ સંભાળે છે.

કારણ ?

કારણ કે ચાચાનો એકનો એક દીકરો નાની ઉંમરે ગુજરી ગયો છે. આટલું ઓછું હોય તેમ પુત્રવધૂ પણ પતિની પાછળ સંચરી છે અને ત્રણ નાનકડી દીકરીઓ વૃદ્ધ ગની ચાચા અને એમનાં પત્નીને સહારે રહી ગઈ છે. ચાચા-ચાચીને ઢળતી ઉંમરે દીકરીઓને ઉછેરવાની જવાબદારી આવી પડી છે. પરંતુ ચાચા અને ચાચી જે સ્થિતિ આવી પડી છે તેને હસતે મોંએ નિભાવ્યે જાય છે. મૂડીના વ્યાજ જેવી ત્રણ પૌત્રીઓને તેઓ ખૂબ હેતથી ઉછેરે છે. ઢળતી ઉંમર છે. પૌત્રીઓને પરણાવી-પહટાવી શકાશે કે નહિ, એની ચિંતા છે. ખુદાને માથે શ્રદ્ધા રાખીને પોતાની ફરજ બજાવ્યે જાય છે.

એટલામાં એક વાર ગની સાચા બીમાર પડ્યા. પેટ બગડી ગયું. કશું અનાજ ખવાય નહિ. પાણી પીએ તો પણ ઊલટી થઈને નીકળી જાય. તાવ છે. અશક્તિ આવી ગઈ છે. ખાટલામાં બેસી પણ શકાતું નથી. બસ, સૂઈ રહે છે અને ખુદાની બંદગી કરે છે.

ચાચી પણ બાજુમાં બેસીને બંદગી કરે છે.

આ ગામમાં એક સમાજસેવક ભાઈ રહે. એમને ચાચાની બીમારીના સમાચાર મળ્યા. એ પણ જાણવા મળ્યું કે ગામમાં સરકારી દવાખાનું હોવા છતાં ચાચા દવા મંગાવતા નથી.

આ ભાઈ ચાચાને ઘેર ગયા અને ચાચીને કહેવા લાગ્યા, ''ચાચી, તમે ગની ચાચા માટે દવા કેમ મંગાવતાં નથી ? પૈસાટકાની ચિંતા કરશો નહિ. અમે બેઠા છીએ.''

પણ ચાચીએ જવાબ આપ્યો, ''ભાઈ, અમે કદી વિલાયતી દવા લેતા નથી. દેશી વૈદક ઉપર જ આધાર રાખીએ છીએ.''

સેવક ભાઈએ પૂછ્યું, ''કેમ ?''

ચાચી કહે, ''વિલાયતી દવામાં તો શરાબ આવે છે, અને અમે શરાબ લઈ શકીએ નહિ.''

ભાઈ કહે, ''ચાચી, દરેક વિલાયતી દવામાં કાંઈ શરાબ આવતો નથી. અને થોડોક આવતો હોય તો માંદગીમાં થોડોક શરાબ લેવામાં કશો વાંધો નથી.''

ત્યારે ચાચીએ જે જવાબ આપ્યો તે સમજવા જેવો છે. એ બોલ્યા, ''ભાઈ, અમે અભણ લોકો છીએ. એટલે કઈ દવામાં કેટલો શરાબ છે એની અમને કાંઈ ખબર ન પડે. અને ભૂલથીય એકાદ ટીપું શરાબ અમારા પેટમાં પહોંચી જાય તો અમે ધર્મ ચૂકી જઈએ.''

આ ભાઈ જ્યારે ચાચીને વિલાયતી દવા લેવા સમજાવી શક્યા નહિ ત્યારે એ ગની ચાચા તરફ વળ્યા. પણ ગની ચાચા બોલ્યા, ''ભાઈ, જિંદગી તો ખુદાને આશરે છે. દવાદારૂ લઈને ખુદાનો ગુનેગાર નહિ બનું !''

આટલા સાધારણ માણસો પણ સમજે છે કે દારૂનું એક ટીપું

પણ માણસને શેતાનના ખોળામાં લાવી મૂકે છે.

## બાપે દીકરાને વેચ્યો, પણ.....

ગુજરાતના એક નાનકડા ગામડાની આ તદ્દન સાચી કથા છે.

એ ગામમાં એક ખેડૂત રહે.

ખેડૂત ઘરનો સુખી હતો. ઘર હતું, ખેતર હતાં, બળદ હતા, હર્યું-ભર્યું કુટુંબ હતું.

પરંતુ એ સુખ એનાથી જિરવાયું નહિ. કોઈ દુષ્ટ લોકોની સોબતે ચડીને એણે દારૂ પીવાનું શરૂ કર્યું.

પછી તો એણે એક એક કરીને તમામ ખેતર, ઢોર, ગાય, બળદ વેચી નાખ્યાં. દીકરીનાં લગ્ન માટે દેણું કરેલું, પણ એ દેણું ભરવાની એનામાં તાકાત નહોતી.

એટલે એણે શું કર્યું, ખબર છે ? જે શેઠ પાસેથી નાણાં લીધાં હતાં એને ત્યાં દીકરાને ગુલામ તરીકે રાખ્યો. દીકરાને વેચ્યો ! જ્યારે એ દેવું ચૂકવે ત્યારે જ દીકરો એ ગુલામીમાંથી છૂટે !

આ વાત શહેરોમાં વસતાં લોકોને કદાચ નવાઈ જેવી લાગશે, પરંતુ આપણાં ગામડાંઓમાં હજુ આજે પણ આમ બને છે. નીચ શાહુકાર લોકો થોડાંક નાણાંના બદલામાં ગામડાના ગરીબ લોકોનાં પુત્ર-પુત્રીઓને ખરીદી લે છે અને પછી આ બાળકો જિંદગીભરનાં ગુલામ બની જાય છે. એટલા માટે જ આપણી સરકારે શાહુકારોનાં દેણાં નાબૂદ કરતો કાયદો ઘડેલો.

ખેર, આ છોકરો પણ શેઠને ત્યાં વેચાયો, અને એનો બાપ

જીવ્યો ત્યાં સુધી એ શેઠનો ગુલામ જ રહ્યો. બાપ કદી એને ગુલામીમાંથી છોડાવવા પૂરતું કમાયો નહિ, અને જે કાંઈ કમાયો તે એણે દારૂમાં વેડફી નાખ્યું.

પછી બાપ મરી ગયો. મા મરી ગઈ. અને શેઠને ત્યાં આ છોકરો મોટો થયો. કિશોર મટીને જુવાન થયો ત્યારે એને પોતાની હાલત બહુ જ સાલવા લાગી. એને પહેલાં તો એ સમજાયું કે દારૂ પીવાથી માણસ હેવાન બની જાય છે અને પોતાનાં સંતાનોને વેચતાં પણ અચકાતો નથી. એટલે એણે તો દારૂને કદી અડકવું પણ નહિ એવી પ્રતિજ્ઞા કરી.

બીજી વાત એને એ સમજાઈ કે પ્રમાણિકપણે મહેનત કરનાર કદી દુઃખી થતો નથી. એ પોતે પ્રમાણિક હતો. શેઠનાં કામ જાનને જોખમે પણ કરતો. આથી શેઠ એના પર ખુશ થયા. અને આખરે અમુક નાણાં હપતેહપતે ચૂકવી આપવાની શરતે શેઠે એને ગુલામીમાંથી છૂટો કર્યો.

આ જુવાન તો છૂટો થતાં જ સખત મહેનત કરવા લાગ્યો. એણે પેલા શેઠનાં જ ખેતર ભાગ ઉપર વાવવાનું શરૂ કર્યું. જે કાંઈ પાકે એમાંથી શેઠનો જમીનદાર તરીકેનો ભાગ આપે, પોતાનો હપતો ચૂકવે, અને જે બાકી રહે એમાંથી સાદાઈથી રોટલો ખાય.

એની સારી મહેનત જોઈને ગામના બીજા લોકોએ પણ પોતાની જમીન એને ભાગ ઉપર ખેડવા આપવા માંડી.

ધીરેધીરે આ જુવાનની દશા વળી. એ સુખી થયો.

આ ખેડૂત જ્યારે ગુલામીમાંથી છૂટ્યો ત્યારે એની ઉંમર ૧૫-૧૭ વરસની હતી. આજે ૭૦ વરસ જેટલી એની ઉંમર છે. એની પાસે એની પોતાની ૧૦ વીઘા જેટલી જમીન છે. એના કુટુંબમાં ૧૭ માણસો છે. સૌ હળીમળીને આનંદ કરે છે.

એ પોતાની દિનચર્યા વિષે કહે છે કે અમે બધા મળસ્કે ચાર વાગે ઊઠી જઈએ છીએ અને કામ ઉપર ચડીએ છીએ. થાક લાગે તો જરાક ગરમ પાણીએ નાહી લે છે અથવા શેક કરી લે છે. પરંતુ દારૂ-તાડીનું તો નામ સુધ્ધાં લેતા નથી. ગામમાં કેટલાક લોકો હજુ એવા છે ખરા કે જે આ ખેડૂતને કહે છે કે દારૂ પીએ તો થાક ઊતરી જાય. પરંતુ આ ખેડૂત એમને કહે છે કે એથી થાક તો નથી જ ઊતરતો પણ દેવાં ચડી જાય છે !

આ ખેડૂતે છેલ્લાં પચાસ ઉપરાંત વરસમાં દાક્તર કે વૈદનું મોઢું જોયું નથી અને દવા લીધી નથી. આખા કુટુંબમાં કોઈને દવાની જરૂર પડી નથી. મહેનત એ જ એમની દવા છે. જે મહેનત કરે છે એનું શરીર આપોઆપ તંદુરસ્ત રહે છે.

આ ખેડૂતની કથા યાદ રાખવા જેવી છે. એના બાપે દારૂ પીને ઝેરનો માર્ગ લીધો, દીકરાએ દારૂ છોડીને અમૃત જેવું જીવન બનાવ્યું.

# સાચી મર્દાનગી

સૌરાષ્ટ્રના હરમડીઆ ગામની આ સાચી કથા છે.

ત્યાં ખાંટ નામની લડાયક કોમની વસતી ઘણી. આ લોકો જરા માથાભારે ગણાય. વાત વાતમાં વઢી પડે અને લોહી રેડે.

અને જુગાર-દારૂના પણ પૂરા ભક્ત.

આ ગામે એક લોકસેવક ભાઈ આવ્યા. એમણે સૌને સમજાવવા માંડ્યા કે ભાઈ, આ દારૂ જ બધી બદીઓના મૂળમાં છે. એને કારણે મહેનત નથી થઈ શકતી, પ્રમાણિક રોટલો નથી રળી શકાતો, અને એટલે જ જુગારમાં જીતીને અથવા લૂંટફાટમાં પડાવીને પૈસો

મેળવવાનું મન થાય છે.

ઘણી સમજાવટ પછી આ ભાઈ ચાર ખાંટ જુવાનોને સમજાવવામાં સફળ થયા.

ગોકુળઆઠમનો તહેવાર હતો. સેવક ભાઈએ પેલા ચાર ખાંટ જુવાનોને કહ્યું : ''આજે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મદિવસ છે. આજે માની જાવ. નશો નહિ કરવાની પ્રતિજ્ઞા લો.''

જુવાનો થોડુંક સમજેલા તો હતા જ. એમણે મંદિરમાં જઈને ભગવાનની મૂર્તિ સામે પ્રતિજ્ઞા લીધી : ''હવે દારૂ નહિ પીએ.''

એ વેળા મંદિરમાં કેટલાક ગામલોકો હાજર હતા. એમણે આ સેવક ભાઈની મશ્કરી કરી : તમે નકામા વખત બગાડો છો. જેમ વાંદરો ઘરડો થાય તોય ગુલાંટો ખાવાનું ન ભૂલે એમ આ માથાભારે જુવાનો નશો કરવાનું ભૂલવાના નથી !

અને ખરેખર બન્યું પણ એમ જ. પેલા ચારમાંથી ત્રણ જણા તો એક જ અઠવાડિયામાં પાછા દારૂની લતે ચડી ગયા. રહ્યો એક રૂખડ નામનો જુવાન. એ તો કહે કે ભગવાનની સાક્ષીએ જે પ્રતિજ્ઞા લીધી છે તે મારાથી કોઈ કાળે તોડી નહિ શકાય.

એ વાતને સાતેક મહિના થયા હશે ત્યાં તો પેલા ત્રણમાંથી એક મરી ગયો. કદાચ દારૂમાં ઝેર આવ્યું હશે.

અને એ પછી લગ્નોની મોસમ આવી.

રૂખડભાઈને એક જાનમાં જવાનું થયું. પેલા બે દારૂડિયા દોસ્તો પણ સાથે જ જવાના હતા. એમણે સેવક ભાઈને કહ્યું, ''હવે જુઓ મઝા ! રૂખડભાઈ પાછા આવશે ત્યારે અમારામાં ભળી ગયા હશે. ભલા આદમી, જાનમાં આવે અને દારૂ ન પીએ એ તો નામર્દ કહેવાય,

નામર્દ !''

સેવક ભાઈ સમસમી ગયા. મર્દાનગીની આ અવળી વ્યાખ્યા સાંભળીને થોડાક ડઘાઈ ગયા. લમણે હાથ દઈને બેઠા.

રૂખડની આ કસોટી હતી. જો આ એક કસોટીમાંથી એ પાર ઊતરે તો પછી વાંધો નહિ.

એમણે રાહ જોવા માંડી.

આ બાજુ તો જાનનાં ગાડાં ઊપડ્યાં.

ગાડાં ગામની ભાગોળે પહોંચ્યાં હશે ત્યાં જ દારૂનાં માટલાં ખાલી થવા લાગ્યાં. સૌ જુવાનો એકબીજાને આગ્રહ કરી કરીને પ્યાલીઓ પાવા લાગ્યા. ન પીએ એક રૂખડભાઈ.

એમને તો મેણાં મળવા લાગ્યાં :

- નમાલો છે !

- ભાઈબંધીમાં કાંઈ સમજતો નથી !

- હાથ પાછો ઠેલે છે !

- વેણ રાખતો નથી !

- અલ્યા, મોટેરાંઓનુંય માન સાચવતો નથી.

પરંતુ રૂખડભાઈ તો મરકમરક હસે અને ભગવાન શ્રીકૃષ્ણનું નામ દે. બોલે કે મેં ભગવાન સામે પ્રતિજ્ઞા લીધી છે.

આખરે વરનો મામો આવ્યો અને આગ્રહ કરવા લાગ્યો કે મારું કીધું તો તારે માનવું પડશે.

છતાં રૂખડ મક્કમ રહ્યો.

એ તો મરકમરક હસતો સૌની બગડતી હાલત જોઈ રહ્યો. થોડી જ વારમાં સૌ છાકટા બનીને અંદરોઅંદર લડવા લાગ્યા. જબરું ધીંગાણું મચી ગયું. કેટલાયને વાગ્યું.

બચી ગયા એક રૂખડભાઈ.

એમણે જે જોયું એનાથી એમનું મન ઊલટાનું વધુ મક્કમ બન્યું.

પછી તો વરસો વીતી ગયાં. એમની સાથે પ્રતિજ્ઞા લઈને તોડનારા પેલા બે જુવાનો પૈસેટકે ખુવાર થઈ ગયા. ભિખારીની હાલતમાં આવી પડ્યા.

રૂખડભાઈ આજે પૂરેપૂરા તંદુરસ્ત છે. ઘર છે, ખેતર છે, વાડીમાં પાણી માટે પમ્પ મુકાવ્યો છે. લીલાલહેર કરે છે.

એમણે પેલી પ્રતિજ્ઞા કદી તોડી નથી. સાચી મર્દાનગી તો એમની ! પેલા મર્દાનગીના ભ્રમમાં ખુવાર થનારાની નહિ !

## ગુલામ જાગ્યો, દારૂ ભાગ્યો !

સુરત જિલ્લામાં રાનીપરજ નામની એક કોમ વસે છે.

તે એક આદિવાસી કોમ છે. ઘણી જ ભલીભોળી છે. આથી ત્યાંના જમીનદારો અને શાહુકારોએ તેની સ્થિતિ ગુલામ જેવી બનાવી મૂકેલી. વીસમી સદીની શરૂઆતમાં કેટલાક દેશસેવકોએ તેમને કેળવવાનું કામ ઉપાડી લીધું ત્યાર પછી કોમની સ્થિતિ જરાક સુધરી.

એ કોમ જ્યારે જાગ્રત થઈ રહી હતી એ સમયની વાત છે.

ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાની નીચે બારડોલીનો સત્યાગ્રહ ચાલતો હતો. લોકોએ અંગ્રેજ સરકાર સામે અહિંસક લડત શરૂ કરી હતી. અને એ લડતના એક ભાગરૂપે દારૂ-તાડી સામે પણ આંદોલન ઊપડ્યું હતું. રાનીપરજ ભાઈઓના મનમાં વસી ગયું હતું કે દારૂ-તાડીએ આપણું સત્યાનાશ વાળ્યું છે.

એટલે એમણે દારૂનાં પીઠાં અને તાડીની દુકાનો સામે સત્યાગ્રહ શરૂ કર્યો.

એ વેળા દારૂ-તાડીનો લગભગ આખોય ધંધો પારસીઓના હાથમાં હતો. એ ઝેર વેચીને તેઓ ખૂબ પૈસાદાર બન્યા હતા અને માથાભારે તો એવા બની ગયા હતા કે રાનીપરજ લોકોને કીડી-મકોડીની જેમ મારી નાખતાં અચકાય નહિ.

રાનીપરજ લોકો પણ દારૂની લતને કારણે એવા દબાઈ ગયેલા કે પારસીઓની સામે ચૂં કે ચાં કરી ન શકે.

પરંતુ વલ્લભભાઈ અને રવિશંકર મહારાજ જેવા આગેવાનોની પ્રેરણાથી કેટલાક રાનીપરજ જુવાનોએ દારૂ છોડી દીધો. અને એ છોડતાં જ એમનામાં કેવી હિંમત ને મર્દાનગી આવી ગઈ તેની એક સરસ અમૃતકથા છે. આ કથા રાનીપરજ અને એવી પછાત કોમોની સેવામાં આખું જીવન ખર્ચી નાખનાર આપણા લોકસેવક બબલભાઈ મહેતાએ લખેલી છે.

વ્યારા તાલુકાના કેટલાક દાંડ પારસીઓએ જાગ્રત થઈ રહેલી રાનીપરજ કોમને ફફડાવી મૂકવા માટે એક ઘાટ ઘડ્યો હતો. રાનીપરજ પ્રદેશમાં એવો રિવાજ છે કે ૮-૧૦ ગામ વચ્ચે અઠવાડિયે એક હાટવાડો ભરાય. જે લોકોને પોતાનો માલ વેચવો હોય તે ત્યાં આવે અને જેમને ખરીદી કરવી હોય એ પણ ત્યાં આવે. મોટે ભાગે

આવો હાટવાડો ભરાતો હોય એની નજીકમાં જ એકાદ ઝાડ નીચે પારસીઓ પોતાનું દારૂ-તાડીનું પીઠું ખોલે. નજીકમાં પાણી પીવા કે ઝાડને છાંયે બેસવા આવે ત્યારે એમને દારૂ ખરીદવાનું કહેવામાં આવે. એમને ખેંચવા માટે ઢોલક અને નાચનું આકર્ષણ પણ ગોઠવવામાં આવે.

આવી બધી ગોઠવણ વ્યારાના આ પારસી પીઠાવાળાએ પણ કરી હતી. સાથેસાથે એક રાનીપરજ બાઈને બે આના આપીને એને દારૂ ખરીદવાનું પણ સમજાવ્યું હતું. એને એવું શીખવવામાં આવેલું કે જો કોઈ સત્યાગ્રહીઓ તને દારૂ ખરીદવા જતી રોકે તો તારે હાથમાં રાખેલું ખાલી ઢોચકું તોડી નાખવું અને રડવા લાગવું. પછી અમે જોઈ લઈશું.

બે આના એટલે આજના બાર પૈસા. આટલા પૈસાને ખાતર પેલી ગરીબ બાઈએ આ બધું નાટક ભજવ્યું.

પારસી જુવાનિયાઓ તો આવી જ રાહ જોતા બેઠા હતા. એ તો સોટીઓ લઈને સત્યાગ્રહ કરનાર અને નહિ કરનાર બધાની પાછળ ફરી વળ્યા. રાનીપરજ કોમ પારસી લોકોથી એટલી દબાઈ ગયેલી કે સો રાનીપરજ લોકો હોય છતાં એક પારસીથી ડરે. સોટીઓ પડવા લાગી એટલે બૂમ પડી કે ‘પારહો મારે હે’ (પારસી મારે છે), અને લોકો નાસવા લાગ્યા.

પરંતુ એમની વચ્ચે એક રાનીપરજ જુવાન પણ હતો. એ થોડુંક ભણેલો. એણે દારૂ-તાડી પીવાનું સદંતર બંધ કરેલું. સરદારનાં ભાષણ પણ એણે સાંભળેલાં.

તેણે બધાને નાસતા જોઈને બૂમ મારી, “અરે, નાહો સો હું ? મારો ને પારહાને !” (નાસો છો શું ? મારો ને પારસીને !)

આટલું બોલીને એણે એક પારસીના હાથમાંથી લાકડી ઝૂંટવી લઈને એને જ ઝૂડવા માંડ્યો. આ જોઈને નાસવા લાગ્યા હતા તે રાનીપરજ થોભ્યા અને પેલા એકની સાથે પારસીઓની ઉપર તૂટી પડ્યા. પારસીઓ તો દોડતાદોડતા ભાગીને છાપરામાં ભરાઈ ગયા.

સેંકડો વરસના ઈતિહાસમાં પહેલી જ વાર રાનીપરજે પોતાને વગર વાંકે મારનાર સામે હાથ ઉગામ્યો. ગુલામ હતા તે બહાદુર બંકા બની ગયા.

દારૂ છોડવાને પ્રતાપે.

## 'તમે ગ્રાહક હતા !'

શરાબખોરી અંગે એક રમૂજી અને છતાં સમજવા જેવી કહાણી છે.

આ કહાણી તદ્દન સાચી છે.

તમે અબ્રાહમ લિંકનનું નામ તો સાંભળ્યું કે વાંચ્યું જ હશે. ઓગણીસમી સદીની અધવચ્ચે તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ હતા. ગુલામીની પ્રથા સામે એમણે મોટી જેહાદ ચલાવેલી અને અમેરિકાના લાખો હબસી ગુલામોને મુક્ત કરેલા.

એમના જ સમયમાં અમેરિકાનાં ઉત્તર અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે લડાઈ થઈ ગયેલી. એને કારણે અમેરિકાના ભાગલા પડી જાય એવી સ્થિતિ આવેલી. ત્યારે ભારે કુનેહપૂર્વક લિંકને દેશની એકતા ટકાવી રાખેલી.

આ બે મુખ્ય કામો ઉપરાંત માનવતા, દયાળુતા અને

ઉદારતાનાં એમનાં અનેક કામો આજે તો દરેક અમેરિકી બાળકને માટે જીવંત વારસારૂપ બની ગયાં છે.

આ લિંકન યુવાન હતા ત્યારની એક કહાણી છે.

તેઓ ધીરેધીરે રાજકારણમાં આગળ આવી રહ્યા હતા. પહેલાં તો રાજ્યની ધારાસભામાં અને પછી દેશની ધારાસભામાં ચૂંટાયા હતા. એ પછી એમણે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઝુકાવ્યું હતું.

અમેરિકા દેશમાં એ દિવસોમાં પણ લોકશાહી ઠીકઠીક સ્થિર થઈ હતી. એટલે ઘણી વાર તો ચૂંટણીના ઉમેદવારોને એક જ મંચ ઉપર ભેગા કરીને એમની પાસે ચર્ચા કરાવવામાં આવતી. એ ચર્ચામાં જે સારી દલીલો કરી શકે એની લોકોમાં સારી છાપ પડતી અને એને માટે ચૂંટણી જીતવાની તકો સારી રહેતી.

આવી એક ચર્ચાસભા લિંકન અને એમના હરીફ ડગલાસ વચ્ચે યોજવામાં આવી.

ડગલાસ ઘણા ઉતાવળિયા સ્વભાવનો માણસ હતો. ચર્ચા દરમિયાન જ્યારે એની પાસે વિચારપૂર્વકની દલીલો ખૂટી પડી ત્યારે એ વ્યક્તિગત ટીકાટિપ્પણ ઉપર ઊતરી આવ્યો.

એણે લિંકનની ગરીબી અને એમની નોકરીઓની વાત કરતાં કહ્યું, "મિસ્ટર લિંકન ! શું એ સાચી વાત છે કે તમે એક દુકાનમાં દારૂ વેચતા હતા ?"

આવી દલીલ કરીને ડગલાસનો હેતુ લિંકનને ઉતારી પાડવાનો હતો. લિંકન તો દારૂની એક દુકાનનો વાણોતર હતો, એવું એ લોકોના મનમાં ઠસાવવા માગતો હતો.

પણ લિંકન ક્યાં કમ હતા ?

એમણે ડગલાસને જડબાતોડ જવાબ આપી દીધો :

“મારી ગરીબ દશાને કારણે હું દારૂની દુકાને નોકરી કરતો હતો એ સાચું. આખું અમેરિકા જાણે છે કે હું કદી દારૂ પીતો નથી. પણ અમેરિકાને એ વાતની કદાચ ખબર નહિ હોય કે એ વેળા દારૂના સૌથી મોટા ઘરાક તમે હતા. આજે પણ તમે દારૂની દુકાનોના મોટા ઘરાક છો !”

ખલાસ !

ડગલાસની દલીલમાંથી હવા નીકળી ગઈ. એટલું જ નહિ, પ્રજા સમજી ગઈ કે આ તો દારૂડિયો છે ! એને ચૂંટી મોકલવાથી નુકસાન જ થશે.

ચૂંટણીમાં લિંકન જીતી ગયા.

# શુભ વિચારો રાખો

આપણે આપણા જ વિચારો વડે આપણાં શરીરની રચના કરીએ છીએ; અને આપણા નિરંતરના વિચારો તથા આપણા વડીલોના વિચારો પ્રમાણે જ આપણાં શરીર સ્વચ્છ અથવા અસ્વચ્છ, રોગિષ્ટ અથવા નીરોગી બને છે. કેટલાક માણસોએ આ અતિ મહત્ત્વનો પાઠ શીખી આગ્રહપૂર્વક ખરી વિચારપ્રણાલી સ્વીકારીને પોતાના ચહેરા અને જીવનમાં એવું પરિવર્તન કરી નાખ્યું છે કે કોઈ ભાગ્યે જ તેમને ઓળખી શકે. તેમણે પોતાના શંકાશીલ તથા ભય અને ચિંતાથી કદરૂપા બનેલા અને ઉદ્વેગ તથા પાપાચારથી ભ્રષ્ટ બનેલા ચહેરાને પલટાવી તેને આશા, ઉલ્લાસ અને આનંદનો પ્રકાશ પ્રસરાવનાર બનાવી દીધો છે.

વિચારોનો વિકાસ આપણા શારીરિક નાશને પણ અટકાવે છે. જ્યાં સુધી આપણે મનનો વિકાસ કરતા રહીએ છીએ; એટલે કે આપણે નવીન અને પ્રગતિકારક બાબતોનો વિચાર કરતા રહીએ છીએ ત્યાં સુધી હ્રાસ કરનારી, નાશ કરનારી, વૃદ્ધાવસ્થા લાવનારી અને અવનત કરનારી ક્રિયાઓ આપણાં શરીર પર અસર કરતી નથી.

– ઓરિસન સ્વેટ માર્ડન